# મહાત્માજીની વાતો

લેખક:

મહાત્મા મોહનદાસ કરમચંદ ગાંધી

શ્રી અધ્યાત્મજ્ઞાન પ્રસારક કાર્યાલય.

અમદાવાદ

गूजरात विद्यापीठ ग्रंथालय

[ गुजराती कॉपीराईट विभाग ]

अनुक्रमांक ૧૦૬૪૪ वर्गांक

पुस्तकनुं नाम મરાઠાઓની વાતો

विषय (B): ૯..૩

શ્રી અધ્યાત્મજ્ઞાન પ્રસારક ગ્રંથમાળાનું પુસ્તક ૨ જું.

# મહાત્માજીની વાતો

ઉપદેશક અને સુબોધ આપનાર વાતોનો સંગ્રહ

લેખક

મહાત્મા મોહનદાસ કરમચંદ ગાંધી.

પ્રકાશક

જેઠાલાલ દેવશંકર દવે.

તંત્રી ભાગ્યોદય અને હુન્નરવિજ્ઞાન

સંપાદક

અધ્યાત્મજ્ઞાન પ્રસારક કાર્યાલય.

અમદાવાદ.

સર્વાધિકાર સ્વાધિન.

પ્રથમ આવૃત્તિ સને ૧૯૨૩

મૂલ્ય રૂ. ૧—૮—૦

ગુજરાત વિધાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
ગુજરાતી કૉપીરાઈટ
૧૦૬૪૭

શ્રી ભાગ્યોદય પ્રીન્ટીંગ પ્રેસમાં
જેઠાલાલ દેવશંકર દવેએ છાપી
અને
શ્રી અધ્યાત્મજ્ઞાન પ્રસારક કાર્યાલય માટે પ્રસિદ્ધ કર્યું
અમદાવાદ--ખાડીયા.

# પ્રસ્તાવના.

અધ્યાત્મજ્ઞાન પ્રસારક ગ્રંથમાળાનું આ બીજું પુસ્તક બહાર પાડતાં અમને અત્યંત આનંદ થાય છે. આ પુસ્તકમાં આવેલી વાતો મહાત્મા ટૉલ્સ્ટોયની લખેલી છે. તેને ગુજરાતીમાં મહાત્મા મોહનદાસ કરમચંદ ગાંધીજીએ આફ્રીકામાં છપાવી હતી. તે ઉપરથી અમે મહાત્માજીની રૂબરૂમાં પરવાનગી લઇ આ વાતો ભાગ્યોદય માસીકમાં છાપી હતી, અને તેમાંથી એકત્ર કરી આ જુદા પુસ્તક રૂપે છપાવી પ્રકટ કરી છે.

આ પુસ્તકમાં સંગ્રહ કરેલી વાતો સત્યને રસ્તે ચઢાવનાર, જ્ઞાન આપનાર અને મનુષ્યના જીવનમાં ઉત્તમ ફેરફાર કરે તેમ હોવાથી તેને પુસ્તક રૂપે પ્રકટ કરી અધ્યાત્મજ્ઞાન પ્રસારક ગ્રંથમાળાના ગ્રાહકને આપવી યોગ્ય ધારી છે તેના લેખક મહાત્મા ગાંધીજી છે એટલે તેની પ્રશંસા કરવી વ્યર્થ છે.

આવી રીતે ગ્રંથમાળાના ગ્રાહકોને ઉપયોગી પુસ્તકો આપવાનો અમારો દૃઢ નિશ્ચય છે અને તે સસ્તી કિંમતે અપાતાં હોવાથી જન સમુદાયને તેના ગ્રાહક થવાથી ઘણો લાભ થવા સંભવ છે. તમે તમારા મિત્રોને તેના ગ્રાહક બનાવી યોગ્ય લાભ આપશો તો અમારો શ્રમ સાર્થક થશે.

અમદાવાદ.
અધ્યાત્મજ્ઞાન પ્રસારક
કાર્યાલય.
તા. ૬-૬-૧૯૨૩

જેઠાલાલ દેવશંકર દવે
સંપાદક
અધ્યાત્મજ્ઞાન પ્રસારક કાર્યાલય.

# અનુક્રમણિકા.


| | | |
|---|---|---|
| ૧ | સત્યવાન અને શિવદયાળની વાત. ... ... | ૧ |
| ૨ | જીવનદોરી કિંવા દેવદૂતના વાત ... ... | ૧૮ |
| ૩ | પ્રેમા પટેલની વાત કિંવા માણુસ કેટલી જમીનનો માલીક હોઇ શકે ? | ૪૬ |
| ૪ | મુરખરાજ અને તેના બે ભાઇઓની વાત ... | ૬૩ |



# શ્રી અધ્યાત્મજ્ઞાન પ્રસારક ગ્રંથમાળા

પોતાના ગ્રાહકોને અર્ધી કિંમતે જ્ઞાનનાં, ઉપદેશનાં અને અધ્યાત્મવિદ્યાનાં પુસ્તકો આપે છે. પ્રથમ પુસ્તક.

## શ્રીમદ્ શંકરાચાર્ય

છપાઇ ગયું છે અને તે દરેક ગ્રાહકને અપાઇ ગયું છે. તેની કીંમત રૂ. ૪—૦—૦ છે.

ગ્રાહક થનારે પ્રવેશ ફી રૂ. ૧—૦—૦ પ્રથમ આપવો પડે છે.

હવે પછી બહાર પડનાર પુસ્તકો.

તત્ત્વવિચાર દર્શન—પ્રથમ દર્શન, ભારતના સિદ્ધ પુરુષો, યોગ વિદ્યા વિગેરે છપાય છે. જેમ જેમ છપાશે તેમ તેમ ગ્રાહકોને અર્ધી કિંમતે વી. પી. થી મોકલાશે.

સંપાદક—અધ્યાત્મજ્ઞાન પ્રસારક કાર્યાલય,

અમદાવાદ.

વગર મુડીએ અને વગર મહેનતે ધનવાન થવું હોય તો મંગાવો.

# ધનવાન [ ચોથી આવૃત્તિ. ]

જો તમે ઘણા ઘણા ધંધા કરવા છતાં પણ દમડી દેખતા ન હો, વેપાર ધંધા કે બીજા ઉદ્યોગમાં ધારેલો લાભ ન થતો હોય; ખેતીમાં વીસ પચીસ ઘણું પકવવાની ઇચ્છા હોય, હુન્નરકળાનું સર્વોત્તમ જ્ઞાન મેળવી કળાકુશળ બનવું હોય, કોઇપણ ધંધાની સાથે હજારો રૂપિયા સહેલાઇથી કમાઇ શકાય એવી શોધોને શીખવાની ઇચ્છા હોય, અને આજ જન્મમાં લાખો અને કરોડો ધનના સ્વામી બનવું હોય તો આજેજ આ પુસ્તક મંગાવી ઉપયોગ કરજો આ પુસ્તકના ઉપયોગીપણાના હજારો સરટીફીકેટ મળ્યાં છે. તેની અંદર તેર ભાગમાં ૧૬૦ પ્રકરણોમાં તમામ પ્રકારના જ્ઞાન નો શોધોનો અને કળાઓનો ક્રમવાર સમાવેશ કરવામાં આવ્યો છે. કીં.રૂ.૧૦

ભાગ ૧ લો—ધનનું મહત્વ જેમાં ૨૦ પ્રકરણ છે. ભાગ ૨ જો-જેમાં ૩૦ પ્રકરણ છે. જેમાં ધનવાન થવાને કેવી યોગ્યતા પ્રાપ્ત કરવી તે છે. ભાગ ૩જો-ધંધાની શોધ અને કયા ધંધાથી ધનવાન થવાય છે તે, ભાગ ૪થો—જુદા જુદા પ્રકારની નોકરની નોકરી કેવી રીતે પ્રાપ્ત કરવી તે, ભાગ ૫મો વેપાર-ધનવાન થઇ શકાય તેવા અનેક જાતના વેપારો. ભાગ ૬ ઠો ખેતી-જમીનનો કસ શી રીતે વધારવો. ખાતર કયા પ્રકારનું કઇ જમીનમાં કેટલું નાખવું વિગેરે. ઉપરાંત વરસાદ, પાણીની તંગાશ શી રીતે પુરી પાડવી, જુદી જુદી જાતનાં અનાજ, તથા મરી મસાલા વિગેરેનું વાવેતર ક્યારે કેવી રીતે કરવું કે જેથી પેદાશ દર વરસ કરતાં દસ કે વીસ ઘણી વધી શકે વિગેરે. ભાગ ૭મો—ખનીજ પદાર્થોથી ધનની વૃદ્ધિ—સોનું, રૂપું વિગેરે ધાતુ સંબંધી પ્રયોગો. ભાગ ૮મો ઝવેરાતનો વેપાર, ભાગ ૯મો—હુન્નર ઉદ્યોગ-તેમાં તમામ પ્રકારના રંગ બનાવવાની રીત, રંગો રસાયનિક રીતે બનાવવાની કળા, કાગળ બનાવવાનો ઉદ્યોગ, કાચનો ઉદ્યોગ, સાબુ બનાવવા, મિણબત્તી બનાવવાની ક્રીયા, ફોટોગ્રાફર બનાવવાનો ધંધો,સીમેન્ટ બનાવવાની ક્રિયા, વાર્નીશ, શાહી, બટનો, દીવાસળીઓ—સોનું અને રૂપું બનાવવાના ૪૦ પ્રયોગો, વીજળીની બેટરા બનાવવી. ગીલેટ કરવાની સોનેરી અને રૂપેરી ભૂકો બનાવવાની રીત, વિગેરે હજારો ઘેર બની શકે તેવા હુન્નરઉદ્યોગો કે જેમાંનો માત્ર એક જ હુન્નર હાથ કરી ધંધો કરનાર દર માસે હજારો રૂપિયા

કમાઈ શકે છે. ભાગ ૧૦ ઇંગ્લીશ દવાઓ—એસેન્સ, અર્ક, ટીંચર, પેટંટ દવાઓ, સારસાપરીલા,કોલેરા મીક્ચર, સીરપ હાઇપોફોસ્ફાઇટ ઓફ લાઇમ, ક્લોરો ફોર્મ, લાઇમ જ્યુસ, વીગેરે અનેક પેટંટ દવાઓ બનાવવાના નુસ્ખા ઘણા ખર્ચે મેળવી બહાર પાડયા છે. ભાગ ૧૧ આયુર્વેદીય દવાઓ—ક્વાથો, ચુર્ણો, ગોળીઓ, આસવો, ભષ્મો રસો, વિગેરે અનેક દેશી દવાઓ બનાવવાના નુસ્ખાઓ. ભાગ ૧૨ ધનવાન બનાવનાર આધ્યાત્મિક ઉપાયો.

ભાગ ૧૩ અનેક ગરીબમાંથી ધનવાન થયેલાનાં જીવનચરીત્રો વિગેરે ધનવાન બનાવનાર હજારો પ્રયોગોનો આ પુસ્તકમાં સંગ્રહછે. કીં.રૂ.૧૦

---

ઠાંશાના હેડમાસ્તર ભગવાનજી ભાણજી લખે છે કે:—ધનવાન પુસ્તક મનુષ્યને ઘણુંજ ઉપયોગી છે. જે માણસ તેનો ઉપયોગ કરે તે ધનવાન થયા વગર રહેજ નહિ. આમાંથી મેં પાંચ સાત હુન્નરની અજમાયશ લીધો જેમાં હું ઘણોજ ફતેહમંદ થયો છું. ને આપનો આભાર માનું છું. ધનુવાન તે ધનવાનજ છે. આ પુસ્તક ખરીદવાને દરેક માણસને ભલામણ છે.

છોટાઉદેપુરથી—અબ્દુલહુસેન શમશુદીન લખે છે કે-ધનવાન નામનું પુસ્તક તેની મહેનત જોતાં કીંમત રૂ. ૧૦ રાખી હોત તો પણ થોડી છે. આપે તે બનાવી દેશી ભાઇઓને ઉત્તેજન આપ્યું છે, આવું ગુણ ભરેલું ધનવાન પુસ્તક પાસે હોય ને ધંધો કરે તો ધનવાન થઈ શકાય તેમ છે.

ચીમડાણાથી અબ્બાસઅલી શેખ ઇબ્રાહીમજી લખે છે કે આપના ધનવાન પુસ્તકથી મને સારો લાભ થયો છે. આ હિસાબે તેની કીંમત રૂ. ૨૫) રાખી હોત તોપણ ઓછીજ હતી ગરીબ વર્ગને માટે આ પુસ્તક ઘણુંજ લાભદાયક છે. અને આ પુસ્તક ખરીદવા દરેકને મારી ભલામણ છે.

**વીનોદચન્દ્ર**—એક અતિ રસમયઅનેબોધક વાર્તા છે. આ પુસ્તકમાં સત્યનો જય અને અસત્ય, પ્રપંચ, વ્યભિચારાદિ દુર્ગુણોથી થતા વિનાશોનો એવો ચિતાર આપવામા આવ્યા છે કે ખરેખર વાંચનાર મનુષ્ય ગમે તેવો દુર્ગુણી હશે તોપણ તે સદ્ગુણી થશે કીં.રૂ.૧-૦

**તપસ્વી રાજકુમાર**—આ પુસ્તક વાંચવાથી અનેક અતિહાસિક બનાવો માણસોને આભા બનાવી દે છે, વાંચતાં તેને હાથમાંથી મૂકવું ગમતું નથી, મનુષ્યને આનંદમાં છક કરનાર ને બોધ આપનાર આ નવલકથા છે. કીં. રૂ. ૧—૮—૦

વ્યવસ્થાપક—ભાગ્યોદય—અમદાવાદ.

# ત્રિકાળદર્શક દર્પણ
યાને
# પ્રેતાવાહનવિદ્યા

આ પુસ્તકની ૧ આવૃત્તિ ૭ માસમાં ખપી જવાથી બીજી આવૃત્તિ હમણાંજ બહાર પડી છે. જેની અંદર પ્રા—૧—પ્રવેશ, ભાગ ૧ માં મેસ્મેરીઝમ અને હીપ્નોટીઝમ વિદ્યા, માર્જન કરી હીપ્નોટીઝમનો પ્રયોગ શી રીતે કરવો, ત્રિકાળજ્ઞાન શી રીતે મેળવવું અન્યને શી રીતે વશ કરવું. ભાગ ૨ માં યોગ વિદ્યા, જેમાં રાજયોગ, હઠયોગ, ઇશ્વરભક્તિ, યમ, નિયમ. આસન, પ્રાણાયમ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન, સમાધિ પ્રાપ્ત કરવી, અષ્ટસિદ્ધિ મેળવવાની કળા, મુદ્રાઓ વિગેરેનું વર્ણન, અને તેની સિદ્ધિ ભા—૩—માં ત્રિકાળદર્શક દર્પણ અને ત્રિકાળદર્શી આયના બનાવવાની વિદ્યા—દર્પણ બનાવવાની દવા અને તે જોવાની રીત, ત્રણકાળની વાત શી રીતે જાણવી ભા—૪ ત્રિકાળદર્શી વાટી બનાવવી, હજરત ભરવાની વિદ્યા. ભા—૫ પ્રેતાવાહનવિદ્યા—પ્રેતોને આવાહન કરી તેની સાથે વાતચીત કરવાની વિદ્યા ભા—૬ પ્લૅન્ચેટ બનાવવું અને ચલાવવું અને તે દ્વારા પુછેલા પ્રશ્નના જવાબ મેળવવા. ભા—૭ વશીકરણ વિદ્યા. ભા—૮ કોકશાસ્ત્ર અને રતીશાસ્ત્ર બ્રહ્મચર્ય, વીર્યપતન, શરીરરક્ષણ સ્ત્રીપુરુષના ભેદ, સ્ત્રીઓની પદ્મિની, ચિત્રણી, હસ્તીની, શંખીની એ જાતિ અને તેના લક્ષણો—કુમારી સ્ત્રીઓના બીજા ભેદ, જુદા જુદા દેશની સ્ત્રીઓ, સ્ત્રીઓની પરીક્ષા, પતિવ્રતા અને દુરાચારણી સ્ત્રીઓના લક્ષણો, પુરુષોના શશક, મૃગ, વૃષ અને અશ્વ એ વર્ગો અને તેના લક્ષણો ગૃહસ્થાશ્રમનો આનંદ, પ્રજોત્પત્તિ, પ્રજા કેવી થાય, ગર્ભાધાન, આસન, મનમાં ઇચ્છા થાય તેવા બાળકો જન્મે, ગર્ભની પરીક્ષા—પુત્ર જન્મશે કે પુત્રી તે, જલદી પ્રસવ થવાનો ઉપાય; વંધ્યા સ્ત્રીને ગર્ભ રહેવાનો ઉપાય, ગર્ભવંતી સ્ત્રી અને સુવારોગની દવા; વસ્ત્રાલંકારો ધારણ કરવા. ભાગ ૧૦ મો કામશાસ્ત્ર—સ્ત્રીઓની ખુબસુરતી.

ભાગ ૧૧ મું મંત્રવિદ્યા—વશીકરણનો; લક્ષ્મી પ્રાપ્તિનો, બાળરક્ષણનો, આહાશીશીનો; મહાલક્ષ્મીની સિદ્ધિનો ધંધો મળે ને ધન વધે તેનો; વેપારમાં ધન મળે ભુત કહાડવાનો, સર્પ, ઉતારવાનો, વિગેરે અનેક મંત્રો.

ભાગ ૧૨ યંત્રવિદ્યા—જેમાં કષ્ટ નિવારક, વશીકરણ, આકર્ષણ; સુખ-પ્રસવનો, એકવીસો યંત્ર—વીસાયંત્ર; કાર્યસિદ્ધિનો યંત્ર, બાળરક્ષક; પીશાચ જવાનો; અખૂટ ભંડારનો; વેપારમાં લાભ થવાનો વિગેરે અનેક યંત્રો.

ભાગ ૧૩—તંત્રવિદ્યા—ઇન્દ્રજાળ ભાગ ૧૪ જાદુઈ પ્રયોગો—જેમાં વશીકરણ તંત્ર, લીંબુ ઉછાળવું, નદીમાં દૂધની ધારા ચલાવવી; દીવાસળી; વગર દીવા કરવા. કાંકરાનો રૂપીઓ કરવો, ઝાડને મુઠ મારવી, ગળામાં છરી ઘોચવી, દેવતા ઉપર ચાલવું વિગેરે અનેક જાદુઈ પ્રયોગો છે. ભા—૧૫ ચમત્કારીક પ્રયોગોનો સમાવેશ છે. ભા.૧૬ હિપ્નોટીઝમથી અનેક રોગો મટાડવાની વિદ્યા છે. હજારો વ્યાધી માત્ર પાણીથી ચટાડવાની વિદ્યા રંગ રસાયન વિદ્યા વીગેરે અનેક ઉપયોગી પ્રયોગોનો આ પુસ્તકમાં સમાવેશ છે. તેમાંનો એકજ પ્રયોગ સિદ્ધ કરવાથી હજારો રૂપિયા મેળવી શકાય છે. કીં. રૂ. ૫—૦—૦

---

કચ્છ અંજારથી વલભજી ભાણજી લખે છે કે: આપનું ત્રીકાળદર્શક દર્પણ પુસ્તક મળ્યું વાંચી ઘણોજ આનંદ થયો છે. તેમાં ઘણીજ ઉપયોગી બાબતનો સમાવેશ કરેલો છે. અને તેથી આપનો આભાર માનું છું.

અબરામાંથી કાળીદાસ કીકાભાઇ લખે છે કે: આપનું ત્રીકાળદર્શક દર્પણ પુસ્તક ખરીદવાથી મને ઘણોજ ફાયદો થયો છે.

મુંબાઇથી ભુરાભાઇ કાળીદાસ લખે છે કે: આપનું ત્રીકાળદર્શક દર્પણ પુસ્તક ઘણુંજ ઉપયોગી છે. દરેકે દરેક કુટુમ્બે રાખવા યોગ્ય છે એ પુસ્તક પ્રકટ કરવાના તમારા શ્રમને ધન્યવાદ આપવો ઘટે છે.

મુંબાઇથી કેશવજી માધવજી લખે છે કે: આપના અહિતશિક્ષક અને ત્રીકાળદર્શક દર્પણ વીગેરે પુસ્તકો મંગાવ્યા જે વાંચી મને ઘણોજ સંતોષ પ્રાપ્ત થયો છે. પુસ્તકની કીમત રૂ. ૫—૦—૦

# વૈદ યાને વૈદક ભાગ ૧ લો અને ૨ જો.

આ પુસ્તકમાં તમામ રોગ મટે એવાં ઔષધો અને વનસ્પતિશાસ્ત્ર આપવામાં આવ્યાં છે. આ ઔષધો અકસીર વનસ્પતીમાંથી તે શી રીતે બનાવવાં તથા કઇ દવા કયા રોગ મટાડે છે તે તથા દવા કઇ કઇ વનસ્પતીની કેવી રીતે બનાવવી તે તથા દરેકધાતુ તથા વિષનું શોધન કરી ભસ્મો બનાવવાની રીત; તથા તેની બનતી માત્રાઓ; અવલેહો, ઘૃતો, તૈલો, તથા આસવો વગેરે બનાવવાના પ્રયોગો દરેક માણસ સમજી શકે તેવા આપ્યા છે. કીં રૂ ૧॥.

વ્યવસ્થાપક ભાગ્યોદય—અમદાવાદ.

## ભુત ભવિષ્ય અને વર્તમાન કાળની વાત જાણવી હોય તો

# ભવિષ્યવત્તા (ચોથી આવૃત્તિ)

યાને ભવિષ્ય જાણવાની વિદ્યા—આ નામનું પુસ્તક મંગાવો. જે પુસ્તક ઉપરથી દરેક માણસ ભવિષ્યમાં શું બનશે તે જોઇ અને જાણી શકશે. તેમા નીચે પ્રમાણે અનેક પ્રકરણો છે કીં. રૂ ૫-૦-૦ પોષ્ટ ૦-૮-૦.

પ્રા. ૧—૨—સંવત્સર, શક, માસ. અયન, રાશી, ગ્રહો, નક્ષત્રો. યોગ, કરણ, ચંદ્ર, વિગેરે જોવાની રીત. પ્રા.૩ તે દરેકમાં કરેલા શુભાશુભ કર્મોનુ ફળ. પ્રા. ૪ થા ૯ ગ્રહોનાં ફળ, નાની મોટી પનોતી, અશુભ ગ્રહો, મહાદશા, દિનદશા, વિગેરે જોવાની રીત, પ્રા. ૧૦–૧૧ તમામ પ્રકારના મહુરતો જોવાની રીત. પ્રા—૧૨ લેણાદેણી, તારા, નાડી, યોની, ગણ વિગેરે જોવાની રીત, પ્રા–૧૩ ચોરાયેલી વસ્તુ જડશે કે કેમ તથા તે ક્યાં ગઇ છે તે જોવાની રીત, પ્રા. ૧૪ કાર્યસિદ્ધ માટે પ્રશ્નો જોવાની રીત. પ્રા. ૧૫ જન્મ, માસ વાગેરેનું ફળ, પ્રા ૧૬ ગ્રહો, અને રાશી, શુભાશુભ, રૂપ, રંગ, મૈત્રી વિગેર જોવાની રીત. પ્રા. ૧૭—૧૮ જન્મોતરીના કુંડળીઓ બનાવવાની રીત ને તે જોવાની રીત ૧ લાથ બારે ભાવનું, ગ્રહો રાશી વાર ફળ, દ્રષ્ટિનું ફળ, અંગ્રેજી રીતે ફળ, પ્રા. ૧૯ બારે ભાવનુ મિશ્રફળ ભાગ્યોદય, દાસપણું, બંધિખાનુ, રોગ, સ્ત્રીસુખ, સજનનું સુખ, પ્રજાનું સુખ, જીંદગીનું, શરીરનુ સુખ, અકસ્માત ધનપ્રાપ્તિ રાજ્યલક્ષ્મી, વહનનું, મકાનનુ, માબાપનુ, વિદ્યાનુ, વશનું, મિત્રનું, નપુષકપણાનુ મુસાફરીનું, વ્યાપાર, નોકરી, ધનસંપત્તિનુ સુખદુઃખ ક્યારે મળે વિગેરે જોવાની રીત. પ્રા. ૨૦ ગ્રહોની દૃષ્ટિનુ ફળ, પ્રા. ૨૧ સ્ત્રીની જન્મકુંડળી ઉપરથી સ્ત્રીનુ, તેના પતિનું, સધવા કે વિધવાનું સુખ દુઃખ જોવાની રીત. પ્રા. ૨૨ થ ૨૭ હોરા, દષ્કાણ વિગેરે કુંડળીઓ જોવાની રીત. પ્ર. ૨૮ મુ આધાન બાબત, સ્ત્રી ગર્ભ ધારણ કરે કે કેમ, સ્ત્રી પુરૂષનુ મૃત્યુ, ગર્ભવંતીને શુ જન્મશે, હાથ પગ વગરનું બાળક અવતરવા બાબત. પ્રા ૨૯—જન્મ વખતે અંધારૂં હતું કે દીવો હતો વિગેરે ખાત્રી કરવાની રીત. પ્રા. ૩૦—રાજયોગ અને તેનુ ફળ, પ્રા. ૩૧ થા ૩૩ નાભસ, પ્રવજ્યા, ચંદ્ર વિગેરે, યોગો અને તેનું ફળ, પ્રા. ૩૪ બાળકને રીષ્ટ યોગ જોવાની રીત. પ્રા. ૩૫—૩૬, આયુષ્ય જોવાની રીત, ક્યારે ક્યા કારણથી મૃત્યુ થાય વિગેરે જોવાની રીત, પ્રા. ૩૭–૩૮, વર્ષ ફળ બનાવવાના જોવાની રીત. પ્રા.૩૯ શરીરપરની રેખાઓ,

નખ તલ, માંસ માથુ વગેરે ઉપરથી ભવિષ્ય જોવાની રીત. પ્રા. ૪૦ સ્વપ્ન ઉપરથી ભવિષ્ય જાણવાની રીત, પ્રા. ૪૧ મું હસ્તાક્ષરો ઉપરથી ભવિષ્યફળ, પ્રા. ૪૨ મું વરસાદ વરસશે કે કેમ, ક્યારે વરસશે. અનાજના ભાવતાલની વધઘટ, સુકાળ કે દુકાળ વિગેરે જોવાની રીત, પ્રા. ૪૩ મું નાસિકાના સ્વર ઉપરથી ભવિષ્યની વાત જાણવાની રીત. પ્રા. ૪૪ મું રમલશાસ્ત્ર ઉપરથી ધારેલી ઇચ્છા પુરી થશે કે કેમ, જશ મળશે કે કેમમુ ધંધામાં લાભ થશે કે કેમ, વિગેરે ભવિષ્યની વાત જોવાની રીત કીં., રૂ ૫--૦ અનેક અભિપ્રાયો મળ્યા છે. જુજ નકલો છે આજેજ મંગાવો.

---

પુનાથી એક ગૃહસ્થ—હું ભવિષ્યવેત્તાથી સામુદ્રિક શીખ્યોછું. અહિં યુરોપીયનોમાં પણ એ વિદ્યાથી પ્રતિષ્ટા મેળવી છે આપનો ઉપકાર માનુંછું.

મુંબઇથી હોરમસજી કા. દમણીયા—ભવિષ્યવેત્તા ઘણુંજ કામનુંથઇપડયુંછે.

રાણપોરથી વીઠ્ઠલજી લખમીચંદ-ભવિષ્યવેત્તા જોતાં આપે ઘણો શ્રમ લઇ સંતોષકારક બનાવ્યું છે.

વીરમગામથી ઉમીયાશંકર વૈદ્ય લખે છે. ભવિષ્યવેત્તા જોતિષવિદ્યાના અભ્યાસી બ્રાહ્મણો અને તમામને ઘણું ઉપયોગી છે એમ માનું છું. આવા તો સેંકડો અનુભવીઓના પત્રો મળ્યા છે. તમે તે વાંચશો એટલે તમારી પણ ખાત્રી થઇ જશે. આજેજ મંગાવો લ્યો. કારણ તેનાથી તમે જેમ દીવાથી અંધારામાં પડેલી વસ્તુ જોઇ શકો તેમ તમારા ભવિષ્યમાં શું બનશે તે, કયો ધંધો લાભકારક થશે, કઇ વસ્તુના ક્યારે ભાવ ઘટશે કે વધશે તે સર્વે જાણી શકશો. કીંમત રૂ. ૫-૦-૦

# સરવૈ, રેવન્યુ અને ફોજદારી કાયદાનું જુથ

ચોથી આવૃત્તિ—આ પુસ્તકમાં ઇંડીઅન પીનલ કોડનો અગત્યની કલમો, ક્રીમીનલ પ્રોસીજર કોડ, ડીસ્ટ્રીક્ટ પોલીસ એક્ટ, વિલેજ પોલીસ એક્ટ, લેન્ડરેવન્યુ કોડ; તે ઉપર થયેલી રૂલ, મામલતદાર કોર્ટ એક્ટ, ગામના ને તાલુકાના નમુના, સરવાઇની રૂલ, સર્કલ ઇન્સ્પેક્ટરની રૂલ. અફીણનોએક્ટ, આબકારી એક્ટ, મીઠાનોએક્ટ વિ.૨૦ કાયદાઓછે રૂ. ૪-૦

**ઘરનો વૈદ**—આ એક ઉત્તમ વૈદકનું પુસ્તક છે. જેના દશ ભાગ છે. તેમાં લગભગ ૫૦] પ્રકરણો છે. જેમાં શરીરનું ને તેની અંદર આવેલા અવયવોનું જ્ઞાન, ઇંદ્રિયોનું જ્ઞાન, વનસ્પતિ કોષ, કુદરતી ઉપચારો, દરેક રોગ, તેનાં કારણો, લક્ષણ, ને ઉપાયોનો સમાવેશ છે. કીં. ૦-૧૨-૦.

વ્યવસ્થાપક ભાગ્યોદય—અમદાવાદ.

મુંબઇ ઇલાકાના સરકારી કેળવણીખાતાએ તેમ વડોદરા સ્ટેટમાં

લાયબ્રેરી માટે મંજુર થયેલ

# હીંદુસ્તાનની તીર્થયાત્રા. [સચિત્ર.]

આ પુસ્તક હમણાંજ બહાર પડયું છે. તેની અંદર હિંદુસ્થાનમાં આવેલાં હિન્દુ, મુસલમાન, જૈનો, વિગેરેનાં યાત્રાઓનાં સ્થળો, ત્યાં કયે કયે રસ્તે જવાય છે તે, ત્યાં દર્શન કરવાનાં મંદિરો વિગેરે, તેનું શાસ્ત્ર પ્રમાણેનું મહાત્મ્ય, ઇતિહાસીક માહિતિ, બીજાં જોવા લાયક સ્થળો, ત્યાંની વેપારની કઇ કઇ વસ્તુઓ દેશાવર જાય છે. વિગેરે ઉપયોગી હકીકત આપેલી છે જેની અંદર આબુરોડ, અંબાજી, અજમેર, પુષ્કરાતર્થ, હીંગળાજમાતા, ઉદેપુર. જોધપુર, બિકાનેર, જેસલમેર, શ્રીનાથદ્વારા, કાંકરોલી, ઉજ્જન, ઓંકારેશ્વર, ઇંદોર, મથુરાં, આગ્રા, દિલ્હિ, હરદ્વાર, લાહોર, અમૃતસર, પંજાબ, બાદ્રકેદારનાથ, શ્રીનગર-કાશ્મીર, લખના, અયોધ્યા, કાશી, ગયા, શ્રીસમેતશિખર, વૈજનાથમહાદેવ, કલકત્તા, જગન્નાથપુરી, મદ્રાસ, શ્રી સેતબંધુરામેશ્વર, શ્રીરંગજી, શીવકાંચી; વિષ્ણુકાંચી, સાક્ષીગોપાળ, કોચીન. હુબલી, નાસક, ત્રંબક, પુના, મુંબાઇ, આબોદ, શુકલતિર્થ, ડાકોર, દ્વારકાં, પ્રભાસપાટણ, ગીરનારપર્વત, પાલીતાણા વિગેરે યાત્રાનાં સ્થળોનું વર્ણન, ત્યાં શું શું યાત્રા કરવાનું ધામ છે, શું જોવાલાયક જગ્યાઓ છે, વેપારની કઇ કઇ ચીજો છે, ત્યાં ઉતરવાની શી બ્યવસ્થા છે, ગાડી ક્યાં બદલાય છે વિગેરે ઉપયોગી સંપૂર્ણ માહિતીનો આ પુસ્તકમાં સમાવેશ છે.

જેમાં-કાશી, જગન્નાથપુરી, બદ્રીનાથ, કેદારેશ્વર, શ્રી સેતબંધુરામેશ્વર, અને દ્વારકાં એ ચારે ધામની યાત્રા; કાશી, કાંચી, (શિવકાંચી અને વિષ્ણુકાંચી) અવંતિકા, [ઉજ્જન] અયોધ્યા; મથુરાં; માયા; (હરદ્વાર) અને દ્વારકાં એ સાત પુરી, ત્રંબકેશ્વર, ઘુષ્મેશ્વર: ઓંકારેશ્વર; મહાકાળેશ્વર, સોમનાથ, કેદારેશ્વર; વિશ્વેશ્વર; વૈજનાથ; નાગેશ; મલ્લિકાર્જુન, રામેશ્વર અને ભીમાશંકર એ બાર જ્યોતિર્લિંગો, શંકરાચાર્યોના ચાર મઠો, શ્રીવૈષ્ણવોની યાત્રાનાં સ્થળો, કેશરીયાજી, પાર્શતાણા, સમેતશિખર. શેત્રુંજય; ગીરનાર; પાલીતાણા વિગેરે જૈનોનાં યાત્રાનાં સ્થળો, તેમજ અજમેર વિગેરે સ્થળનાં મુસલમાનોનાં યાત્રાનાં અને પારસીઓનાં ઉદવાડા વિ. સ્થળોનું વર્ણન છે.

દરેક માણસે આ ઉપયોગી પુસ્તકને પાસે રાખવાની જરૂર છે. જેની

અંદરથી યાત્રાનાં સ્થળોનું વર્ણન, ત્યાં જોવાલાયક સ્થળો, જવા આવ-વાની સગવડ ઉતરવાની સગવડ, વિગેરે શું છે, વેપારની કઈ કઈ વસ્તુઓ બને છે તેની હકીકત આપવામાં આવી છે. યાત્રાનાં સ્થળો ઉપરાંત હિંદુસ્તાનનાં બીજાં મોટાં મુંબાઈ, મદ્રાસ, કલકત્તા વિગેરે જોવા લાયક સ્થળો, વેપારનાં સ્થળો, વિગેરે શહેરોની પણ હકીકત આપેલી છે. તેથી આ પુસ્તક ઘણુંજ ઉપયોગી થઈ પડશે. યાત્રા કરવા જનારને તો આ પુસ્તક ખાસ પાસે રાખવા લાયક છે. વળી યાત્રા કરવા લાયક સ્થળો, દેવો, તેના ઐતિહાસીક માહિતી અને તે તે દેવો સંબંધી પુરાણો અને શાસ્ત્રોમાં કેવું મહત્વ છે તે વાંચવાથી પોતાના દેવતિર્થોમાં શ્રદ્ધા ઉત્પન્ન થવાની. થોડી નકલો જ છપાવી છે, માટે તુરત મંગાવી લેવું. કીં.રૂ.૭—૦

ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ અને લુણાવાડાના માજી દિવાન સાહેબ, રા. બા. હરગોવિંદદાસ દ્વારકાંદાસ કાંટાવાળા વડોદરાથી લખે છે કે:

હિંદુસ્તાનની તીર્થયાત્રા એ નામનું મોટું, સુંદર અને ઉપયોગી પુસ્તક પ્રસિદ્ધ કરીને રા. જેઠાલાલ દેવશંકર દવેએ જેમ યાત્રાળુઓના ભારે ખોટ પૂરી પાડી છે, તેમ તે સામાન્ય પ્રવાસીઓને માટે છે પણ એક ભોમીયા તરીકે ઉપયોગી થઈ પડે તેવું છે. બનતા સુધી જે તે સ્થાનોની માહિતી સંપૂર્ણ આપવામાં આવી છે. ચિત્રોને નકશાવડે તેની ઉપયોગીતામાં વધારો થયો છે. તીર્થયાત્રાઓના સંબંધનાં આ મોટું દળદાર પુસ્તક ગુજરાતીમાં એકે છપાયું નહેતું

શ્રીમત્પરમહંસ પરિવ્રાજકાચાર્ય શ્રીમદ્ શારદાપીઠાધિશ્વર જગ-તગુરુ શ્રીમદ્ શાન્ત્યાનન્દ સરસ્વતી સ્વામી દ્વારકાંથી લખે છે કે:

તમારા તરફથી હિંદુસ્તાનની તીર્થયાત્રા એ નામનું સચિત્ર પુસ્તક મળ્યું. તેનું અવલોકન કરતાં પુસ્તક હિંદુ મુસલમાન, જૈન, ઇ૦ સર્વને યાત્રા–પ્રવાસમાં અતિ ઉપયોગી થઈ પડે તેવું છે. કારણ કે ટુંકામાં સઘળા પ્રકારની સંપૂર્ણ માહિતી તેમાંથી મળી શકે તેવું છે. વળી દરેક તીર્થનું મહાત્મ્ય વર્ણવી આ પુસ્તકના મહત્વમાં અભિવૃદ્ધિ કરેલી જોઈ અમને એમ કહ્યા વિના નથી ચાલતું કે: યોગ્ય ઉત્તેજનને પાત્ર આ પુસ્તક છે. ગુર્જર પ્રજા તેને આવકાર આપશે એવી અમે આશા રાખીએ છીએ.

ભાગ્યોદય ઓફીસ—અમદાવાદ

## પાંચસો રૂપિયા ખર્ચતાં ન મળે તે પુસ્તક માત્ર રૂ. ૧૨માંજ

# કાયદાનો શીક્ષક ( ત્રીજી આવૃત્તિ )

જેની અંદર નીચે પ્રમાણે ફોજદારી રેવન્યુ અને દિવાની કાયદાઓ- આપેલા છે. જેની હજારો નકલો થોડા જ વખતમાં ખપી ગઇ છે, કાયદાનું જ્ઞાન દરેક માણસે મેળવવું જોઇએ. આ પુસ્તકને માટે ડાક્તરો, હાઇકોર્ટ જડજો, સેસન જડજો, માજીસ્ટ્રેટો, દિવાનો, સરસુબા, વિગેરે અનેક વિદ્વાનોના હજારો અભિપ્રાયો મળ્યા છે. કીં. રૂ. ૧૨—૦—૦ છે.

### ફોજદારી કાયદા.

ક્રીમીનલ પ્રોસીજર કોડ ટીકા સાથે,
ઇંડીઅન પીનલ કોડ ટીકા સાથે,
ડીસ્ટ્રીક્ટ પોલીસ એક્ટ. ડબાએક્ટ
વીલેજ પોલીસ એક્ટ-રેલવનો એક્ટ
વર્ત્તમાનપત્રોનો એક્ટ,
જુગારીનો એક્ટ,
કાટલા તથા ભરતના માપનો
હથીઆરનો કાયદો,
આબકારી એક્ટ
મ્યુનાસીપાલ એક્ટ.
પુરાવાનો કાયદો,
કારખાનાનો એક્ટ
નાટકોના ખેલનો કાયદો
વીમા કંપનીનો કાયદો
વૈદ્યોનો એક્ટ,
પેટંટ તથા નમુનાનો એક્ટ,
કોપીરાઇટનો કાયદો,
કંપનીનો એક્ટ,
ટ્રામવેનો કાયદો, પ્રેસ એક્ટ
સેનીટરી એક્ટ,
છાપવાના પ્રેસો ને વર્ત્તમાનપત્રોનો કા.
મીઠાનો, તારનો, પોસ્ટનો, અફીણનો

### દીવાની કોર્ટના કાયદાઓ.

સીવીલ પ્રોસીજર કોડ [પુરેપુરો],
મુદતનો કાયદો.
હીંદુ લૉ, કરારનો કાયદો,
રજીસ્ટ્રેશન એક્ટ
ટ્રાન્સફર ઓફ પ્રોપર્ટી એક્ટ.
કોર્ટશાસ્ત્ર,
એગ્રીમેન્ટનો એક્ટ. ટ્રસ્ટ એક્ટ,
મૈયતનું લેણું વસુલ કરવાનો કાયદો
સગીરના વાલી નીમવાનો એક્ટ,
મુસલમાનોનો સરેહ, કોર્ટફીનો એક્ટ;
સ્ટામ્પ ડયુટીનો કાયદો,
પારસીઓના વારસાનો કા.
વહેંચણ કરવાનો એક્ટ,
પ્રોબેટ તથા વહીવટની સનંદ લેવાનો
નાદારીનો કાયદો.
મુસલમાનોને વક્ફ કરવાનો કાયદો
હીંદુઓની મિલકતની વ્યવસ્થાનો
દસ્તાવેજોના નમુના,

કોર્ટ ઓફ વાર્ડસ એક્ટ,
વારસાનું સર્ટીફીકેટ લેવાનો એક્ટ,
હિંદુ વિધવાના પુનર્લગ્નનો.
પારસીઓના લગ્નનો કાયદો,
ફોજદારીકોર્ટનીકરવાની અરજીને રેવન્યુ
કોર્ટમાં કરવાની અરજીઓના નમુના
દીવાની કોર્ટમાં કરવાના દાવાઓના
અને તેના જવાબો ને અપીલોના નમુના

## રેવન્યુ યાને મુલકી કાયદાઓ

લેન્ડ રેવન્યુ કોડ.
પુરેપુરો અગત્યની નોટ સાથે ]
મામલતદારોની કોર્ટોનો એક્ટ
નરવાનો કાયદો,
તાલુકદારોનો કાયદો,
લોકલફંડનો કાયદો,
ઇન્કમટેક્ષ એક્ટ, મહાલદારોનો કાયદો
સુતરાઉ માલ ઉપર જકાતનો કાયદો
જંગલનો કાયદો, વતન એક્ટ,
ઇરીગેશન એક્ટ, સીતળા કાઢવાનો કા

આ પુસ્તકમાં આપેલા કાયદા છુટાછુટા ખરીદવાથી બસો ઉપરાંત રૂપિઆ ખર્ચ થાય તેમછે, કીંમત માત્ર રૂ.૧૨-૦-૦ પોસ્ટેજ રૂ૦-૧૪-૦

સુરતના ડીસ્ટ્રીક્ટ અને સેશન્સ જડજ મે. ચીમનલાલ એન. મહેતા એમ. એ. એલ એલ. બી. લખે છે કે: તમારૂં પુસ્તક કાયદાનો શિક્ષક મળ્યું તેમાં તમામ ઉપયોગી કાયદાઓનો સમાવેશ કરેલો છે. તેમાં હિંદુ અને મુસલમાન લો પણ છે. જેથી ગુજરાતી જાણનાર વર્ગ માટે તમે એક લાંબા વખતની ખોટ પુરી પાડી અને મહત્વનું કાર્ય કર્યું છે. તે પુસ્તક ગુજરાતી જાણનારા, વકીલો, માજીસ્ટ્રેટો, રેવન્યુ ઓફીસરો અને જડજોને અને કાયદાના અભ્યાસીઓને ઘણુંજ ઉપયોગી થઇ પડશે. એટલું જ નહિ પણ તે પુસ્તક એટલું બધું ઉપયોગી છે કે તેને રેફરન્સ માટે દરેક કાયદા જાણનાર માણસે પોતાના ટેબલ ઉપર દરરોજ રાખવુંજ જોઇએ. હું તમારા આ કાર્યમાં તમને ફતેહ મળે તેવું ઇચ્છું છું.

મુંબઇ સ્મોલકોઝ કોર્ટના વડા જડજ નામદાર કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી લખે છે કે:-કાયદાનો શિક્ષક એ નામનું પુસ્તક મળ્યું છે. અંગ્રેજીથી અજાણ એવા ગુજરાતી માણસને એ પુસ્તક ઉપયોગી થઇ પડવાનો સંભવ છે. અને હું ધારૂં છું કે ગુજરાત તથા કાઠીઆવાડના દેશી રાજ્યોમાં એનો લાભ સારો લેવાશે ને લેવાવો જોઇએ. પુસ્તકની કીં.રૂ.૧૨ પો.૦-૧૪-૦

ભાગ્યોદય ઓફીસ—અમદાવાદ.

## સ્ત્રીહિતશિક્ષક

### અને ચંદ્રકાંતાની આત્મકથા

આ પુસ્તકમાં લગભગ ૩૦ ઉપરાંત પ્રકરણોમાં—સ્ત્રીઓની મહત્તા પત્નીનો પતિ પ્રત્યેનો ધર્મ; પતિની પત્ની પ્રત્યેની ફરજ; પતિવ્રત પણું શી રીતે પાળવું; સ્ત્રીઓનો ઘરકારભાર; સ્ત્રીઓની જવાબદારી; સંકટ વખતે પતિને સહાય કેવી રીતે કરવી; સતી સ્ત્રીઓનું જીવન, સ્ત્રીઓનું, ગૃહિણીપદ; સ્ત્રીઓને સ્વર્ગીય સુખ શી રીતે મળે; સ્ત્રી પુરૂષના ધર્મ સ્ત્રીઓનું શિયળવ્રત; વિધવા સ્ત્રીઓના ધર્મ; સ્ત્રીઓનું ઇશ્વરપરાયણ ધર્મ, સ્ત્રીઓ એ પતિની અર્ધાંગના છે. સંસારમાં સ્ત્રીઓની પદ્ધિ, સ્ત્રીઓના ઉત્તમ આચાર વિચારઃ સ્ત્રીરાગ ચિકિત્સા; બાળકોને કેવી રીતે કેળવવાં, બાળકોની દવાઓ વિગેરે ૩૦ પ્રકરણો ઉપરાંત—નીચે પ્રમાણે લગભગ ૧૫૦ ઉપરાંત સતી સ્ત્રીઓ ને મહાન પુરૂષોનાં જીવનચરિત્રો છે.

સતીસીતા; અનસૂયા; દેવહુતી, નર્મદા; સાવિત્રી; દમયંતી, દ્રૌપદી; મદાલસા; સુકન્યા, અહલ્યા; અરૂન્ધતી, વૃંદા, દેવયાની, શર્મિષ્ઠા, મૈત્રેયી ગાંધારી, તારામતી, મહાશ્વેતા; કાદમ્બરી; શકુંતલા, લોપામુદ્રા, શાંડિલી; જરત્કારૂ: ભામતી. વાગદેવી, અપાલા, વિશ્વવારા; ઘોષા, સત્યરૂપા; અંશુમતી, ભોગવતી; માયાદેવી, યશોધરા; શબરી, માર્ગી, સતી પાર્વતી; લક્ષ્મીજી; સરસ્વતી; ઇન્દ્રાણી; ઓખા; સત્યવતી, દુઃશલા માલતી; પદ્મા; પદ્મિણી સત્યભામા, કાલંદી સરમા, અંજની; મૂર્તિ, શ્રદ્ધા; શુચિસ્મીતા, શશીકળા; ખન્ના, કલાવતી; સુનીતી શક્તિ, ચુડાલા, લીલાવતી: નાચી, સુલભા ચન્દ્રપ્રભા; બાલગુી, કળાવતી, કર્માદેવી; કૃષ્ણાકુમારી; સત્યવતી; સંયુક્તા, કર્મદેવી; તારાબાઇ; વોમળદેવી; રાજુલા, સોનરાણી; જસમા; ગુણસુંદરી, રાણકદેવી; વીરસતા; મીનળદેવી; અહલ્યાબાઇ, ગારીબાઇ. શરત્સુંદરી, હેમંતકુમારી, પન્ના; સરદારબા, ચંદા, મીરાંબાઇ, યશોદા, મેનાવતી; અઘોર કામિની; બેહુલા; સુંદરબા, લાલબા; રૂપસુંદરી દેવી, પ્રભા; વિદુલા; ચન્દ્રકાન્તા; શાન્તિકા, પદ્મિની; રામેશ્વરી; કાન્તિ; સુલિખા; જયા; કળાવતી રોહિણી; મૃગનયની: મેના; ઉભયકુમારી; સારીકા; ભાનુમતી વિગેરે લગભગ ૧૫૦ ઉપરાંત સતીઓનાં જીવનચરિત્રો ઉપરાંત.

રામચંદ્રજી; અત્રીઋષિ: કર્દમમુનિ; કૌશિક; સત્યવાન; નળરાજા; પાંડવો; ઋતુધ્વજ, ચ્યવન ઋષિ વિગેરે સેંકડો મહાપુરૂષોના તુલસીદાસ વિગેરે લગભગ ૧૫૦ ઉપરાંત પવિત્ર પુરૂષોના જીવનચરિત્રોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આવું અતિ ઉત્તમ પુસ્તક દરેક સ્ત્રી પુરૂષને વાંચી મનન કરવા જેવું છે. દરેક બાળકને અભ્યાસ કરાવવા જેવું છે. આ પુસ્તક એવું ઉપયોગી છે કે તે દરેક ઘરમાં હોવું જ જોઇએ. ગૃહસ્થાશ્રમમાં સ્વર્ગીય સુખનો અનુભવ કરાવી શકે છે. કીંમત રૂ. ૪—૦—૦

૧૬ સ્ત્રીને એકેએક રોગના પંજામાંથી બચાવી શક્તિ આપી પુષ્ટ કરનાર

# સુંદરીસાથી (રજીસ્ટર્ડ)

( લાખો સરટીફીકેટો મળ્યાં છે. )

મંગાવો—તે સ્ત્રીઓના તમામ રોગને માટે અકસીર છે. સ્ત્રીઓના ધુપાળ દરદ જેવાં કે, લોહીવા, પ્રદર, રક્ત અને શ્વેત જેથી ગુહ્યસ્થાનમાંથી ચીકણી, ધોળી, પીળી, મળગુમળી અગર લાલ રંગની લોહી જેવી રસી વહ્યાં કરે છે, પેશાબે અગન બળે, હાથ પગના તળીઆમાં, કેડોમાં માથામાં અને કોઇ વખતે આખા શરીરમાં શણકા મારે, ફાટ ચુસ અને કળતર થાય, ઝીણો તાવ હંમેશાં આવે, શરીર સુકાઇ ધોળી પુણી જેવું થાય, આંખોનું તેજ કમી થાય. દિવસે દિવસે શરીર સુકાય એટલું થાય, અશક્તિ આવે અને કામ થઇ શકે નહિ. આખો દિવસ કેડો અને માથું ફાટ્યાં કરે; તાવ, ઊધરસ, દમ, ખાંસી, સોજો; ઉલટી, અરૂચી, માસિક અટકાવ—હરસાન સંબંધી તમામ રોગ, ગર્ભાશયની પીડા, કસુવાવડ સુવારોગ વિગેરે તમામ રોગ અને આવાં અનેક દરદોના સમુહને આ **સુંદરીસાથી** એકદમ મટાડી શકે છે; અત્યાર સુધીમાં હજારો સ્ત્રીઓએ આ દવાથી ગર્ભ ધારણ કરી બાળકોને જન્મ આપ્યો છે.

આ **સુંદરીસાથી** બાળ, યુવાન, અને વૃદ્ધ દરેક સ્ત્રીએ હમેશાં વાપરવા લાયક છે. જેથી તેઓના તમામ રોગ મટાડી શરીર પુષ્ટ કરે છે હસ્તાનના રોગો થવા પામતા નથી અને ગર્ભાશયને ગર્ભ ધારણ કરી શકે તેવું બનાવી પુખ્ત વયે ગર્ભ ધારણ થાય છે. પીવામાં સ્વાદિષ્ટ છે. બાટલી ૧ ની કીંમત રૂ. ૧) ત્રણ બાટલીના રૂ. ૨–૧૦–૦ પોષ્ટ ૦–૧૧–૦

આ માટે હજારો અભિપ્રાયો મળ્યા છે. હજારો સ્ત્રીઓ તેનો ચાલુ ઉપયોગ કરે છે તેજ તેની ઉત્તમતા છે. દરેક સ્ત્રીએ બાળકીથી વૃદ્ધ થતાં પર્યંત આ બાટલી પાસે રાખવીજ જોઇએ. તેના વાપરનારા કહે છે કે

કરાંચીથી રતનશી લખમસી લખે છે કે—સુંદરીસાથીની દવા ઘણીજ સારી છે. મે મારા ઘરમાં બે બાટલી વાપરી તેથી તમામ રોગમાં ફાયદો થયો છે. ને એક બાટલી મારા સ્નેહીને આપી તેને પણ ફાયદો થયો છે માટે બીજી ૩ બાટલી મોકલશો, અમો તમારો મોટો આભાર માનીશું.

જુનાગઢથી રેલ્વે ગાર્ડ રહેમાનભાઇ લખે છે કે તમારી સુંદરીસાથીની દવા ઘણી અકસીર છે, તેથી ઘણો સારો ફાયદો થયો છે, જેથી તે વાપરવા હું ઘણાને ભલામણ કરું છું.

દવે કેમીકલ વર્કર્સ અમદાવાદ

# મહાત્માજીની વાતો.

## સત્યવાન
અને
## શિવદયાળની વાત.

### પ્રકરણ ૧ લું.

"આ સંસારમાં સત્ય સિવાય બીજો કોઇ ધર્મ નથી. જેઓ લાલચોને વશ થઈ સત્ય ચુકે છે તેઓ કદી સુખી હોતા નથી. દુનિયાની નજરે તેઓ અનેક પ્રકારની મોજ માણતા જણાય છે, પણ અંદરથી તો તેમનું દુ:ખ તેઓ જ જાણે છે, વળી દુનિયાની મોજમઝા તો ચાર દીનની ચાંદનીની જેમ નાશ પામી જાય છે. ત્યારે તેમનાં દુ:ખનો પાર રહેતો નથી. લાખો માણસ અસત્ય માર્ગે ચાલીને દુ:ખી થાય છે તોપણ કોઇક જ સત્ય રસ્તે ચાલવાની હોંસ કરે છે. જે સત્ય રસ્તો પકડે છે તે સુખી છે. એવા સત્યવાનનાં દર્શન થવાં એ પણ ચઢતા નશીબની નિશાની છે.

"બાપા મને એવા સત્યવાનનાં દર્શન ન થાય?" શિવદયાલે પોતાના પિતા શાંતિલાલને પૂછ્યું. શાંતિલાલ રોજ સાંજે પોતાના પુત્રને ધર્મની બાબતો સમજાવતા, અને તેનું વર્તન તેમાં બરોબર રહે એ બાબત પૂરતું ધ્યાન આપતા. દીકરાના સવાલથી ખુશી થઇ તેણે જવાબ આપ્યો કે "થઈ શકે, દીકરા! ભાગ્યમાં હોય તો."

"પણ એ ક્યાં મળે, બાપા?" દીકરે ફરી પ્રશ્ન પૂછ્યો.

"દીકરા! હું એથી અજાણ્યુ છું, મારા નશીબમાં એવા મહાત્માના દર્શનનો લાભ નથી લખાયો. પ્રભુ તને એવો લાભ આપો એમ ઇચ્છું છું." બાપે ગંભીરપણે જવાબ આપ્યો.

"બાપા, મને રજા આપો. મારે સત્યવાનનાં દર્શન કરવાં છે. મારે એમની શોધ કરવી છે."

બાપે દીકરાની ઇચ્છા દાબી ન દેતાં રજા આપીને શિવદયાલ સત્યવાનની શોધમાં નીકળી પડ્યો.

---

## પ્રકરણ ૨ જું.

---

સત્યવાનના દર્શનની આતુર ઇચ્છામાં શિવદયાળ રાજમાર્ગે ને જંગલમાં ભમવા લાગ્યો. તેનું ચિત્ત સત્યવાનના વિચારમાં એટલું બધું પરોવાઇ ગયું હતું કે તેને ભુખ તરસનું ભાન રહ્યું નહીં. આવી સ્થિતિમાં ફરતાં ફરતાં એક દિવસ બપોરે તેને એક માણસ મળ્યો. તેણે ઉભા રહીને શિવદયાલને પૂછ્યું "બચ્ચા, કયા જાય છે?" શિવદયાળે ઉભા રહી જવાબ આપ્યો "હું સત્યવાનની શોધમાં જાઉં છું. મારા બાપાએ કહ્યું છે કે: જે ભાગ્યશાળી હોય તેને જ સત્ય-વાનનાં દર્શન થાય. હું એનું ઠેકાણું જાણતો નથી, તેથી તેની શોધમાં નીકળ્યો છું."

તે શખ્સ બોલ્યો, "બચ્ચા, હું જ તે સત્યવાન છું, જેને તું શોધે છે."

શિવદયાળ બહુજ ખુશીમાં આવી ગયો, તે બોલ્યો, "મહાત્મા! આપ કઇ બાજુએ પધારો છો? જો અમારી તરફ જતા હો તો મારે ઘેર પધારો. પણ જો આપને ઘેર પધારતા હો તો મને સાથે લઇ જાઓ."

સત્યવાને કહ્યું, "હમણાં મારે કામ છે. કાલે સવારે તું મારે ઘેર આવજે. પુર્વ દિશામાં સીધો ચાલ્યા કરીશ એટલે એક જંગલમાં

તું પહોંચીશ. ત્યાં એક સાફ જગ્યામાં આરામ લઇ જે બનાવ બને તે જોજે. એ જોઇ જરા આગળ ચાલીશ કે તું એક મોટી વ ડીની પાસે આવીશ. તેમાં સોનાના છાપરાવાળું ઘર છે તે મારૂં છે. ત્યાં દરવાજે હું તને મળીશ." એટલું કહી સત્યવાન તે છોકરાની નજરથી અદશ્ય થઇ ગયા.

## પ્રકરણ ૩ જું.

શિવદયાલે દેખાડેલે રસ્તે ચાલવા માંડયું. ચાલતાં ચાલતાં તે જંગલમાં આવ્યો. ત્યાં એક સાફ જગ્યામાં તેણે એક મોટું વડનું ઝાડ જોયું. તેની એક ડાળીને એક દોરડું બાંધ્યું હતું. દોરડાને છેડે એક ભારે લાકડાનો ધોકો બાંધ્યો હતો. લટકતા ધોકા નીચે મધનું વાસણ રાખેલું હતું. તેનો એવો હેતુ હતો કે રીંછ વિગેરે તે ધોકાને ખસેડયા વિના મધને અડી ન શકે, ને ધોકો ખસેડે તો પાછો મધમાં આવતાં ઇજા કરે. છોકરો વિચાર કરતાં ઉભો છે તેવામાં જંગલમાં એક કડાકો થયો અને કેટલાંક રીંછો આવતાં તેણે દીઠાં. તેમાંથી એક રીંછણ સીધી મધના વાસણ ભણી ગઇ અને તેણે પોતાના નાક વતી ધક્કો મારી ધોકો ખસેડયો, એટલે તેનાં ત્રણ બચ્ચાં જે તેની વાંસે વાંસે જતાં હતાં તેઓએ મધ ઉપર તલપ મારી. તેટલામાં પેલો ધોકો પાછો આવ્યો અને તેમના માથા ઉપર પડયો. તેઓ ચીસ પાડી ભાગી ગયાં. રીંછણ ખીજાઇને ધોકાને ફરી જોરથી ફેંકયો. ધોકો બહુ ઉંચે ઉછળ્યો. બચ્ચાં મધ પાસે ગયાં ઉંચે ઉછળેલો ધોકો જોરથી રીંછોના માથા ઉપર પડયો. તેમાંનુ એક બચ્ચું તુરતજ મરી ગયું. રીંછણ વધુ ખીજાઇ ધોકાને પકડી વધુ જોરથી ઉંચે ઉછાળ્યો. ધોકો ડાળીથી પણ ઉંચો ચઢયો. હવે રીંછણ પાછી મધ તરફ ગઇ. ધોકો ઉંચે ચઢતો ચઢતો અટકયો તે પાછો નીચે પડવા માંડયો, જેમ જેમ નીચે આવતો ગયો તેમ તેમ તેની ઝડપ

વધવા માંડી. અંતે બરોબર રીંછણને માથે એવા જોરથી તે પડયો કે રીંછણ પણ મરી ગઇ. તેનાં બચ્ચાં તેને મૂકીને નાશી ગયાં.

શીવદયાળ અજબ થતો થતો આગળ ચાલ્યો. તે વાડી અને સોનાના છાપરાવાળા ઘર પાસે આવી પહોંચ્યો. દરવાજામાં જ સત્યવાનને તેણે દીઠા. શીવદયાળને આવકાર દઇ વાડીમાં લીધો. વાડીની રચના અને ભપકો તેણે સ્વપ્નામાં પણ દીઠાં નહોતાં. સત્યવાન તેને મહેલમાં લઇ ગયા. તેમાંના ઓરડાઓ જોતો જાય ને જાણે ભુલતો જાય એવું લાગ્યું. એમ કરતાં એક બંધ ઓરડા પાસે આવ્યા. સત્યવાને કહ્યું, "દરવાજો જોયો? એને તાળું નથી, માત્ર એક સીલ છે. ઉઘાડવો હોય તો તુરત જ ઉઘડી શકે એમ છે, પણ હું તને ઉઘાડવાની ના પાડું છું. આ મહેલમાં રહીને જ્યાં ફરવું હોય ત્યાં ફરજે, માત્ર એક હુકમ પાળજે. આ બારણું ઉઘાડીશ નહીં, પણ જો ઉઘાડું તો જંગલમાં જોયું છે તે યાદ કરજે." આટલું કહી સત્યવાન અદ્દશ્ય થઈ ગયા.

શિવદયાળ એકલો રહેવા માંડયો. ૩૦ વરસ તેને ત્યાં થઈ ગયાં, પણ તેને તો તે ત્રણ કલાક જેવાં લાગ્યાં. આ મુદત ખલાસ થયે એક દિવસ તે સીલવાળા દરવાજા પાસે ફરતો હતો ત્યારે તેને વિચાર થયો, કે "આ ઓરડામાં જવાની મનાઇ સત્યવાને શા માટે કરી હશે? હું તો અંદર જઇશ, અને તેમાં શું છે તે જોઈશ."

બારણાને ધક્કો દઇ તેણે સીલ તોડી નાંખ્યાં અને અંદર દાખલ થયો. એ ઓરડો સઉથી સુંદર હતો અને તેની વચ્ચે સોનાની રાજગાદી હતી.

તે રાજગાદી પર ચઢી બેઠો. રાજગાદી સામે રાજદંડ પડેલો દીઠો. તે પણ તેણે હાથમાં ઝાલ્યો, જેવો તેણે રાજદંડ ઝાલ્યો કે તુરત જ ઓરડાની ચારે ભીંતો નીચે પડી ગઇ. જેથી આખી દુનિયા અને તેમાં માણસો શું કરે છે તે એને દેખાવા માંડયું. "મારે ઘેર બધા કેમ છે અને દાણાનો પાક કેવો છે તે હું જોઇ શકીશ." એવો તેને વિચાર આવ્યો. જેવી તેણે પોતાના ખેતર ભણી નજર

કરી કે તેને સારો પાક જણાયો. એક ખેડુત તેમાં થઇને ગાડું હાંકતો તેણે દીઠો. પહેલાં તો તે તેને પોતાના બાપનું ગાડું લાગ્યું, પણ બરોબર તપાસતાં તે તો કોઇ ચોર જણાયો. આથી શિવદયાળ ગુસ્સે થઇ બોલી ઉઠયો, "બાપા, બાપા, ખેતરમાં દાણાની ચોરી થાય છે!" બાપ જાગી ઉઠયો. "અરે! મને સ્વપ્નું આવ્યું કે ખેતરમાં દાણાની ચોરી થાય છે, ચાલ જઇને જોઉં." એમ વિચારીને ઘોડે બેસી ખેતર ભણી ગયો. ત્યાં ચોરોને દેખી તુરતજ પાડોશીને ભેગા કરી તેને પકડયો, અને સહુએ તેને ખુબ મારી કેદખાનામાં નંખાવ્યો.

હવે શિવદયાળે પોતાના ઘર ભણી નજર કરી, તો ત્યાં પોતાની માને સુતેલી દીઠી. એક ચોરે ઘરમાં પેસી પેટી ભાગવા માંડી. તેની મા જાગી ઉઠી અને ચીસો પાડવા માંડી, જેથી ચોર એક કુહાડી લઈ તેને મારવા દોડયો. શિવદયાળથી આ દેખી ન શકાયું, તેણે રાજદંડનો પેલા ચોર ઉપર પ્રહાર કરી તેને તુરત જ મારી નાંખ્યો.

---

## પ્રકરણ ૪ થું.

શિવદયાળે જેવો તે ચોરને મારી નાંખ્યો કે તુરત જ ચારે બાજુથી દીવાલો અસલની જેમ બંધાઇ ગઇ. દરવાજો ઉઘડી ગયો અને સત્યવાન તેમાં દાખલ થયા. તેણે શિવદયાળને હાથ ઝાલીને ગાદી ઉપરથી ઉતરી મુકી કહ્યું કે "તેં મારો હુકમ માન્યો નહીં દરવાજો ઉઘડયો એ તેં એક પાપ કર્યું. મારી રાજગાદી પર ચઢી મારો રાજદંડ ઝાલ્યો એ બીજું પાપ. અને દુનિયાના પાપમાં વૃદ્ધિ કરી એ ત્રીજું પાપ. જો એક કલાક વધુ તું ત્યાં રહ્યો હોત તો અર્ધી દુન્યાનો તું નાશ કરત."

સત્યવાને શિવદયાળના કામનો ચિતાર આપવા ફરીથી તેને રાજગાદી પર બેસાડી તેના હાથમાં રાજદંડ આપ્યો. દિવાલો ફરીથી

તુટી પડી અને આખી દુનિયાના દેખાવો પ્રત્યક્ષ થયા. હવે સત્યવાન બોલ્યા કે જો, આ તારા બાપની દશા તેં કેવી કરી. પેલો ચોર જેલમાં વધુ બદમાશી શીખ્યો. એણે તારા બાપના બે બળદ ચોર્યા, અને હવે ઘરને આગ લગાડે છે. શિવદયાળે પોતાનું ઘર બળતું દીઠું. ત્યાંથી નજર ફેરવી તેની મા તરફ જોયું, તો તેવામાં તે ગમગીનીમાં બોલી, "અરે! ચોર મારે હાથે મુઓ તેના કરતાં એણે મને મારી હત તો કેવું ભલું થાત! હું કેટલા પાપથી છુટત?" આ તારી માની દશા તેં કરી, હવે બે દરોગાએ પકડેલો એક ચોર તેમની નજરે પડયો. સત્યવાન તેને દેખાડી બોલ્યા, "આ માણસે નવ હત્યા કરી છે. પોતાનાં પાપનો જવાબ એને દેવો પડત, પણ તેં તેને મારીને તેનાં પાપ તારે માથે લીધાં છે. આ તારી પોતાની દશા તેં કરી. પેલી રીંછણે ઘોકો ઉછાળ્યો ને તેના બચ્ચાંને વાગ્યું. ફરી ઉછાળ્યો ને તેનું મોટું બચ્ચું માર્યું ગયું. વળી જોરથી ઉછાળ્યો ને પોતે મારી ગઈ. તેં પણ એવું જ કર્યું. હવે તને ૩૦ વરસની મુદત આપું છું, જેથી સંસારમાં જઇને સારાં કામો કરી ચોરનાં પાપો ધોઇ નાંખ. જો એ તારાથી નહીં બને તે ચોરની સજા તારે ખમવી પડશે."

"ચોરનાં પાપો હું કેમ ધોઇ શકીશ?" શિવદયાળે ચિંતાતુર ચહેરે પૂછ્યું.

સત્યવાને જવાબ દીધો, "તેં દુનિયામાં જેટલાં પાપ કર્યાં છે તેટલું ભલું કરીશ ત્યારે તારાં અને ચોરનાં બંનેનાં પાપ માફ થશે."

શિવદયાળે ફરીથી પૂછ્યું. "સંસારનાં પાપો કેમ ધોવાય?" સત્યવાને જવાબ દીધો, "પૂર્વ દિશામાં તું ચાલવા માંડ. ત્યાં એક ખેતર આવશે. તેમાંના માણસોને તું જાણતો હોય તે કહેજે. વળી આગળ જજે ને જે જુવે તે ધ્યાનમાં રાખજે. ચોથે દિવસે એક વન આવશે. તે વનમાં એક ભોંયરૂં છે. તેમાં એક ઘરડો માણસ રહે છે. તારી કહાણી એને કહેજે. એ તને શિખામણ આપશે. તેની શિખામણ પ્રમાણે બરોબર ચાલીશ એટલે તારાં અને ચોરનાં પાપ ધોવાઇ જશે."

## પ્રકરણ ૫ મું.

શિવદયાલ રસ્તે ચાલતાં ચાલતાં વિચારે છે. દુનિયામાંથી પાપ કેમ જાય? લોકો પાપીઓને જેલમાં નાખે છે, દેશપાર કરે છે, ફાંસીએ ચઢાવે છે. આમ કરી પાપ દૂર કરવાનો યત્ન સહુ કરે છે, બીજાનાં પાપ લીધાં વિના હું પાપ કેમ દૂર કરૂં? આમ મુંઝાતો મુંઝાતો તે ચાલ્યો જાય છે પણ કંઇ સુઝતું નથી, એમ કરતાં તે એક ખેતર પાસે આવ્યો. તેમાં દાણો સારો પાક્યો હતો. વાઢનારા દાણો કાપવા આવ્યા હતા. તેમાં એક વાછરડું પેસી ગયું. બધા ખેડુઓ અહીંથી તહીં તેને દોડાવે. ઘડીમાં તે બહાર આવે ને વળી માણસોની ચીસાચીસ ને દોડાદોડથી તે પાછું ખેતરમાં પેસી જાય. એક બાઇ રડતાં રડતાં બોલી, "આ ખેડુ મારા વાછરડાને મારી નાંખશે." શિવદયાળ બોલી ઉઠ્યો, "ભાઇઓ, તમે બધા ટાઢા પડી ઉભા રહો તો હમણાં આ બાઇ તેને બોલાવી લેશે." ખેડુતો તેની વાત માની એક બાજુએ ઉભા રહ્યા. એટલે પેલી બાઇએ વાછરડાને બોલાવી લીધું. શિવદયાળની આ શિખામણથી પેલા ખેડુઓ, તે ઓરત અને વાછરડું ત્રણે રાજી થયાં.

શિવદયાળ વળી ચાલતાં વિચારે છે. "હવે સમજાય છે કે પાપથી પાપ વધે. પાપને જેમ ઝાઝી સજા કરીએ તેમ તે વધતું જાય. પાપે પાપનો નાશ એ વાત તો ખોટી. ત્યારે પાપનો નાશ કેમ થાય? જો વાછરડે તે ઓરતનું કહેવું ન માન્યું હોત તો તે કેમ બહાર નીકળત? મને તો કંઇ સુઝતું નથી."

## પ્રકરણ ૬ ઠું.

શિવદયાળ આમ વિચાર કરતો કરતો ચાલ્યો જાય છે. અંતે એક ગામડું આવ્યું ત્યાં આરામ લેવાનો વિચાર કર્યો. એક ઘરમાં

રાતોરાત સુવાની રજા માગી, ઘરધણીએ તેને પોતાના ઘરમાં સુવાની સોઇ કરી આપી.

શિવદયાળ બીછાનામાં પડયો પડયો જોયા કરે છે. ઘરધણીએ ઘર લીંપીને સાફ કરેલું છે. હવે કેટલીક છબીઓ સાફ કરે છે. એક મેલા લુગડાવડે તે છબીના કાચ લુંછે છે. એક બાજુથી લુંછે છે–કાચ અસલ જેવાજ મેલા દેખાય છે. મેલા લુગડાના લીસોટા તેની ઉપર પડી રહ્યા છે. બીજી બાજુએથી તે લુંછે છે–કેટલાક ડાઘ જાય છે પણ બીજા નવા ડાઘ પડી રહે છે. વળી મેલું લુઘડું ઘસે છે. એક ડાઘ જાય છે તો બીજો ડાઘ પડી જાય છે.

શિવદયાળ આ જોયા કરતો હતો તે બોલી ઉઠયો "ભાઇ, આ શું કરો છો?"

"જુઓની ભાઈ, દીવાળીના દિવસ પાસે આવ્યા છે. આ છબીઓના કાચ સાફ કરૂં છું. પણ એક ડાઘ કાઢું છું ત્યાં બે બીજા નવા પડે છે. હુ તો થાકયો, પણ આ છબીઓ સાફ થતી નથી." ઘરધણીએ જવાબ દીધો.

"આ લુગડાના કટકાને પહેલાં ધોઇને પછી છબીના કાચ ઘસશો તો હમણાં તે સાફ થઇ જશે. શિવદયાળે શીખામણ આપી.

ઘરધણીએ તેમ કર્યું એટલે કાચ સાફ થઇ ગયા. મહેમાનની સલાહથી પોતાનું કામ થયું તેથી ઘરધણી બહુ રાજી થયો અને તેનો પાડ માન્યો.

વળતી સવારે શિવદયાળે ઘરધણીની રજા લઇ ચાલવા માંડયું. ચાલતાં ચાલતાં એક જંગલમાં આવ્યો. ત્યાં કેટલાક મજુરો પૈડાંને ચઢાવવા સારૂ લોઢાના પાટા વાળતા હતા. તે પાસે આવ્યો ત્યારે જોયું તે જણાયું કે જે ચક્કર ઉપર પાટા વળતા હતા તે છુટું હતું તેથી પાટા વાળતી વખતે તે ખસી જતું હતું. શિવદયાળે આ જોઇ પુછ્યું "શું કરો છો, ભાઇ?" તેમણે જવાબ આપ્યો: "અમે પાટા વાળવા માંડયા તો વળતા જ નથી, ને અમે તો હવે થાકી ગયા." શિવદયાળે સલાહ દીધી કે "ભાઇઓ, જો પહેલાં આ ચક્કરને

એક બાજુએ મજબુત કરશો તો તમારા પાટા તુરત વળી જશે." ઉપર પ્રમાણે કરવાથી કામ બરોબર ચાલવા માંડયું. મજુરોએ શિવદયાળને રાતે પોતાનો મહેમાન કરીને રાખ્યો. બીજી સવારે પરોઢીએથી તેમણે ફરી ચાલવા માડયું.

એક દિવસ ને રાત ચાલતાં એક જંગલમાં કેટલાક ભરવાડો આરામ લેતા હતા ત્યાં આવી પહોંચ્યો. ભરવાડો ઢોરને ચરવા મુકી અગ્નિ સળગાવતા હતા. તેમણે સુકી ડાંખલીઓ લઇને તેને સળગાવી. તે ડાંખળીઓ સળગી ન સળગી ત્યાં તો એની ઉપર બીજાં લીલાં ભારે લાકડાં ખડકયાં. લાકડાના ભારથી સળગેલી ડાંખળીઓ બુઝાઇ ગઈ. ભરવાડોએ ફરી પ્રયત્ન કર્યો પણ દેવતા સળગીને બુઝાઇ ગયો. ત્યારે શિવાળ બોલી ઉઠયો, " ડાંખળીઓ સળગાવીને તુરત જ જાડાં લાકડાં તેની ઉપર ન મુકો. જ્યારે તે બરોબર સળગે પછી લાકડાં નાંખશો તો તુરતજ અગ્નિ ચાલુ થશે." ભરવાડોએ ખુબ ડાંખળીઓ એકઠી કરી તેમને બરોબર સળગવા દીધી. પછી લાકડાં નાખ્યા. એટલે દેવતા સારી રીતે સળગવા માંડયો. શિવદયાળ ત્યાં થોડીવાર રોકાઇ આગળ ચાલવા માંડયો. ચાલતાં ચાલતાં વિચાર કરે છે, " આ મેં જોયું તેનો શું અર્થ હશે ! " પણ તેનાથી તેનું રહસ્ય ન સમજી શકાયું.

## પ્રકરણ ૭ મું.

સાંજ સુધી ચાલ્યા કીધું ત્યારે વનમાં એક ભોંયરા પાસે આવી પહોંચ્યો. તેનો દરવાજો ઠોકતા " કોણ છે " કરી અવાજ આવ્યો. " એક મહા પાપી. પારકાનું પાપ માથે લઇ લેવાથી હવે તેને ધોવા જાઉં છું. " એમ શિવદયાળે નમ્રપણે જવાબ દીધો.

ભોંયરામાંથી મહાત્મા બહાર આવ્યા અને પૂછયું, " બીજાનાં એવાં કયાં પાપ તું તારે માથે લઇ ફરે છે ? " શિવદયાળે બધી વાત કહી. સત્યવાનને મળ્યાની, રીંછણ અને તેનાં બચ્ચાંની, બધ ઓરડાની રાજગાદીની, સત્યવાનની આજ્ઞાની, રસ્તાના ખેડુની અને વાછરડું તેની પાળનાર બાઇના સાદથી કેવું બહાર નીકળી આવ્યુ તેની

વાત કહી. અંતે તે બોલ્યો, " દુનિયામાં પાપે પાપ ઠેલાતું નથી, ને વળી પાપ કેમ જાય એ વાત મારાથી સમજાતી નથી. મને આપ શીખવો. "

મહાત્માએ કહ્યું: ' બેટા, તેં બીજું શું જોયું એ મને કહે. "

શિવદયાળે મેલાં લુગડાં વડે છબી સાફ કરનાર ઘર ધણીની વાત કહી. લોઢાના પાટા વાળનાર મજુરો વિષે તેમજ ભરવાડો વિષે પણ બધી હકીકત કહી.

વાત સાંભળીને મહાત્મા ભોંયરામાં ગયા અને ત્યાંથી એક બુઠી કુહાડી લઈ આવ્યા. તે શિવદયાળને આપી બોલ્યા " ચાલ મારી સાથે. " ભોંયરાની બીજી બાજુએ એક ઝાડ બતાવી કહ્યું " આને કાપી નાખ. "

શિવદયાળે તેને કાપી નાંખ્યું. ઝાડ પડી ગયું " હવે તેના ત્રણ કટકા કર. " મહાત્માએ વધુ આજ્ઞા કરી.

શિવદયાળે હુકમ બજાવ્યો. ત્યારે મહાત્મા ભોંયરામાંથી થોડો દેવતા લાવ્યા અને તે વડે એ ત્રણે કટકા સળગાવી દેવાનું શિવદયાળને કહ્યું. તેણે દેવતા સળગાવ્યો અને ત્રણે કટકા બળીને ત્રણ ઠુંઠાં રહ્યાં, મહાત્માએ એ ઠુંઠાંને જમીનમાં અડધાં ડાટવાનો હુકમ કર્યો. તે હુકમ શિવદયાળે પાળ્યો.

" હવે અહીં જો. આ પહાડની તળેટીમાં નદી વહે છે. તેમાંથી તારા મોંઢામાં પાણી ભરીને આ ઠુંઠાને પાણી પાજે. આ પહેલાં ઠુંઠાને પાણી પાઇને પેલા ઘરધણીને શીખામણ દીધી તે યાદ કરજે, આ બીજાને પાણી પાતાં પાટા વાળનાર મજુરોને આપેલી સલાહ યાદ કરજે, તથા ત્રીજાને પાણી પાતાં ભરવાડને આપેલી અક્કલ યાદ કરજે, એમ પાણી પાતાં પાતાં જ્યારે આ ત્રણે ઠુંઠામાંથી આંબાના ઝાડ ઉગે, ત્યારે દુનિયામાંથી પાપ કેમ ઘટે તે તું સમજી શકીશ અને ત્યારે તારાં પાપ સાફ થઈ જશે. "

આ પ્રમાણે હુકમ કરી મહાત્મા ઝુંપડામાં ચાલ્યા ગયા. શિવદયાળ મહાત્માની વાતોનો વિચાર કર્યાજ કરે પણ સુઝે નહિ. તોપણ તેણે મહાત્માના હુકમને બરાબર અમલમાં મુકવા માંડયો.

૧૦૬૪૪

## પ્રકરણ ૮ મું.

શિવદયાળે નદીએ જઇ મોંઢામાં પાણી ભર્યું અને પેલા ઠુંઠાને પાણી પાયું. વારે ઘડીએ નદીએથી મોંઢામાં પાણી લઇ આવીને બધાં ઠુંઠાને પાણી પાય. અંતે એ થાકી ગયો અને બહુજ ભુખ્યો થયો. તેથી પેલા મહાત્મા કને કંઇ ખાવાનું માગવા તે ભોંયરામાં ગયો. બારણું ઉઘાડી અંદર પેઠો તો તે મહાત્માને મરેલા દીઠા. જમીનમાં ખાડો ખોદી દાટવાનો વિચાર કરે છે. એવામાં પાસેના ગામડામાંથી કેટલાક માણસો ખાવાનું લઈ ત્યાં આવી પહોંચ્યાં. તેમણે મહાત્માને મરેલા જાણી દાટવાના કામમાં મદદ કરી અને ખાવાનું શિવદયાળને આપ્યું. તેમણે બધાએ ત્યાર પછી શિવદયાળને મહાત્માની ગાદી સોંપી. શિવદયાળ તે સ્થાન કબુલ કરી મહાત્માના ભોંયરામાં રહ્યો અને લોકો જે ખાવાનું લાવતા તેટલેથી પોતાનો નિર્વાહ ચલાવતો તથા નદીએથી મોંઢામાં પાણી લાવી રોજ પહેલા ઠુંઠાને પાતો. આ આજ્ઞા તેણે બરોબર પાળી.

આ પ્રમાણે એક વરસ પસાર થયું. ઘણા જણ તેની પાસે આવવા મંડયા, અને તેની પવિત્રતાનાં વખાણ થવા મંડયા, મોંઢામાં પાણી ભરી પહાડ ચઢીને બળેલાં ઠુંઠાને પાણી પાય છે. આવી રીતે તે આત્મહિત કરે છે. મોટા મોટા વેપારીઓ તેની પાસે આવી કીંમતી ભેટો મુકવા મંડયા. શિવદયાળ પોતાને જરૂર હોય તેટલું જ લેતો, વધારે જે કાંઇ તેને આપવામાં આવતું તે એ ગરીબોને વહેંચી દેતો. આમ શિવદયાળના દિવસ પસાર થવા માંડયા. અરધો દિવસ પાણી પાવામાં જતો ને અરધો દિવસ તેના દર્શને આવતા તેમની સાથે વાત કરવામાં જતો. પોતે આ પ્રમાણે રહેવાથી પાપો ધોવાશે એમ શિવદયાળ માનતો હતો.

બે વરસ પસાર થયાં. એક દિવસ પણ નિયમ પ્રમાણે પાણી પાયા વિના પસાર ન થવા દીધો. તોપણ પેલા ઠુઠામાંથી ફણગો ફુટયો

નહીં. એક દિવસ તે બેઠો છે એવામાં કોઈ ઘોડેસ્વાર ગીત ગાતો ગાતો જતો હતો. તે તેને કાને પડયું. આ કોણ હશે એ જાણવા તે બહાર આવ્યો. સુંદર કપડાં પહેરેલાં, અને તેજી ઘોડા ઉપર સોનેરી જીન ઉપર બેઠેલો મજબુત માણસ તેની નજરે પડયો. તેને ઉભો રાખી શિવદયાળે પુછ્યું " ભાઇ તમે કોણ છો, અને કયાં જાઓ છો ?"

" હું લુંટારો છું " તેણે ઉભા રહી જવાબ આપ્યો. " માણસોને મારી હું તેમનો માલ લુંટી લઉં છું. જેમ વધારે માણસો મારૂં ને વધુ લુંટ કરૂં તેમ મને વધુ આનંદ થાય છે. "

શિવદયાળ ભયભીત થઇ ગયો ને વિચારવા લાગ્યો કે " આ માણસનાં પાપ કેમ ધોવાય ? મારી પાસે આવી જેઓ પોતાનો દોષ વગર પુછે કહે તેમને શિખામણ આપવી એ સહેલું છે; પણ આ માણસ તો પાપમાં આનંદ માને છે. " શિવદયાળ ત્યારે તો કંઇ બોલ્યો નહીં. મનમાં વળી વિચારવા લાગ્યો કે " હું શું કરૂં ? જો આ ઠેકાણે રોજ આ લુંટારો આવશે તો અહીં આવનારા માણસો બ્હી જશે અને આવશે નહિં. આથી તેમનું અજ્ઞાન દુર કરવાનો સંજોગ દુર થશે અને વળી મારો ગુજારો કેમ કરવો એ મુશ્કેલી ઉભી થશે. " આવો વિચાર કરી તે ચોરને ફરી કહેવા લાગ્યો " મારી પાસે આવી માણસો પોતાનાં પાપનો પસ્તાવો કરે છે, અને તેની ક્ષમા માગે છે. ઇશ્વરથી બ્હીને તું પણ પસ્તાવો કર. જો તારે પાપમાંથી નીકળવું ન હોય તો અહીંથી જતો રહે. અને ફરી આવીશ નહીં. તારી ધાકથી બીજા માણસો આવતાં અટકે એવું ન કરીશ. મારૂં કહેવું નહિં માને તો પ્રભુ તને સજા કરશે. "

લુંટારો તો આ સાંભળી હસી પડયો. અને તે બોલ્યો " મને કાંઇ ઇશ્વરની બ્હીક નથી. ભાઇ, તું કાંઇ મારો ધણી નથી કે હું તારૂં કહેવું માનુ. હું લુંટનો ધંધો કરી ગુજારો કરૂં છુ, તો તું પવિત્ર રહી ગુજારો કરે છે. આપણે જેમ તેમ કરી ગુજારો કરવો. એટલો નિયમ છે. જે ઘરડી ડોશીઓ આવે તેને તારો ઉપદેશ કરજે પણ મને તારે શીખવવું નહીં. તેં ભગવાનનું નામ લીધું છે તો કાલે વળી બે વધુ

માણુસો મારીશ. હું તને પણ આજે તો મારી નાખત. પણ જવા દઉં છું. મારી આડે બીજીવાર આવીશ માં."

લુંટારો તો આમ ધમકાવીને ચાલ્યો ગયો. તે પાછો આવ્યો નહીં. એમ કરતાં શિવદયાળનાં આઠ વરસ સુખ શાંતિમાં પસાર થઇ ગયાં.

## પ્રકરણ ૯ મું.

—:o:—

એક દિવસ જમીનમાં વાવેલાં ઠુંઠાંઓને નિત્ય નિયમ પ્રમાણે પાણી પાઈ આવીને શિવદયાળ પોતાના ભોંયરામાં પાછો ગયો, અને બેઠા બેઠા બહારથી માણુસો તેને સારૂં ખાવાનું લઈ આવે એની રાહ જોવા લાગ્યો. ત્રણ આખા દિવસમાં એક જીવ ફરકયો નહીં. સાંજ સુધી રાહ જોયા પછી જ્યારે કોઈ ન આવ્યું ત્યારે તે મનથી બહુજ દુઃખી થયો. એમ કરતાં પોતાની સ્થિતિનો વિચાર કરતાં તેને ચોરની વાત યાદ આવી. ચોર ચોરી કરીને પેટ ભરે છે ને હું પવિત્રતાનો વેશ ધારી પેટ ભરૂં છું. મારી જીંદગીમાં હું શું આગળ વધ્યો? સાધુએ તો મને તપ કરવા કહેલ, પણ મારૂં તપ તો પેટ ભરવા સારૂ છે. વળી લોકોનાં વખાણ સાંભળવાનું મને ગમે છે અને વળી લોભ તો એવો લાગ્યો છે કે માણુસો મારી પાસે નથી આવતા તો હું દુઃખી થઇ જાઉં છું. જ્યારે તેઓ આવે છે ત્યારે હું રાજી થાઉં છું, કારણ કે તેઓ મારી સ્તુતિ કરે છે. એવું જીવન સાધુતાની નિશાની નથી. માનના લોભથી હું આડે રસ્તે નીકળી ગયો. મારાં પુરાણાં પાપનો પશ્ચાતાપ તો હજુ નથી કર્યો, પણ આ તો સામાં બીજાં વધારે પાપ કરૂં છું.

ઉપર પ્રમાણે વિચાર કરી શિવદયાળે તે ભોંયરૂ છોડયું. માણુસો ન દેખે એવે ઠેકાણે ગુફામાં તે જઇ ત્યાં વળી એક દિવસે તેને આગળ મળેલો ચોર મળ્યો, તેને જોઇ શિવદયાળે ભાગવા માંડયું પણ ચોરે તેને પકડી લીધો. ચોરે પુછ્યું "ક્યાં ભાગો છો? ભાઇ સાહેબ!" શિવદયાળે જવાબ દીધો કે "લોકો મને ન દેખી શકે એવે સ્થળે જાઉં છું." ચોર આ સાંભળી બહુજ નવાઇ પામ્યો.

"જો લોક તારી પાસે નહીં આવે તો તારો ગુજારો કેમ ચાલશે?" ચોરે પુછ્યું. આટલું કહી તે ચાલતો થયો. શિવદયાળે આ બાબત વિચાર જ નહોતો કર્યો. ચોરના જવા પછી તે વિચારવા લાગ્યો કે "એણે મારી ખબર પુછી પણ મેં તો એના જીવન સંબંધી ખબર પુછ્યા નથી. હવે એને પોતાના ધંધાનો પશ્ચાતાપ થતો હશે તો? આજે એ માયાળુ જણાય છે. મને લગારે ધમકી આપી નથી." આમ વિચારી તેણે ચોરને બુમ પાડી ઉભો રાખ્યો, અને તેની પાસે જઈ કહ્યુ "ભાઇ, મારૂં તો ઇશ્વરેચ્છા હશે તેમ થશે, પણ હવે તારાં પાપોનો પશ્ચાતાપ કરવો પડશે. પ્રભુની સત્તાથી તું છુટી શકે એમ નથી." ચોરે ઘોડો ફેરવ્યો ને પોતાની ભેઠમાંથી એક છરો કાઢી તેને મારવા દોડયો. શિવદયાળ તો ભયભીત થઇ ઝાડીમાં ભરાઇ ગયો, એટલે ચોર બુમ પાડી બોલ્યો "બે વાર તું મારી આડે આવ્યો છે અને મેં તને જવા દીધો છે, પણ હવે ત્રીજીવાર હાથમાં આવ્યો કે મુઓ જ સમજજે."

આમ બોલી ચોર ચાલ્યો ગયો. સાંજે જ્યારે નિત્યનિયમ મુજબ શિવદયાળ ઠુંઠાંઓને મોઢાવડે પાણી પાવા ગયો કે એક ઠુંઠામાંથી ડાળું ફુટેલું દીઠું.

---

## પ્રકરણ ૧૦ મું.

આ પ્રમાણે શિવદયાળ એકલા માણસોની નજર બહાર રહેવા લાગ્યો. ત્યાં જંગલમાંથી કંદમુળ કાઢીને તે પોતાનું પેટ ભરતો હતો. દિવસે કંદમુળ વાસ્તે જતો હતો ત્યાં એક ઝાડ તળે એક ટોપલીમાં રોટલીઓ ટાંગેલી દીઠી. ઇશ્વરનો આભાર માની તેણે એ રોટલી લીધી. હવેથી રોજ એ પ્રમાણે રોટલીઓ મળવા લાગી. અને રોજ ઇશ્વરના ગુણ ગાઇને તે રોટલીઓ ખાવા લાગ્યો. એમ કરતાં દશ વરસ વીતી ગયાં. પહેલા એકજ ઠુંઠામાંથી ઝાડ ઉગવા લાગ્યું. અને તેમાંથી સુંદર આંબાનું ઝાડ થયું. બીજાં બે ઠુંઠાં એમ ને એમ રહ્યાં. એક દિવસ સાંજરે પોતાનું કામ કરી શિવદયાળ બેઠા બેઠા વિચાર કરે છે કે "મેં તો પાપ કર્યાં છે. મને મોતની બીક લાગે છે પ્રભુની ઇચ્છા

હોય તો મારાં પાપો મરવાથી પણ બળી જાવ." હજી તો આવો વિચાર કરે છે એટલામાં પેલો ચોર અપશબ્દો બોલતો આવ્યો. શિવદયાળે મનમાં ઠરાવ કર્યો કે "પ્રભુ સિવાય મારૂં સારૂં કે નરસું કોઇ કરી શકે એમ નથી." આવા ઠરાવથી દ્રઢ થઇ તે ચોરને મળવા ગયો.

તેને માલુમ પડયું કે ચોર એકલો નહોતો પણ તેની વાંસે ઘોડા ઉપર એક માણસને બાંધ્યો હતો, તેને તે ગાળો દેતો હતો અને ધમકાવતો હતો. આ જોઇ શિવદયાળ તેની પાસે ગયો અને ઘોડાને ઝાલી ઉભો રહ્યો. અને તેણે પુછયું આ માણસને તું કયાં લઇ જાય છે ?" ચોરે કહ્યું "હું એને જંગલમાં લઇ જાઉં છું. એ ધનવાનનો દીકરો છે. પોતાના બાપની પુંજી કયાં છે એ તે કહેતો નથી. જ્યાંસુધી મને એ વિષે ન કહે ત્યાંસુધી તેને બાંધીને મારવાનો મેં ઠરાવ કર્યો છે."

આટલું બોલી ચોરે ઘોડાને હાંકવા માંડયો, પણ શિવદયાળે ઘોડાને ઝાલી રાખ્યો. તેણે કહ્યું "આ માણસને છોડી મુક. "ચોરને આ સાંભળી ગુસ્સો ચઢયો. જેથી પોતાનો છરો કાઢી બોલ્યો, "તારા પણ આવાજ હાલ કરૂં કે ? મેં તને મારી નાંખવાનું કહ્યું છે એ ભુલી ગયો, નહીં?" શિવદયાળને કંઇ બ્હીક ન લાગી. તે બોલ્યો, "તું આને જવા દે, તારાથી બ્હીતો નથી. હું એક પ્રભુથી જ બીહું છું. પ્રભુ મને કહે છે કે મારે તને ન જવા દેવો. આ માણસને છોડી મુક." ચોરે દાંત પીસ્યા. છરાથી દોરડાના બંધ કાપી નાખ્યા અને પેલા વેપારીના છોકરાને છોડી મુકયો. ચોરે કહ્યું "જાઓ ભાગો, તમારૂં મોત ભમે છે. મારી નજરે ફરીથી ચઢયા તો તમારૂં આવી બન્યું છે, એ ખચીત માનજો."

ધનવાનનો દીકરો દોડીને જંગલમાં સંતાઇ ગયો. ચોરે ચાલવા માંડયું કે વળી તેને શિવદયાળે કહ્યું. "ભલા માણસ પાપી ધંધો છોડી દે. શામાટે નર્કમાં જવાનાં કામ કરી રહ્યો છે ! પ્રભુમાં તારૂં ચિત્ત જોડી દે. તે તારા પાપોની ક્ષમા બક્ષશે." ચોર ઉભો રહીને આ બધું સાંભળી રહ્યો અને તે પછી ધીરે ધીરે વિચાર કરતો ચાલ્યો. સવારે ફરીથી ઠુંઠાંને પાણી પાવા ગયો, ત્યારે શિવદયાળે બીજા ઠુંઠામાંથી ફણગો ફુટેલો દીઠો.

# પ્રકરણ ૧૧ મું.

બીજાં દશ વરસ પણ પસાર થઇ ગયાં. શિવદયાળ હજી જીવે છે, હવે તેને કોઈ પ્રકારની કામના રહી નથી, તે નિર્ભય થઈ ગયો છે. તેનું હૃદય આનંદમાં મસ્ત રહે છે. એક દિવસ તે વિચારે છે કે "પ્રભૂએ માણુસને કેવું સુખ આપ્યું છે. તેમ છતાં તેઓ ઠાલાં ઠાલાં દુઃખી થાય છે. અખંડ છોડીને તેઓ દુઃખને જ વળગી રહે છે." આવો વિચાર કરતાં તેને માણુસનાં પાપો યાદ આવ્યાં. તેઓ હાથે કરી કેમ દુઃખ વ્હોરી લે છે એ પણ તેને યાદ આવ્યું. તેને તેમની દયા ઉપજી. તે મનમાજ નિશ્ચય કરી ઉઠ્યો મારે અહીં નિરાંતે રહેવું એ ખોટું છે. અજ્ઞાનીઓને સત્ય વાત સમજાવવા મારે બહાર જવું જોઇએ." આવો નિશ્ચય થતાંની સાથે જ લુંટારાને પસાર થતાં દીઠો. તે સમજાવ્યો સમજતો નથી તેથી તેને કહેવાનો પ્રયત્ન કરવો વ્યર્થ છે એમ વિચાર કરે છે એટલામાં વળી પોતાના નિશ્ચયની વાત યાદ આવે છે. એટલે ઉઠી રસ્તો લુંટારાની સામે ગયો. લુંટારો ગમગીનીથી નીચી દ્રષ્ટિએ ચાલતો હતો. શિવદયાળે તેને જોયો કે તેનું દીલ દયાથી પીગળી ગયું. તેની પાસે જઇ બોલ્યો "ભાઇ જાગીને જો. તારા દીલમાં ઇશ્વરનો વાસો છે. કપટરૂપી પડદાથી તે તારી દ્રષ્ટિએ નથી પડતો. એ કપટવડે તું દુઃખી થાય છે; બીજાને દુઃખી કરે છે; અને હજી તું બહુ દુઃખી થઇશ. પ્રભુની તારી ઉપર કેવી દયા છે! ભાઈ, એનો અનાદર ન કર. તારૂં જીવન ઇશ્વર સન્મુખ કર. લુટારો બાજુએ ફરી કરડું મોહું કરી ચાલવા લાગ્યો. શિવદયાળે તેને ન છોડ્યો. તેને નમીને તે રડી પડ્યો.

લુટારાએ પોતાની આંખ ઉંચી કરી, તે તેની સામે એક ટશે જોઈ રહ્યો, અંતે ઘોડા ઉપરથી ઉતરી પડી શિવદયાળને પગે પડ્યો, અને બોલ્યો કે "વૃદ્ધ મહાત્મા, તમે મને જીતી લીધો છે, વીસ વરસ સુધી મેં તમારાથી ઝગડો કર્યો, પણ અંતે હું હાર્યો છું. હવે પછી

જ્યારે પ્રથમ તમોએ મને ઉપદેશ કર્યો ત્યારે મનેસમજણુ આવવાને બદલે વધારે ગુસ્સો ચઢયો હતો. પણ જ્યારે તમે માણસોથી વેગળા જઇ એકાંતવાસ ધારણ કર્યો ત્યારે મારૂ મન પીગળ્યું, તમે નિષ્કામ છો એવી મારી ખાતરી થઇ. ત્યારથી મને તમારા શબ્દોની અસર થવા માંડી. તે દિવસથી ઝાડ ઉપર હું રોજ રોટલી બાધું છું.

હવે શિવદયાળને યાદ આવ્યું કે "આરસી સાફ કરવા સારૂ પહેલું તે લ્હોવાનુ લુગડું સાફ કરવું જોઇએ. જ્યારે તારૂ હૃદય સાફ થયું ત્યારે બીજાઓના હૃદય પણ હું સાફ કરી શકું છું. જ્યારે મને મોતની બ્હીક ન રહી ત્યારે લુટારાનું દિલ પીગળી ગયું. ચાક ઉપર ચઢાવવાના લોઢાના પાટા વાળવા સારૂ પ્રથમ તો એનું ચોકઠું મજબુત કરવું જોઇએ. જ્યારે મેં મારૂં દિલ પ્રભુમાં લગાવી મજબુત કરી દીધું ત્યારે લુંટારાનું તોફાની મન પણ શાંત થઇ ઠામ બેઠું.

લુટારાએ કહ્યું: "જ્યારે તમને મારી દયા આવી અને મારી પાસે રડ્યા ત્યારે મારૂં મન ઇશ્વર ભણી વળ્યું"

શિવદયાળનો ચહેરો આનંદથી પ્રફુલિત થઇ ગયો, અને લુંટારાને લઇને પેલા ઠુંઠા આગળ લઇ ગયો. જેવા તેઓ ત્યાં ગયા કે ત્રીજા ઠુંઠામાથી પણ ફણગા ફુટેલ દીઠા. શિવદયાળે ફરી પેલા ભરવાડનો કિસ્સો યાદ કર્યો. જ્યારે તેમણે ભારે અગ્નિ સળગાવ્યો ત્યારે જ લીલાં લાકડાં સળગવા માંડયાં. જ્યારે મારૂં દિલ બીજાના દુઃખથી બળવા માંડયું ત્યારે બીજાને પણ તેની આંચ લાગી." આથી તે બહુજ રાજી થયો કેમકે હવે તેનાં પાપ બળીને ભસ્મ થઈ ગયાં હતાં.

પોતાની તમામ વિતેલી વાત શિવદયાળે પેલા લુટારાને કહી, પોતાને સત્યવાનનાં દર્શન થયાં એવી તેની ખાતરી થઇ. પોતાના બાપના શબ્દો યાદ આવ્યા કે "જે અત્યંત ભાગ્યશાળી હોય તેનેજ સત્યવાનનાં દર્શન થાય." સત્યના પ્રતાપથી દેખીતા અસંભવિત બનાવો પણ બની શકે છે એવી તેની ખાતરી થઇ.

પ્રિય વાંચનાર! આજના જમાનામાં પણ જે માણસ સત્યને અનુસરે તે એવા ચમત્કાર જોઇ શકે છે એ સંદેહરહિત છે.

—૧૭—

# જીવન દોરી

## કિંવા

# દેવદૂતની વાત.

---

## પ્રકરણ ૧ લું.

---

એક શહેરમાં નથુ નામનો મોચી રહેતો હતો. જે ગરીબ સ્થિતિનો હતો. શહેરમાં એક ઘર ભાડે રાખી તે પોતાની સ્ત્રી તથા છોકરાંઓ સાથે રહેતો હતો. પોતાના ધંધામાંથી જે કંઇ પેદાશ થતી તેમાંથી ભાગ્યેજ પોતાના કુટુંબનું તે પોષણ કરી શકતો. શહેરની અંદર મજૂરી અત્યંત સસ્તી હતી અને કામ ઘણુંજ થોડું મળતું હતું. વળી શહેરમાં મોઘવારી પુષ્કળ હોવાથી પોતાના કુટુંબનું પોષણ કરવું એ મહા મુશીબતનું કામ હતું. પોતાને પોતાની સ્ત્રી અને છોકરાંઓને માટે ભાગ્યેજ પુરતાં કપડાં પહેરવાનાં પણ ખરીદી શકતો. જ્યાં ખાવાનાજ વાંધા પડે ત્યાં બીજી અગવડતાનું પુછવુંજ શું! પોતાની પાસે એક જુની બંડી લગભગ ત્રણ વરસની હતી, જે તદ્દન હવે ફાટી ગઇ હતી, અને બીજી નવી ખરીદવાના વિચારમાં તે હતો. કારણ કે શિયાળાની રૂતુ આવી પહોંચી હતી. શીયાળાની રૂતુ નજીક આવતી હોવાથી પોતાને માટે તથા પોતાની સ્ત્રી અને છોકરાંઓ માટે કપડાં ખરીદવા વાસ્તે પૈસાનો સંગ્રહ અગાઉથી કરવાનો તેણે નિશ્ચય કીધેલો હતો, અને તે નિશ્ચય પ્રમાણે તે થોડા ઘણા પૈસા મહા મુશીબતે એકઠા કરી શક્યો હતો પરંતુ તે કપડાં લેવા માટે પુરતા તો ન જ હતા. શહેરની અંદર એક બે ઘરાકો પાસે તે પૈસા માગતો હતો. જેથી તેણે વિચાર કર્યો કે જો હું ઉઘરાણી લઇ શકું તો પુરતાં કપડાં ખરીદી શકીશ. આમ વિચાર કરી તે પોતાના ઘરાકોમાં ઉઘરાણી કરવા માટે નીકળ્યો, તેની સ્ત્રીએ

સવારમાં ખાવાનું કરી, તેને પોતાને માટે તેમજ છોકરાંઓ માટે દેહ ઉપર મારો કાબુ નથી, તમારી ઇચ્છામાં આવે એવી આજ્ઞા કરો શું શું કપડાં લેવાં, તેની યાદી કરી આપી. તેમજ તે પૈસાનો કપડાં લેવા સીવાય બીજા કોઇ પણ કામમાં ઉપયોગ ન કરવો, એ વિષે સખત સુચના કરી. કારણકે નથુ મોચીને દારૂ પીવાની ટેવ હતી, અને શીઆળામાં દારૂના વ્યસનીઓ તે વિશેષ પીએ છે. નથુ પોતાની સ્ત્રીની સલાહ સ્વીકારી શહેરમાં ઉઘરાણી નીકળી પડયો. પ્રથમ એક ઘરાકને ઘેર ગયો, ત્યાં ઘરનો ધણી હાજર નહોતો. પરંતુ તેની સ્ત્રી ઘરમાં હતી. તેણે કહ્યું કે આવતા અઠવાડીઆમાં પૈસા મોકલી આપશે. એટલે ત્યાંથી નિરાશ થઇ બીજા ઘરાક પાસે ગયો. તેણે સોગનપુર્વક કહ્યું કે તેની પાસે તે વખતે એક ફુટી બદામ પણ ન હતી. નથુએ તેને ઘણોએ સમજાવ્યો કે પોતાને કપડાં લેવાં છે, પણ ઘરાકે લાચારી બતાવી. આ ઉપરથી નથુ તદન નિરાશ થઇ ઘરાકને ત્યાંથી ચાલી નીકળ્યો. કોઇ વેપારી ઉધાર માલ આપે એવું પણ નહતું. કપડાં ખરીદવાનો મુખ્ય આધાર ઉઘરાણીના પૈસા પર હતો. પણ ઉઘરાણી બીલકુલ ન મળવાથી નિરાશ થઈ ગયો, અને રસ્તે ચાલતાં વિચાર કરવા લાગ્યો કે હવે શું કરવું? ચાલતાં ચાલતાં પોતાના ભાગ્યને દોષ દેવા લાગ્યો ને એક દારૂના પીઠા આગળ આવી ઉભો. પુરતાં કપડાં ખરીદવાને પાસે પઇસા ન હોવાથી વિચારવા લાગ્યો. "મારી પાસે પૈસા છે એ જુજ છે. અને એમાંથી કપડાં ખરીદી શકાય એમ છે જ નહીં. માટે ઉત્તમ રસ્તો તો એ છે કે પીઠામાં જઇ દારૂ પી ઘેર પાછા ચાલ્યા જઇએ." અને એમ વિચાર કરી પોતાની પાસે જે જુજ પૈસા હતા તે દારૂ પીવામાં વાપરી દીધા. અને ઘર તરફ પાછું ચાલવા માંડયું.

થંડી અત્યંત જોશથી પડતી હતી, પરંતુ દારૂ લેવાથી હવે તો શરીરમાં ગરમી આવતી હતી. જેથી નથુએ મનમાં ખ્યાલ કર્યો કે "હવે કપડાંની શી જરૂર છે? હવે તો થંડી સિવાયે ગરમી થાય

છે. માટે એજ ઉત્તમ રસ્તો છે કે વિશેષ થંડી હોય તે દિવસે દારૂ પીઇ લેવો, એટલે કપડાંની જરૂર રહેશે નહી. હવે તો આખી જીંદગી હું કપડાં સિવાય સુખશાંતિમાં ગાળી શકીશ. ફક્ત ઘરમાં સ્ત્રી છે, એ જરા મોં મરડશે, પણ તેને તો દબાવી દેઈશું. સ્ત્રીઓ એ બાબતમાં શું સમજે? કમાવાવાળા તો આપણેજ છીએને!" નથુ દારૂની ધૂનમાં આવા વિચારો કરતો રસ્તામાં એક ગલીની અંદર આવી પહોંચ્યો. અંધારૂં થવા આવ્યું હતું અને ગલીમાં બત્તીનાં કોઇ પણ જાતનાં સાધન ન હોવાથી ત્યાં બધે અંધકાર હતો. ત્યાં આગળ તેણે કેટલેક છેટે દીવાલની નજીક હવેલી પાસે કંઈક સફેદ આકૃતી જોઈ. નથુ આગળ વધતો અટકી બારીકાઇથી જોવા લાગ્યો. પરંતુ તે શું છે, તે જાણી શકયો નહીં, તે રસ્તાથી પરીચયવાળો હોવાથી વિચાર કરવા લાગ્યો કે "આ જગ્યાએ કંઈ પત્થર જેવું તો દીવસે જોવામાં આવતું નહોતું. આ શું છે? કાંઇ જાનવર છે! એવું તો કંઇ લાગતું નથી, મસ્તક તો મનુષ્યના જેવું લાગે છે. પરંતુ તે અત્યંત સફેદ લાગે છે. પરંતુ આ સમયે આવા અંધકારમાં અત્રે મનુષ્ય શામાટે આવે?" નથુ ચાલતો ચાલતો હવે તો છેક નજીક આવી પહોંચ્યો, હવે તે એને ચોખા રીતે જોઈ શકતો હતો. હવે તેની ચોક્કસ ખાત્રી થઇ કે એ તો નક્કી કોઇ મનુષ્યજ છે. પછી મરી ગએલું હોય કે જીવતું, વળી તે જોઇ શકયો કે તેના શરીરપર બીલકુલ વસ્ત્ર પણ નથી, અને તદન નગ્નાવસ્થામાં છે અને તે માણસ ભીંતને ટેકવી સ્તબ્ધ ઉભો રહ્યો છે. આ વિચિત્રતા જોઈ નથુ મનમાં ગભરાયો અને વિચાર કરવા લાગ્યો કે કોઇએ આ માણસને મારી નાંખી ભીંત સાથે ટેકાવી ઉભો રાખ્યો છે. ઘણોએ વિચાર કરીને નથુ આખરે ત્યાંથી ચાલવા લાગ્યો અને થોડેક છેટે ગયા બાદ પાછું ફરી જોયું તો તે માણસને બેસી ગયેલો અને આમ તેમ હાલતો જોયો. નથુ જરા નજીક પાછો આવીને જોવા લાગ્યો. તો તે માણસ પોતાના તરફ તાકીને જોતો માલુમ પડયો. નથુ અગાઉના કરતાં વધુ બીવા

લાગ્યો, અને વિચાર્યું કે "શું હું ચાલ્યો જાઉં કે આ મનુષ્યની સાથે કંઇ બોલું? હું એની પાસે જાઉં તો એ શું કરશે? પરમાત્મા જાણે કે એ કોણ છે, અને અત્રે આવા અંધકારમાં બેસીને શું કરે છે? હું ધારૂં છું કે અહીંયાંથી ચાલ્યોજ જાઉં. આવા નગ્ન ભીખારી જેવા પાસે જઈ મારે શું કરવું?" આમ વિચાર કરી તે પાછો ચાલવા લાગ્યો અને થોડેક છેટે ગયા બાદ પાછો ઉભો રહ્યો. અને પોતાના અંતઃકરણ સાથે વિચાર કરવા લાગ્યો: "અરે હું શું કરૂં છું? એક તદ્દન નગ્નાવસ્થામાં અને ગરીબ ભીખારી નીરાધાર મનુષ્યની નજીક થઇને કંઈ પણ લાગણી સિવાય હું ચાલ્યો જાઉં? શું મનુષ્ય જાતિને માટે મારા અંતઃકરણમાં કંઇજ લાગણી નથી? ગરીબ અને નીરાધારને મદદ કરવી એ શું મનુષ્ય કર્તવ્ય નથી? જો એ મનુષ્યની ફરજ હોય તો મારી ફરજ છે કે તે મનુષ્ય પાસે જઇ તેને પુછવું કે તે કોણ છે, અને શું કરે છે." નથુનું અંતઃકરણ તે મનુષ્યની આવી સ્થિતી જોઈ પ્રેમ અને દયાથી ઉભરાઇ આવ્યું અને હીંમત ધરી તે પેલા માણસ ભણી ચાલવા લાગ્યો.

---

## પ્રકરણ ૨ જું.

---

નથુ હવે તે માણસની તદ્દન નજીક આવી પહોંચ્યો અને તેને બારીકાઇથી જોવા લાગ્યો. તે મનુષ્ય તદ્દન યુવાન અને મજબુત બાંધાનો હતો. તેના શરીર ઉપર કંઇ પણ ઘા જેવું લાગતું નહોતું. ફક્ત તે ભયભીત અને થડીથી અકડાઇ ગએલો લાગતો હતો તે નથુના તરફ દૃષ્ટિ પણ કરતો નહોતો. કેમ જાણે કે પોતાની આંખ ઉઘાડવાને પણ અશક્ત હોય. નથુ તેની એકદમ નજીક આવ્યો, અને એકાએક તે મનુષ્યને જાગૃત થઇ ગએલો અને ગભીરતાથી પોતાના તરફ જોતો જોયો, નથુના અંતઃકરણમાં તેને પોતાના તરફ અમી દૃષ્ટિથી જોતો જોઇ અત્યંત સ્નેહ ઉપજી આવ્યો, પોતે પહેરેલી જુની

બંડી ઉતારી નાંખી, પગમાંથી જોડા ઉતારી નાંખ્યા અને કહ્યું, " કંઈ પણ વ્યર્થ વાતમાં વખત ગુમાવવો એ નકામું છે, માટે જલદી કરો, અને આ બંડી અને પગરખાં પહેરી લો."

નથુએ તેનું નામ પુછતાં તેણે જણાવ્યું કે " મારૂ નામ દેવ-દૂત છે." નથુએ તેને ઉઠાડવામાં મદદ કરી અને જોડા તથા બંડી પહેરાવ્યાં. દેવદુતની મુખાકૃતિ અત્યંત તેજસ્વી હતી. અને શરીર પણ મજબુત બાંધાનું હતું. નથુને તેને જોતાં જ અંતઃકરણમાં અત્યંત સ્નેહ ઉત્પન્ન થઇ આવ્યો. નથુએ તેને પોતાનાં કપડાં બુટ પહેરાવ્યાં પછી કહ્યું " ભાઇ દેવદૂત! હવે તારે કોઇપણ જાતની ચિંતા રાખવી નહીં. તું મારી સાથે ચાલી શકશે ? નથુનું બોલવું દેવદૂત સમજી શકયો અને એક પણ શબ્દ બોલ્યા સિવાય તેની સાથે ચાલવા લાગ્યો. બંનેએ નથુના ઘર તરફનો રસ્તો લીધો.

નથુએ તેને પુછ્યુંઃ " ભાઇ દેવદુત, તું કેમ બોલતો નથી, આપણે હવે ઘેર જઈએ છીએ. જો તારાથી ચાલી ન શકાતું હોય તો આ મારી લાકડી લે અને એના ટેકાથી ધીમે ધીમે ચાલ."

દેવદુત લાકડી હાથમાં લઇ ધીમે ધીમે ચાલવા લાગ્યો. રસ્તે ચાલતાં નથુએ પુછ્યુંઃ " " વહાલા ભાઈ દેવદુત, તું કયાં આગળથી આવે છે ? "

દેવદુતે જણાવ્યુંઃ " હું આ ભાગોમાંથી આવ્યો નથી."

નથુએ કહ્યુંઃ " હા, આટલામાં તો હું બધાને ઓળખું છું. પણ પ્રથમ તું મારા જોવામાં કદી આવ્યો નહોતો. આ ગલીની અંદર હવેલી આગળ તું કેવી રીતે આવી ચઢયો ? "

દેવદુતે કહ્યુંઃ " તે હું કહી શકતો નથી."

નથુએ પુછ્યુંઃ " હું ધારૂં છું કે તને કોઇએ ઇજા કરી છે." દેવદુતે કહ્યુંઃ " કોઇ પણ મનુષ્ય મને ઈજા કરી નથી. પરંતુ પરમાત્માએ મને શિક્ષા કરી છે."

નથુએ કહ્યુંઃ " હા, મનુષ્યની સ્થિતિ પોતાના કર્તવ્ય અનુસાર

જ મળે છે, અને પરમાત્મા હમેશાં ન્યાયી અને દયાળુ છે, તારૂં જીવન હવે તું કેમ ગાળવા માગે છે, અને તું ક્યાં જવા ધારે છે?"

દેવદુતે જણાવ્યું: " મને બધું સરખું જ છે. " નથુ જરા આશ્ચર્ય પામ્યો. અને પોતાના અંતઃકરણ સાથે વિચારવા લાગ્યો કે " આ મનુષ્ય કોઇપણ પ્રકારે દુરાચારી લાગતો નથી. એનું બોલવું તદ્દન શાંતિ ભરેલું છે. પરંતુ પોતાની હકીકત કહેતાં એ ડરે છે. હશે ગમે એ હોય. હું એને મારે ઘેર તો તેડી જઇશ. " એમ વિચારી દેવદુતને કહ્યું: " ભાઇ, તું મારી સાથે ઘેર ચાલ, અને ઠંડીથી તું અકડાઇ ગયેલો છે, માટે આગ પાસે બેસી જરા આરામ લે. પછી તારે જે કહેવા કરવાનું હોય તે નીરાંતે મને કહેજે. "

હવે નથુનું ઘર નજીક આવવા લાગ્યું એટલે તેને પોતાની સ્ત્રી સાંભળી આવી અને મનમાં વિચારવા લાગ્યો: "સ્ત્રી ને છોકરાં માટે હું કપડાં ખરીદવા ગયો. કમભાગ્યે પૈસા ન મળવાથી કપડાં લઈ ન શકયો, અને પાસે જે જુજ પૈસા હતા તેનો આવી ઠંડીમાં દારૂ પી લીધો. રસ્તે ચાલતાં આ નગ્ન ભીખારીને સાથે ઉપાડી આવ્યો, ઘરમાં ખાવાનું પણ પુરતુ નહીં હોય. એટલે સ્ત્રી ગુસ્સો તો કરવાની જ છે. હરી! હરી!! જે બને તે ખરૂં. " નથુ જ્યારે જ્યારે દેવદૂતના મોઢા સામું જોતો એટલે તેના અંતઃકરણમાં કુદરતી પ્રેમ ઉત્પન્ન થઇ આવતો હતો. તેથી બધા વિચારો તે ભુલી જતો હતો. આવી રીતે વિચારમાં ચાલતાં ચાલતાં દેવદુત સાથે નથુ ઘરની નજીક આવી પહોચ્યો.

---

## પ્રકરણ ૩ જું.

---

નથુની સ્ત્રીએ ઘરનું સરવે કામકાજ આટોપી લીધું હતું. પોતે બળતણ પાણી વિગેરે લઇ આવી હતી, અને છોકરાઓને ખવરાવી કામકાજમાંથી પરવારી હતી; અને પોતે પણ થોડુંક ખાઇને વિચાર કરતી બેઠી હતી. " નથુ ગામમાં ગએલ છે. એટલે ગમે તે જગ્યાએ

ખાઇને જ આવશે. એટલે ખાવાનું તેના ભાગનું બાકી રહેશે તેથી આવતી કાલે બધાને ચાલી રહે એટલું ખાવાનું તો છે." આમ વિચારો કરી તે પોતાના ધણીનું એક જુનું કુડતુ જે તદન ફાટી ગયુ હતું તે સીવવા બેઠી, અને તરંગો કરવા લાગી, "મારો ધણી હમણાં આવશે અને મારે સારૂં તેમજ છોકરાઓને સારૂં કપડાં લઇને જ આવશે. હું ધારૂં છું કે ઉઘરાણી મળી હશે, અને જરૂર કપડાં લઇ આવશે. પહેરવાનાં કપડાં ન હોવાથી મારાથી તેમજ છોકરાંઓથી બહાર પણ નીકળાતુ નથી. જો ઉઘરાણી નહીં મળી હોય તો પાસે જે જુજ પૈસા છે. તે દારૂ પીવામાં તો ન ઉડાડી દે! આટલી જ મને ધાસ્તિ છે." આમ ઘોડા ઘડતી હતી તેવામાં બારણે ઓટલા ઉપર પગલાંનો અવાજ સંભળાયો. તે કુડતું એક બાજુએ મુકી ઉઠી, એટલે નથુને એક માણસ સાથે બારણામાં પેસતો જોયો.

પોતાના ધણીના જોડા અને અંગરખું પણ તે પુરૂષે પહેરેલાં જોઇ વિચાર વમળમાં પડી. પોતાના ધણીની પાસે ઉભી રહેતાં તુરતજ તેને દારૂની વાસ આવી. નથુની પાસે કંઇપણ સામાન ન જોયો. તેનો ચહેરો ઉદાસીન અને ફીક્કો પડી ગયેલો જોઇ વિચાર્યું કે પોતાની પાસેના પૈસાનો દારૂ પી ગયો છે, અને સાથે આ રસ્તે ચાલતા ભીખારી દારૂડીઆને પણ ઉપાડી આવ્યો છે. નથુ અને દેવદુત આગળ ઓરડા તરફ ચાલવા લાગ્યા અને સ્ત્રી પણ પાછળ વિચાર કરતી ચાલી. એણે પોતાનું અંગરખું આને પહેરાવ્યું છે, અને કોટ નીચે કુડતું પણ એની પાસે દેખાતું નથી અને માથાપર ટોપી પણ નહોતી. દેવદુત ઓરડામાં પેઠો કે એક જગ્યાએ હાલ્યા ચાલ્યા સિવાય ફક્ત નીચી નજર રાખી ઉભો રહ્યો. નથુની સ્ત્રીએ વિચાર્યું કે એ સારો માણસ નથી અને પીધેલા જેવો લાગે છે. એમ વિચાર બાંધી પોતે રસોડામાં ગઇ, અને શું વાતચીત થાય છે તે સાંભળવા લાગી. નથુ પોતાની ટોપી ઉતારી બાંકડા પર બેસી ગયો. તે સમજ્યો કે ઘરમાં

ભીનો મીજાજ ગયો છે. થોડીવાર પછી પોતાની સ્ત્રીને કહ્યું: "અમને હવે કંઇ ખાવાનું તું આપશે ?"

તેણે સાંભળ્યું જ ન હોય તેમ તે બરબડી. અને રસોડામાંથી ચુલા પાસેથી ઉઠીજ નહીં. તે તો પોતાના ધણી તરફ જોઇ નિશ્વાસ નાખ્યા કરતી હતી.

નથુએ આ કંઇ બાબત ધ્યાનપરજ ન લીધી. તે દેવદુત પાસે જઈ કહેવા લાગ્યો: "ભાઇ અહીં એક બાજુએ શું કામ ઉભો રહ્યો? આવ, અને આ ગુણીઆપર બેસ, આપણે હવે વાળુ કરીશું." પોતાની સ્ત્રીને પુછવા લાગ્યો: "કેમ કંઇ આજે રાંધ્યું છે કે નહીં ?"

સ્ત્રીએ કહ્યું: "રાંધ્યું છે, પરંતુ તમારે માટે તે નથી. દારૂ પી પી! તમે તમારી બુદ્ધિજ ગુમાવી છે! તમે શહેરમાં મારે સારૂ તેમજ છોકરાંઓ સારૂ કપડાં લેવા ગયા તે ન લાવતાં દારૂ પી પીને રસ્તે ચાલતાં આ નગ્ન રખડતા ભીખારીને સાથે ઉપાડી આવ્યા. તમને કઈ શરમ નથી આવતી? તમારા જેવા પીવેલને માટે મારી પાસે ખાવાનું નથી."

નથુ જરા ગુસ્સાના આવેશમાં બોલ્યો: "હવે એટલું બસ થશે. જરા જીભને ટુંકી કર. પ્રથમ તું પુછ તો ખરી કે એ કેવો માણસ છે ?"

સ્ત્રીએ કહ્યું: "તમે તે પૈસાનું શું કર્યું તે તો કહો!" દારૂ પીતાં થોડા પૈસા રહ્યા હતા તે નથુએ તેના તરફ ફેંકી દીધા અને જણાવ્યું કે ઉઘરાણી બીલકુલ મળી નહીં. આવતા અઠવાડીયામાં વાયદો કર્યો છે. ત્યારે કપડાં વિષે જોઇશું.

આ સાંભળી સ્ત્રી વધુ ગુસ્સે થઇ, અને એક નગ્ન ભીખારીને ઘરમાં આણેલો જોઇ તે નથુપર ગાળો વરસાવવા લાગી. પાસે પડેલા પૈસા લઇ તે નથુને કહેવા લાગી કે "મારી પાસે ખાવાનું નથી. આવા રઝળતા ભીખારીઓને તમે ઘરમાં લાવ્યા કરશો અને હું ખાવાનું ક્યાંથી આપીશ ?"

નથુએ ગુસ્સાથી કહ્યું " તું એકદમ ચુપ રહે, અને મારે જે કહેવાનું છે તે સાંભળ."

સ્ત્રી કહેવા લાગી કે તમારા જેવા પીધેલ બેવકુફ પાસેથી શું અક્કલની વાત સાંભળવી હતી. પૈસા લઇ કપડાં લેવા ગયા તેનો દારૂ પી રસ્તામાંથી રઝળતા ભીખારીને ઉપાડી લઇ ઘેર આવ્યા, અને હવે મારૂં કર અને મારા પુનીયાનું પણ કર!! આ તમારી કુટેવો હું સહન કરી શકતી નથી." અત્યંત ગુસ્સાના આવેશથી તે સળગી ઉઠી હતી અને જેટલાં વેણુ કહેવાય તેટલાં બધાં કહ્યાં.

નથુ આ સર્વ શાંત ચિત્તથી સાંભળી રહ્યો, કારણ કે આ દેખાવ કંઈ નવો નહોતો. ગુસ્સામાં ને ગુસ્સામાં સ્ત્રીએ ચાલી જવાનો ત્યાંથી વિચાર કર્યો પરંતુ આ અજાણ્યો પુરૂષ કોણ હતો તે જાણવાની તેણીનો ઉત્કંઠા હતી તેથી રસોડામાંજ બેઠી.

## પ્રકરણ ૪ થું.

નથુ તથા દેવદુત બાંકડા ઉપર બોલ્યા ચાલ્યા સિવાય બેસી રહ્યા હતા. સ્ત્રીએ પોતાના મનનો ઉભરો વચનબાણુ વડે ખાલી કર્યો, અને આખરે થોડોક સમય વિત્યાબાદ શાંત પડી, અને નથુને કહેવા લાગી કે " જો આ ભલો મનુષ્ય હોય તો આવી નગ્નાવસ્થા અને અધમાવસ્થામાં કેમ હોય? પાસે પહેરવાનું એક પેરણુ નથી. આવું ઉત્તમ પુરૂષરત્ન તમે કયાંથી શોધી લાવ્યા. નથુ બોલ્યો–હું તને પ્રથમથીજ આ મનુષ્ય વિષે કહેવાની કોશીષમાં હતો. પરંતુ તારા ઉભરા ખાલી કર્યા સિવાય તું કોઇનું સાંભળે એમ કયાં છે? હું સામે છેટેનો ગલીમાં થઇને અંધારામાંથી ચાલ્યો આવતો હતો. ત્યાં આગળ પેલા દેવળ નજદીક ભીતને અઢેલી બેઠેલા આ માણસને મેં તદ્દન નગ્નાવસ્થામાં જોયો. ઠંડીથી એ તદ્દન અકડાઇ ગએલો હતો. પ્રથમ તો મને આવી સ્થિતિમાં મનુષ્યને જોઇ ધાસ્તી લાગી આવી, અને હુ ઘર

તરફ ચાલ્યો આવવા લાગ્યો. પરંતુ પરમાત્માએ મને પ્રેરણા કરી કે એક દુઃખી મનુષ્યને આવી સ્થિતિમાં જોઇ તેના પાસેથી કંઇપણ તજવીજ કર્યા સિવાય કેવી રીતે ચાલી આવું ? તેથી હું પાછો ફર્યો અને તેની પાસે ગયો. ઇશ્વરે જ મને એની પાસે મોકલ્યો. નહીં તો એ થડીમાં અકડાઇને મરી જાત. આપણે કેવી રીતે કલ્પના કરી શકીએ કે એના ઉપર શું મહાન કષ્ટ ઉતરી પડયું છે ? જેથી મેં એને મારૂં અંગરખું અને પગરખાં પહેરાવ્યાં, અને અહીંઆં લઈ આવ્યો. હવે તારા અંતઃકરણમાં જરા દયા રાખ. આપણે સર્વને એક વખત મરવુંજ છે. તો પાપાચરણ કરતાં તરત અટકવું જોઇએ." આ સાંભળી સ્ત્રીના અંતઃકરણમાં પાછો ઠપકો દેવાનું મન થઈ આવતું હતું, પરતુ તેણે નવા આવેલા શખસની સામે જોયું અને કંઇ બોલી નહીં. દેવદુત બાંકડાના એક ખુણા ઉપર આંખો મીંચી મસ્તક નીચું રાખી હાલ્યા ચાલ્યા સિવાય ઉંડા વિચારમાં નિમગ્ન થઇ બેઠેલો હતો. નથુની સ્ત્રી પણ શાંત થઇને બોલ્યા ચાલ્યા સિવાય ઉભી રહી હતી.

નથુએ કહ્યું: "શું તારા અંતઃકરણમાં ઇશ્વરનો વાસ નથી?" આ શબ્દોથી સ્ત્રીનું અંતઃકરણ એકાએક નરમ થઈ ગયું અને તેણી દેવદુતના તરફ જોવા લાગી અને તેના તરફ પ્રેમવૃત્તિ ઉત્પન્ન થઈ. તે તરતજ રસોડામાં ગઈ અને બન્નેને માટે ખાવાનું લઇ આવી. નથુએ દેવદુતને પાસે બોલાવ્યો અને રોટી ખાવા આપી, અને બંને જણા સાથે બેસી ખાવા લાગ્યા. સ્ત્રી પણ એકબાજુ ઉભી રહી, દેવદુતને બારીકાઇથી જોવા લાગી, અને તેને માટે દિલમાં સદ્ભાવ ઉત્પન્ન થયો. એકાએક દેવદુતના મોં ઉપર પ્રકાશ ઉત્પન્ન થયો. તેની આંખો ચળકવા લાગી અને તે સ્ત્રીને જોઇ મ્હોં મલકાવ્યું. નથુ તથા તેની સ્ત્રી બંને આશ્ચર્ય પામ્યાં. દેવદુત અને નથુ જમી રહ્યા પછી સ્ત્રીએ વાસણ ધોયાં, અને તે પાછી દેવદુત પાસે આવીને પુછવા લાગી "ભાઇ, તમે કયાંથી આવો છો ?"

"હું આ વિભાગમાં વસતો નથી." દેવદુતે કહ્યું.

"તમો આ રસ્તા ઉપર ક્યાંથી આવી ચઢયા?" "હું તે કહી શકતો નથી." દેવદુત બોલ્યો. સ્ત્રી કહે "શું આપને કોઇએ લુંટી લીધા છે?" દેવદુત બોલ્યો "પરમાત્માએ મને શીક્ષા કરી છે."

સ્ત્રી કહે–શું આપ ત્યાં આગળ નગ્નાવસ્થામાં બેભાન સ્થિતિમાં પડયા હતા? દેવદુત કહે–"હા, હું તદ્દન નગનાવસ્થામાંજ હતો, અને અત્યંત થંડીથી અકડાઈ ગયો હતો. તમારા ઉદાર અને પરોપકારી ધણીએ મારા ઉપર દયા કરી અને પોતાનો કોટ મને પહેરાવી અહીં લઇ આવ્યા અને તમે પણ સ્વાદીષ્ટ ભોજન આપી સંતોષ્યો અને મારાપર દયા કરી. પરમ દયાળુ પ્રભુ એનો બદલો તમને અવશ્ય આપશે."

નથુની સ્ત્રીએ પોતાના ધણીનું જે જુનું પેરણ સાંધ્યું હતું તે દેવદુતને પહેરવા આપ્યું. અને એક જુની ઇજાર પણ આપી, અને કહ્યું કે આપને માટે હું રસોડામાં પથારી ચુલાની નજદીક કરૂં છું ત્યાં સુઈ જાઓ. રસોડામાં ગરમી હોવાથી આપને રાત્રે ઠંડી લાગશે નહીં.

દેવદુત કપડાં પહેરી રસોડામાં સુઇ ગયો. નથુ અને તેની સ્ત્રી પણ સુઈ ગયાં. નથુની સ્ત્રી સુઇ ગઇ પરંતુ તેને બીલકુલ નિંદ્રા આવી નહીં. દેવદૃત વિષેના વિચાર તેના મગજમાંથી બીલકૂલ ખસતા નહતા. હવે તેણીને આવતી કાલની ચિંતા થઇ કારણ કે રોટી બીલકુલ રહી નહતી. વળી પોતાના ધણીની ઇજાર અને પેરણ પણ દેવદુતને તેણે આપી દીધાં, આથી તે નિરાશ થઇ. પરંતુ દેવદુતની દયામણી સ્થિતિ જોઇ દીલમાં લાગણી પણ ઉત્પન્ન થઈ આવતી હતી. આવા વિચારમાં ને વિચારમાં તે મોડી રાત સુધી ઉંઘી નહિ. તેણે પોતાના ધણી નથુને પણ જાગતો જોયો. નથુએ પુછયું. "કેમ તું પણ જાગે છે કે?"

સ્ત્રીએ કહ્યું. "હા. તમો બંને જણાએ બધી રોટી ખલાસ કરી છે. હવે કાલે શું કરીશું તેના વિચારમાં હું પડી છું. હું ધારૂં છું

કે પાડોશીને ત્યાંથી કાલે ઉછીની લેવી પડશે તે સિવાય બીજો રસ્તો નથી."

નથુએ કહ્યું: "જ્યાં સુધી આપણે જીવીએ છીએ ત્યાં સુધીની આપણી ફીકર તે પરમ દયાળુ પિતાને જ છે." કીડીને કણ અને હાથીને મણ.' એમ સૌ સૌની જરૂરીઆત પ્રમાણે તે આપે છે. તો તારી અને મારી ચિંતા શું કામની છે ?

સ્ત્રી આ સાંભળી શાંત થઇ અને થોડીવાર પછી પુછવા લાગી "આ દેવદુત ભલો માણસ દેખાય છે. પરંતુ એ પોતાના વિષેની હકીકત કેમ આપણને જણાવતો નથી ?"

નથુએ કહ્યું: "એ નહીં કહી શકે એવી સ્થિતિમાં હશે. એટલે આપણે જાણવાની શી જરૂર છે ? સ્ત્રીએ કહ્યું: "એ તો ઠીક. પરંતુ આપણે બીજાઓને આપણી સ્થિતિ પ્રમાણે મદદ આપીએ છીએ. ત્યારે આપણને કેમ કોઇ આપતું નથી ?"

નથુને આનો શું જવાબ દેવો એ સુઝયું નહીં અને કહ્યું કે: "બસ હવે વાતો બંધ કર, અને સુઈ જા. મને ઉંઘ આવે છે." એમ કહી નથુ બોલતો બંધ પડયો, અને થોડીવારમાં સૌ નિંદ્રાવશ થયાં.

——:o:——

## પ્રકરણ ૫ મું.

નથુ સવારના પહોરમાં જલદી ઉઠયો. તેની સ્ત્રી પાડોશીને ત્યાં ઉછીની રોટી લેવા ગઇ. દેવદુત ઉઠીને મ્હોં વિગેરે ધોઇ બાંકડા ઉપર બેઠો હતો. તેનો ચહેરો આજે ઘણોજ તેજવાન લાગતો હતો. નથુએ આવીને પુછ્યું: "વહાલા ભાઇ દેવદુત આપણાં પેટ ખાવાનું માગશે અને શરીર પહેરવાનાં કપડાં માગશે. માટે તમારે તે સાધનો મેળવવા કામ કરવું પડશે. તમો શું કરી શકો એમ છો ?

"હું કંઇપણ જાણતો નથી." દેવદુતે કહ્યું.

નથુ અજાયબ થયો, પણ કહ્યું કે "તમો કંઇ જાણતા નથી

એ ઠીક, પરંતુ મનુષ્ય પોતાની દ્રઢ ઇચ્છાથી બધું શીખી શકે છે."

"બીજા કરે છે તેમ હું પણ કરીશ" દેવદુતે કહ્યું:

"ભાઇ દેવદુત તું તારી કોઇ પણ હકીકત કહેતો નથી એ તારી મરજી, પરંતુ તારી જાત નીભાવવા માટે—તારી જીંદગીના સાધન મેળવવા માટે તારે કમાવું જોઇશે. હું જેમ બતાવીશ એમ તું કામ કરશે તો હું તને મારે ત્યાંજ રાખીશ."

"ઇશ્વર તમને તેનો બદલો આપશે. હું કામ કરીશ. મારે શું કરવું તે મને બતાવો."

નથુએ દોરી લીધી અને પોતાની આંગળી વચ્ચે રાખી મીણુ કેમ લગાડવું તે બતાવ્યું. દેવદુત અત્યંત ચાલાક માણસ હતો. કોઇ પણ કાર્ય તેને એક વખત બતાવ્યું કે તે તરતજ ધ્યાનમાં લઇ શીખી જતો હતો. નથુએ તેને જોડાનાં તળીયાં કેમ શીવવાં, ચુંકો કેમ મારવી, વિગેરે બતાવ્યું, અને દેવદુત તે તરતજ શીખી ગયો. ત્રણ દિવસમાં તો એક હુશીયાર મોચીની સાથે હરીફાઇ કરી શકે એટલું તેને આવડી ગયું. નથુ તેની ચાલાકી જોઇ અત્યંત રાજી થયો. હવે દેવદુત આરામ લીધા સિવાય અત્યંત ઉલટથી કામ કરવા લાગ્યો, એને ખાવાનું પણ તદ્દન થોડુંજ જોઇતું હતું. જ્યારે કામ ખલાસ થતું કે તદ્દન શાંત થઇ બેસતો અને આકાશ તરફ જોયા કરતો. તે કવચીત્ જ ઘરમાંથી બહાર રસ્તા ઉપર નીકળ્યા હશે. જરૂર હોય તેનાથી કદી વધુ વાત કરી નથી. કદી હસ્યો પણ નથો, કે કદી કોઇની મશ્કરી કરી નથી. નથુ અને તેની સ્ત્રીએ ફક્ત તેને એકજ વખતે હસતો જોયો; અને તે જ્યારે પહેલવહેલે દિવસે નથુ સાથે રાતના આવ્યો અને તેના સ્ત્રીએ જ્યારે પ્રથમ ખાવાનું આપ્યું ત્યારેજ.

# પ્રકરણ ૬ ઠું

દિવસ ઉપર દિવસ, અઠવાડીઆં ઉપર અઠવાડીઆં એમ પસાર થવા લાગ્યા. અને દેવદુત નથુને ત્યાંજ સુતો, ખાતો, અને કામ કરતો. દેવદુતના આવ્યા પછી નથુના કાર્યની ખ્યાતી શહેર બહાર પણ પ્રસરવા લાગી. લોકો વાત કરવા લાગ્યા કે નથુ મોચીના જેવા જોડા બીજું કોઇ બનાવી શકે એમ નથી. કામ ઘણુંજ મજબુત ટકાઉ અને ચોખ્ખું થાય છે, અને એને લીધે પાડોશના શહેર ને ગામડામાંથી પણ નથુને પગરખાં વિગેરે બનાવવાની વરધી દિન પ્રતિદિન વધુ ને વધુ મળવા લાગી.

એક દિવસ નથુ અને દેવદુત પોતાના કામમાં બેઠા હતા. ત્યાં આગળ એક ગાડું આવીને ઉભું રહ્યું. તેમણે બારીમાંથી બહાર જોયું તો ગાડાંને પોતાનાજ ઘર આગળ ઉભું રહેતું જોયું. ગાડામાંથી એક માણસ નીચે ઉતર્યો એટલે ભારે કપડાં પહેરેલ એક શેઠીઓ બહાર નીકળ્યો. નથુ બારણું ઉઘાડી સામો ઉતાવળથી ગયો, અને તે શેઠીઓ નીચો વળી બારણામાં પેઠો. પોતે શરીરે હષ્ટપુષ્ટ હતો. તે બાંકડા ઉપર બેઠો, અને પુછ્યું કે દુકાનનો ધણી કોણ છે? નથુ આવકાર સહિત બોલ્યો, "હું પ્રભુ, મહેરબાન, કાંઇ હુકમ?' શેઠીઆએ પોતાના નોકરને બોલાવ્યો અને ગાડીમાંથી ચામડુ લઇ આવવાની આજ્ઞા કરી. નોકર તે લઇ આવ્યો અને શેઠીએ તે છોડી નથુને આપ્યું અને કહ્યું: " આ ચામડું તેં જોયું ? તું સમજે છે કે એ કેવી જાતનું ચામડું છે ?"

" નથુએ કહ્યું: "હે સાહેબ, બહુજ સુંદર ચામડું છે.

શેઠીયાએ કહ્યું: " તારી જીંદગીમાં પણ આવું ચામડું તેં જોયું નહીં હોય, એ બહુજ કીંમતી છે. હવે આમાંથી તું મારે માટે જોડા બનાવી "

નથુએ કહ્યું: "હા સાહેબ"

શેઠીઓ બોલ્યો: આટલું તારે ખાસ યાદ રાખવાનું છે કે તું કેવા સરસ ચામડાંમાંથી અને કોને સારૂ જોડા બનાવવાનો છે. તારે એવા સરસ જોડા બનાવવા પડશે કે એક વરસ સુધી ઘાટ બદલાયા સિવાય ચાલે. તારાથી એવી રીતે બનતું હોય તોજ ચામડું કાપજે, નહીં તો રહેવા દેજે. હું બીજી જગ્યાએ આપીશ. જો એક વરસની મુદતમાં જોડા ફાટી ગયા કે આકાર બદલાયો તો હું તને જેલમાં મોકલીશ એ ધ્યાનમાં રાખીને જોડા બનાવવાનું માથે લેજે. અને જો એક વરસ સુધી આકાર બદલાયા સિવાય ચાલશે તો તને બમણું દામ આપીશ.

નથુ તો આથી ગભરાઈ ગયો હતો તે દેવદુત પાસે જઈ કાનમાં કહેવા લાગ્યો કે "કેમ આ કામ લઈએ ને?"

દેવદુતે હા પાડી, એટલે શેઠીઆને કહ્યું કે "તમારી શરત મુજબ જોડા બનાવી શકીશ." શેઠીએ પગનું માપ લેવાનું કહ્યું: નથુ માપ લેતો હતો. એટલામાં તે શેઠીઆએ દેવદુત ભણી નજર નાંખી પુછ્યું: "આ કોણ છે?" નથુએ જણાવ્યું કે મારો નોકર છે. શેઠીએ કહ્યું કે એવા સરસ જોડા બનાવજે કે એક વરસ સુધી ચાલે.

દેવદુતે સાંભળ્યા કર્યું. તેની નજર શેઠીઆની ઉપર હતી. અને કેટલીક વખત તેના માથાની ઉપર ઉંચે જોયા કરતો હતો. કેટલોક વખત સુધી એમ જોયા પછી તે હસી પડયો. અને તેનો આખો ચહેરો પ્રકાશમાન જણાવા લાગ્યો.

શેઠીએ દેવદુતને કહ્યું: "તું શું હસે છે? કંઈ જંગલી જેવો લાગે છે. એટલું બરાબર ધ્યાન રાખજે કે વખતસર જોડા તૈયાર કરવાના છે."

દેવદુતે કહ્યું: આપને જ્યારે જોઈએ ત્યારે હું હાજર કરીશ.

શેઠીઆએ બીજી આપવા જેવી સુચના આપી ત્યાંથી પોતાના ગાડામાં બેસી વિદાય થયો.

## પ્રકરણ ૭ મું

નથુએ દેવદુતને જણાવ્યું કે "જો, આપણે આ કામ હાથમાં લીધું છે, પરંતુ એવા સરસ જોડા બનાવવા જોઇએ કે આપણે કાંઇ હરકતમાં આવી ન પડીએ. આ ચામડું ઘણુંજ ઉત્તમ છે. અને શેઠીઓ ઘણો કડક મગજનો લાગે છે. કોઇ પણ જાતની ભુલ ન થાય એને માટે અત્યંત કાળજી રાખવાની છે. તું મારા કરતાં વિશેષ હુંશીઆર છે, માટે એ કામ તુંજ હાથમાં લે." દેવદુતે સરસ જોડા બનાવવાનું કામ પોતાના ઉપર લીધું. ચામડું લઈ તેને નરમ બનાવવા લાગ્યો અને પછી તેને કાપવાનું શરૂ કીધું. નથુની સ્ત્રી તેની પાસે આવીને બેઠી અને દેવદુત શું કરે છે, તે જોવા લાગી. અને અજાયબ થઇ કે દેવદુત કેવી રીતે કાપે છે! કારણ કે નથુની સ્ત્રીને પણ તે કામનો મહાવરો હતો. તેણી જોઈ શકી કે દેવદુતે તે જોડાને માટે ચામડું કાપવાનું મુકી સપાટ બનાવવાના કટકા કાપ્યા. છતાં તેણીએ વિચાર કર્યો કે કદાચ આદમીના જોડા કેવી રીતે બનાવવા તેની તેને ખબર ન હશે. દેવદુત અમારા બધા કરતાં હુશીઆર છે. માટે જેમ એની મરજીમાં આવે તેમ કરવા દેવું. હવે દેવદુત સપાટને માટે ચામડુ કાપી રહ્યો અને એકવડા દોરાથી તે શીવવા લાગ્યો. નથુની સ્ત્રી ફરી અજાયબ થઇ. કારણ કે તેણી જાણતી હતી કે સપાટ બનાવવા માટે બેવડો દોરો વાપરવો પડે છે. પરંતુ હજી પણ તેણી ચુપ બેસી રહીને દેવદુત શું કરે છે, તે ફક્ત જોવાજ લાગી. થોડીવાર પછી નથુ આવ્યા અને તેણે જોયું કે તે શેઠીઆના ચામડાંમાંથી જોડા બનાવવાનું મુકી સપાટ બનાવે છે. નથુ એકદમ દિલગીર થઇ ગયો અને વિચાર્યું કે દેવદુત એક વરસ થયાં કામ કરે છે અને કોઇ દિવસ કાંઇ પણ ભુલ કરી નથી અને આજે શું કરે છે? તે શેઠીઆએ જોડા બનાવવાનું કહ્યું છે, અને આ તો સપાટ બનાવે છે. હવે તો તેણે ચામડું પણ કાપીને બગાડયું છે, હવે તે શેઠીઆને

શું જવાબ દઇશ? એમ મોટી ફીકરમાં પડયો. કારણ કે એવું ચામડું બીજી જગ્યાએથી મળી શકશે નહીં. અત્યંત શોકાતુર થઇ તેણે દેવદુતને કહ્યુ: "મારા દોસ્તદાર, આ તેં શું કર્યું? તેં મારા સર્વસ્વનો નાશ કીધો છે. તે શેઠીઆએ જોડા બનાવવાનો હુકમ આપ્યો છે, અને તેં તો સપાટ બનાવ્યા. હવે હું શું કરીશ? તે શેઠીઓ કોઈ મોટો પુરૂષ છે, અને મને કેદમાં નાંખશે, અને મારાં બાયડી છોકરાંનું શું થશે! નથુ આમ વાતચીત કરે છે. એટલામાં બારણે કોઇનો અવાજ સંભળાયો. બારીમાંથી નથુએ બહાર જોયું. તો કોઇ ઘોડા ઉપરથી ઉતરી દુકાનમાં આવે છે, તેણે જઇ બારણું ઉઘાડયું, તો તેજ શેઠીઆનો નોકર આવ્યો. તે કહેવા લાગ્યો કે મારી શેઠાણીએ જોડા વિષે કંઇ સુચના કરવા મને મોકલ્યો છે.

નથુએ પુછ્યું કે "શું છે?"

નોકરે કહ્યું કે "શેઠ તે દિવસે આવ્યા હતા, પરંતુ એકાએક ગુજરી ગયા છે."

નથુએ કહ્યું કે "એવું તું શું બોલે છે?"

નોકરે કહ્યું કે "શેઠ ગાડીમાં બેસી તારે ઘેરથી ગયા કે રસ્તામાંજ ગાડામાં તઓ એકાએક ગુજરી ગયા છે. ગાડું ઘર આગળ પહોચ્યું, ત્યારે હું ગયો અને જોઉં છું તો શેઠ ચત્તાપાટ પડેલા અને શ્વાસ પણ બંધ થઇ ગએલો. અમોએ ગાડામાંથી નીચે ઉતાર્યા, પરંતુ તેમનામાં જીવ નહોતો. આ આશ્ચર્યકારક તેમજ ખેદકારક બનાવ છે. મારી શેઠાણીએ તરતજ મને કહ્યું કે મોચીને ત્યાં પાછો જા અને જોડા બનાવવાના હુકમ આપ્યો છે, તેને બદલે તેજ ચામડામાંથી શબને વાસ્તે સપાટ બનાવવાનું કહી આવ અને જ્યાં સુધી તે તૈયાર થાય ત્યાં સુધી થેભજે અને તારી સાથેજ લઇ આવજે. જેથી હું તમારી પાસે કહેવા આવ્યો છું."

દેવદુતે સપાટ તૈયાર જ કરી રાખી હતી તેને સાફ કરીને બીજા ચામડાના ટુકડા વધેલા હતા તે એકઠા કરી એક બેગી તે નોકરને હવાલે કરી દીધી. નોકર તેમને સલામ કરી ત્યાંથી ચાલી નીકળ્યો.

# પ્રકરણ ૮ મું.

એક વરસ પુરૂં થયું, બે પુરાં થયાં, અને દેવદુતને નથુને ત્યાં રહેવાને હવે ૫ વરસ થઇ ગયાં. દેવદુત અગાઉની માફકજ રહેતો હતો. તે કદી બહાર ગયો નથી. કદી બીનજરૂરી વાત કરી નથી અને સઘળા વખતમાં ફક્ત બેજ વાર હસ્યો છે. પહેલીવાર જ્યારે નથુને ઘેર આવ્યો અને નથુની સ્ત્રીએ તેને ખાવાનું આપ્યું ત્યારે, અને બીજી વખત જ્યારે તે શેઠીઓ દુકાનમાં આવીને બેઠો હતો ત્યારે. નથુ દેવદુતના કાર્યથી એટલો બધો આનંદ પામ્યો હતો કે તેને ફક્ત એટલીજ ચિંતા રહેતી હતી કે દેવદુત તેની પાસેથી ચાલ્યો ન જાય. નથુએ તેને કદી પૂછ્યું નહીં કે તું ક્યાંથી આવે છે.

એક દિવસ તેઓ ઘરમાં બેઠા હતા. નથુની સ્ત્રી ઘરકામમાં હતી અને છોકરાંઓ રમતા હતાં. નથુ પોતાનાં હથીઆર ઘસતો હતો, અને દેવદુત શીવવાના કામમાં ગુંથાયેલો હતો. નથુનો એક છોકરો બહારથી દોડતો આવી દેવદુતને ગળે વળગી કહેવા લાગ્યોઃ " કાકા, જુઓ, બહાર એક વેપારીની સ્ત્રી આવે છે અને તેની સાથે બે છોકરીઓ છે. જેમાંથી એક બીચારી લુલી છે."

છોકરાએ આ કહ્યું કે દેવદુતે તરતજ પોતાનું કામ પડતું મૂક્યું અને બારીમાંથી આતુરતાથી જોવા લાગ્યો. નથુ આશ્ચર્ય પામ્યો, કારણ કે દેવદુત કદી પણ પોતાનું કામ છોડી કંઈ પણ જોવા ઉઠતો નહોતો. તે સ્ત્રી નથુને ત્યાંજ આવતી જણાઈ. દરવાજો ઉઘાડી તે અંદર આવી. બન્ને છોકરાં માની પાસે બેઠાં. એક છોકરી લુલી હતી. તેઓને સ્વચ્છ કપડાં પહેરાવેલાં હતાં. નથુએ તેમને આવકાર આપી બાંકડાપર બેસાડયાં. ને સ્ત્રીએ કહ્યું કે " આ બન્ને છોકરીઓ માટે જોડા બનાવવાના છે. માટે તમો બનાવી શકશો ?" નથુએ

કહ્યું: " ઘણી સારી વાત. મેં કોઇ દિવસ બનાવ્યા નથી; પરંતુ આ મારો માણસ છે એ બનાવી શકશે. માટે એમને આપો. "

નથુ દેવદુતના તરફ જોવા લાગ્યા. દેવદુત પોતાનું કામ એક બાજુએ મુકી બન્ને છોકરાંઓ તરફ તાકી તાકીને જોયા કરતો હતો. નથુ આથી આશ્ચર્ય પામ્યો. બન્ને નાની છોકરીઓ ઘણીજ સુંદર હતી. છતાં પણ નથુ સમજી શક્યો નહીં કે દેવદુત આટલું બધું તાકી તાકીને છોડીઓને શા માટે જુવે છે? નથુએ તે બન્ને છોકરીઓનાં માપ લીધાં. એ કહ્યું કે " છોકરીના એક પગ વાંકો છે માટે જોડો બીજાથી ન્હાનો કરવાનો છે. અને ત્રણ સરખાજ કરવાના છે. કારણ કે બન્ને છોકરીના પગ સરખાજ છે. તેઓ જોડે જન્મેલાં બચ્ચાંઓ છે. "

નથુએ માપ લીધા બાદ સ્ત્રીને પુછ્યું કે " આ છોકરીનો પગ લુલો શાથી થયો છે? શું જન્મથીજ એવા હતો? "

તે સ્ત્રીએ કહ્યું: " ના, એની માથી ભાંગી ગયો હતો. " નથુની સ્ત્રી પણ એ વાતમાં ભળી, અને તેણે પુછ્યું: ત્યારે તમે એમના મા નથી? "

તે સ્ત્રીએ જવાબ આપ્યો: " ના હું એની મા નથી, તેમજ કંઇ સગી પણ નથી, એ છોકરાંઓ મને તદ્દન અજાણ્યાં હતાં. મેં તેમને દત્તક લીધાં છે. "

" ત્યારે તમારાં છોકરાં નથી છતાં તમો એને એટલાં બધાં ચાહો છો? "

" હું એમને ચાહ્યા સીવાય કેમ રહું? મેં મારૂં દુધ પાઇ એમને ઉછેર્યાં છે. મારૂં એક પોતાનું છોકરૂં પણ હતું પરંતુ તે ઇશ્વરે પાછું લઇ લીધું. "

" ત્યારે આ છોકરાં ખરી રીતે કોનાં છે? "

# પ્રકરણ ૯ મું.

તે સ્ત્રીએ પછી બન્ને છોકરાંઓની વાત કરવા માંડી. ૭ વરસ ઉપર આ છોકરાંઓ એકજ અઠવાડીઆમાં માબાપ વગરનાં થઇ ગયાં. એમના પીતાના અગ્નિદાહ મંગળવારે થયો હતો, અને માનો શુક્રવારે થયો હતો. એમનો જન્મ એમના પીતાના ગુજરી ગયા પછી ત્રણ દિવસે થયો હતો અને મા એકજ દિવસ જીવતી રહી હતી તે વખતે હું મારા પતી સાથે એકજ ગામમાં રહેતી હતી કે જ્યાં આગળ આ છોકરાંઓનાં માબાપ રહેતાં હતાં. એમનું ઘર અમારા ઘરનો નજીકમાંજ હતું. એમનો બાપ ગરીબ સ્થિતિનો હતો અને જંગલમાં લાકડાં કાપવાનું કામ કરતો હતો. એક દિવસે એક ઝાડ તે કાપતો હતો, અને એકાએક તે ઝાડ ઉપર પડયું અને તે છુંદાઇને મરી ગયો. જંગલમાંથી ઘેર આવતાં સુધી પણ તે જીવ્યો નહીં, જે અઠવાડીયામાં તે ગુજરી ગયો તેજ અઠવાડીયામાં તેની સ્ત્રીએ બે બચ્ચાંનો સાથે જન્મ આપ્યો. તે ગરીબ બીચારી સ્ત્રી કોઇના પણ આધાર સિવાયની થઈ ગઇ હતી. જે દિવસે છોકરાંને તેણે જન્મ આપ્યો તેજ દિવસે હું તેને જોવા ગઇ અને તેનું શરીર મને એકદમ ઠંડું લાગ્યું. તેણી મરવાની અણીપર હતી, કદાચ તેની પથારીમાં દુઃખને લીધે આમ તેમ પાસું બદલતી હશે તેમાં આ છોકરીનો કુમળો પગ છુંદાઇ ગયો હશે. પાડોશીઓ તરતજ ત્યાં આવ્યા અને શરીરને ધોયું અને મૃતક દેહને વાસ્તે બીજી સવ તૈયારીઓ તેમણે કરી અને સ્ત્રીને અગ્નિદાહ દીધો.

પડોશીઓ સર્વ ભલાં માણસ હતાં તેમણે હવે વિચાર્યું કે આ કોમળ બાળકોનું શું કરવું? સવ લોકોએ એકઠા થઈ વિચાર્યું કે છોકરાં હાલ તરત તો મને સોંપવાં. કારણ કે મને એક નાનું છોકરૂં હતું એટલે હું દુધ આપી શકું. પછી શું કરવું તે સર્વ લોકોએ મળી વિચાર કરવાનું રાખ્યું. મેં બંને છોકરાંને દુધ આપ્યું અને

ત્રીજું મારૂં છોકરૂં તેને પણ હું ધરાવતી. હું તે વખતે યુવાન અને મજબુત હતી અને સારો ખોરાક લેતી હતી અને પરમાત્માએ મને એટલું બધું દુધ આપ્યું કે ત્રણે છોકરાંને હું ઉછેરી શકી. પરંતુ મારૂં છોકરૂં બે વરસની ઉમરનું થયું એટલે તે ગુજરી ગયું અને ત્યાર પછી ઇશ્વરે મને બીજું છોકરૂં આપ્યું નથી. પાડોશી લોકોએ પણ પાછળથી વિચાર કરી ઠરાવ્યું કે એ છોકરાંઓને મારેજ રાખવાં, હવે એ મારાં છોકરાંઓને ચાહ્યા સીવાય કેવી રીતે રહું? જેવી રીતે મીણબત્તીને જેટલું મીણ છે, તેવી રીતે આ છોકરીઓ મને છે. ત્યાર પછી તેણે લુલી છોકરીને પોતાની પાસે લીધી અને આંખમાંનાં આંસુ લુછી નાંખ્યાં.

આ વાત સાંભળી નથુની સ્ત્રીને છોકરાંઓ પ્રત્યે અત્યંત દયા ઉપજી અને તે કહેવા લાગી "બેન, એક કહેવત છે તે ખોટી નથી, કે માબાપ સિવાય બીજાં પણ ચાહ શકે છે. પરંતુ જીવાડવું એ તો ઇશ્વરનાજ હાથમાં છે. આ રીતે જ્યારે વાત તેઓ કરતા હતા ત્યારે એકાએક જાણે દેવદુત બેઠો છે તે ખુણામાંથી આવતા પ્રકાશથી ઓરડો પ્રકાશમાન થઇ ગયો. આ બધાં દેવદુત તરફ જોવા લાગ્યાં. આ દેવદુત પોતાના બે હાથ જોડી ઉંચું જોઇ હસ્યા કરતો હતો.

## પ્રકરણ ૧૦ મું

તે સ્ત્રી છોકરાંઓને સાથે લઇ ચાલી ગઇ. દેવદુત પોતાના બાંકડા ઉપરથી ઉભો થયો, પોતાનું કામ એક બાજુએ છોડી દીધું. નથુ અને તેના સ્ત્રીને તેણે વાંકા વળી નમન કીધું અને બોલ્યોઃ "હવે આપની પાસેથી રજા માગું છું. ઇશ્વરે મને હવે માફી આપી છે. મેં કંઇપણ ખોટું કર્યું હોય તો આપ પણ મને માફી આપશો?" અને તેઓ બન્નેએ જોયું કે દેવદુતના શરીરમાંથી પ્રકાશ નીકળતો હતો. નથુ તુરતજ ઉભો થયો, દેવદુતને નમન કર્યું અને બોલ્યોઃ

"ભાઇ દેવદુત. હું જોઉં છું કે આપ કંઇ સાધારણ માણસ નથી. આપને હું રહેવાની ફરજ પાડતો નથી. યા કંઇ સવાલ પુછ્તો નથી છતાં એટલું તો ફક્ત મને કહોજ કે જ્યારે હું આપને મળ્યો અને મારે ઘેર બોલાવી લાવ્યા ત્યારે તમે દિલગીર હતા અને મારી સ્ત્રીએ ખાવાનું આપ્યું ત્યારે હસી પડયા અને આપ તેજમાન દેખાવા લાગ્યા વળી પાછું જ્યારે તે શેઠીઓ આવ્યો ત્યારે પણ આપ બીજી વખત હસ્યા અને વધુ પ્રકાશમાન દેખાવા લાગ્યા અને હવે જ્યારે આ સ્ત્રી નાની છોકરીઓને લઇને આવી ત્યારે તમે ત્રીજી વખત શા માટે હસ્યા, અને આટલા બધા હવે તેજવાન કેમ લાગો છો? ભાઇ દેવદુત આપ મને કહો કે આપનામાંથી આટલું બધું તેજ કેમ પ્રકાશે છે? અને આપ શા માટે ત્રણવાર હસ્યા?"

દેવદુતે કહ્યું: હાલમાં મારામાંથી તેજ પ્રકાશે એ તેનું કારણ એટલુંજ કે મને શીક્ષા થઈ હતી પરંતુ ઇશ્વરે હવે માફી બક્ષી છે અને હું ત્રણ વખત એટલા માટે હસ્યો કે ઇશ્વરના ત્રણ શબ્દો મારે શીખવા જોઇએ, એવી આજ્ઞા મને થઇ હતી, અને હવે એ ત્રણે શબ્દો હું જાણું છું. પહેલો શબ્દ હું જ્યારે આપની સ્ત્રીએ મારાપર દયા કરી ત્યારે શીખ્યો, અને તેથી પહેલીવાર હસ્યો. બીજો શબ્દ જ્યારે પેલો પૈસાદાર શેઠીઓ જોડા બનાવવાનો હુકમ આપી ગયો ત્યારે શીખ્યો. અને તેથી બીજીવાર હસ્યો અને હવે જ્યારે આ છોડીઓને જોઇ ત્યારે ત્રીજો શબ્દ શીખ્યો અને તે છેલ્લો હતો. અને તેથી ત્રીજી વખતે હસ્યો."

નથુએ પુછ્યુ: "ભાઇ દેવદુત, ઇશ્વરે તને શા માટે શીક્ષા કરી, અને ત્રણ શબ્દો તે કયા છે? તે કહે તો હું પણ તે જાણી કંઇક તેમાંથી શીખુ."

દેવદુતે કહ્યું: "ઇશ્વરે મને સજા એટલા માટે કરી કે હું તેની આજ્ઞા વિરૂદ્ધ ચાલ્યો. હું સ્વર્ગમાંનો ફીરસ્તો હતો, અને હું ઇશ્વરની આજ્ઞા વિરૂદ્ધ ચાલ્યો હતો. હું જે વખતે સ્વર્ગમાં ફીરસ્તો હતો તે

વખતે ઇશ્વરે મને એક સ્ત્રીનો આત્મા લઇ આવવાની આજ્ઞા કરી. હું પૃથ્વી ઉપર ગયો, અને તે સ્ત્રી પાસે ગયો તે એકલી અને માંદી હતી. તેણીએ તરતજ બે નાની છોકરીઓને જન્મ આપ્યો હતો. બન્ને છોકરીઓ અત્યંત દયામણી રીતે રોતી હતી, માતા એટલી બધી નબળી હતી કે તેણી બચ્ચાંઓને લઇ ધવડાવી શકતી નહોતી. તે સ્ત્રીએ મને જોયો અને તરતજ સમજી ગઈ કે ઇશ્વરે મને તેનો પ્રાણ લેવા મોકલ્યો છે. જેથી તે અત્યંત રોઇ અને કહેવા લાગી 'ઇશ્વરના ફીરેસ્તા મારો ધણી એક બે દિવસ ઉપરજ ગુજરી ગયો છે. જંગલમાં એક ઝાડ તેના ઉપર પડયું અને તરતજ તેમના પ્રાણ ગયા, મારે મા નથી માસી નથી કે બેન નથી, કે જે આ છોકરાંની સંભાળ લે, માટે મારો આત્મા તું ન લે. મારાં છોકરાંને ઉછેરી મોટાં કરવા દે, અને આ સંસારમાં તે પોતાની જીંદગી શરૂ કરી દે એવી સ્થિતિમાં આવવા દે. આ ગરીબ છોકરાંઓ માબાપ સિવાય કેવી રીતે જીવી શકશે?' તે સ્ત્રીએ એક છોકરીને તેની છાતી ઉપર મુકાવી અને બીજીને બીજા હાથમાં આપી, અને હું સ્વર્ગ તરફ પાછો ફર્યો. ઇશ્વરની પાસે જઇ મેં કહ્યું કે તે સ્ત્રીનો પ્રાણ લઇ આવી શક્યો નથી. તેનો ધણી જંગલમાં એકાએક ગુજરી ગયો. અને તેણીને બે જોડે જન્મેલાં બચ્ચાં છે, અને તેનો આત્મા હાલમાં ન લેવા એમ વીનંતી કરે છે. તેણીએ કહ્યું કે મને છોકરાંને ઉછેરી મોટાં કરવા દે. માબાપ સિવાય તે કેવી રીતે જીવી શકે? આ જોઇ મારાથી તેના પ્રાણને લઇ શકાયો નહીં' ઇશ્વરે કહ્યું 'તું તરત પાછો ચાલ્યો જા. અને તે સ્ત્રીનો પ્રાણ લઇ આવ. અને તું ત્રણ શબ્દ શીખીશ. (૧) મનુષ્યમાં શું સમાએલું છે (૨) મનુષ્યને શું બક્ષવામાં આવ્યું નથી. (૩) અને મનુષ્યો શાથી જીવી શકે છે. જ્યારે તું આ શબ્દો શીખી રહે ત્યાર બાદ તું સ્વર્ગમાં આવજે.' હું પૃથ્વીપર તરતજ ચાલ્યો આવ્યો અને તે સ્ત્રીના પ્રાણ લીધા. બચ્ચાંઓ માની છાતીએથી છુટાં પડયાં. હું તે સ્ત્રીના આત્માને મારી સાથે લઇ ઇશ્વર પાસે જવા ઉંચો ચઢ્યો. પરંતુ

ભારે પવન ફુંકાતો હોવાથી મારાથી ઉંચે ચઢી શકાયું નહિ, મારી પાંખો તુટી પડી. તે સ્ત્રીનો આત્મા એકલોજ ઇશ્વર પાસે ચાલ્યો ગયો. અને હું આપે જે દેવળની સામે રસ્તાની બાજુએ પડેલો મને જોયો હતો ત્યાં નગ્નાવસ્થામાં પડ્યો."

## પ્રકરણ ૧૧ મું.

હવે નથુ અને તેની સ્ત્રી જોઇ શક્યાં કે તેમણે ઘરમાં કેવા મનુષ્યને રાખ્યો હતો, અને કેવા મનુષ્યની સાથે તેઓ રહેતાં હતાં. થોડો વખત થયા પછી દેવદુતે કહ્યું કે "હું તે ગલીમાં દેવળ પાસે નગ્નાવસ્થામાં પડ્યો હતો સંસારમાં મનુષ્ય પ્રાણીને શેની શેની જરૂર છે? દરિદ્રતા અને ભુખ, થંડી અને ગરમી એ શું છે? ટુંકામાં મનુષ્ય પ્રાણીઓને શું શું આવશ્યકતા છે તેની મને કંઇજ સમજણ નહોતી. અને તમારી સાથે રહ્યાથી હવે હું મનુષ્ય થયો છું. દેવળ નજીક હું અત્યંત ઠંડીથી અકળાઇ ગયો હતો, પરંતુ મને ખબર નહોતી કે મારે શું કરવું. હું દેવળમાં જવાનો ઇરાદો રાખતો હતો પરંતુ દરવાજાને અંદર તાળું વાસેલું હોવાથી હું અંદર જઈ શક્યો નહીં. જેથી હું આખરે દેવળની ભીંતની નજીક બેસી ગયો. સાંજ પડી ગઇ અને મને થંડી અને ભુખ લાગવા માંડી. એકાએક એવામાં મેં રસ્તાની બાજુએ એક માણસને આવતાં જોયો. તે આપજ હતા. હું પૃથ્વી ઉપર મનુષ્ય થઇને પડ્યા પછી કોઈપણ માણસને પહેલાં જોયો હોય તો તે આપજ હતા. પ્રથમ તો આપનો ચહેરો જોઇ મને અત્યંત ભય ઉત્પન્ન થયો અને હું પાછળ ફરીને બેઠો. આપ આપની સાથેજ વાત કરતા હતા કે આવી સખત થંડીમાંથી કેવી રીતે બચવું; સ્ત્રી અને છોકરાંઓ સારૂ ખાવાનું કેવી રીતે મેળવવું; આ સર્વ હું સાંભળતો હતો. અને મેં વિચાર્યું કે હું પણ થંડી અને ભુખથી અતિશય પીડાઉં છું. આપે મને જોયો અને આપને ધાસ્તી ઉત્પન્ન થઈ ને

થોડીવાર વિચાર કરી આપે ચાલવા માંડયું. આ જોઈ હું અત્યંત નિરાશ થઈ ગયો. એવામાં એકાએકજ આપ મારી તરફ પાછા વળ્યા, અને મારી નજીક આવ્યા, પ્રથમ આપનો ચહેરો મેં જોયો ત્યારે તે ધારતીથી ભરેલો મને લાગતો હતો અને હું જોઈને બીધો હતો. પરંતુ આપ ફરીથી આવ્યા ત્યારે આપનો ચહેરો ઘણોજ શાંત દેખાતો હતો અને આપના અંતઃકરણમાં ઈશ્વર અને દયાનો વાસ છે. એમ હું જોઇ શકયો. આપે મને કપડાં પહેરાવ્યાં અને મને આપને ઘેર લઈ આવ્યા. ત્યાં આગળ આપની સ્ત્રીને પ્રથમ જોઈ ત્યારે તે તો આપના કરતાં પણ મને અત્યંત ભયંકર લાગી. તેણીની ઇચ્છા મને પોતાના ઘરમાંથી બહાર ભયંકર થંડીમાં કાઢી મુકવાની હતી અને મેં જાણ્યું કે જો તેણી એમ કરશે તો તેનું મૃત્યુ નજીકજ છે. આપે તેમને પરમાત્મા વિષે યાદી આપી, અને મનુષ્ય શરીર નાશવંત છે તે પણ જણાવ્યુ અને તે સાંભળી તેની વૃત્તિ એકદમ બદલાઇ ગઈ. તેણીએ જ્યારે મને ખાવાનું આપ્યું અને મારા તરફ પ્રેમવૃત્તિથી જોવા લાગી ત્યારે મે તેણીના તરફ જોયું અને તેના ચહેરાપરથી મને દીસ્યું કે મૃત્યુ તેને માટે ઘણું દુર છે તેણીના અંતઃકરણમા ઇશ્વરનો વાસ છે તે પણ મે જોયું અને ઇશ્વરનો પહેલો શબ્દ "**મનુષ્યની અંદર શું રહેલું છે તે તું શીખશે**" એ મને તરતજ યાદ આવ્યું અને હું સમજ્યો કે **મનુષ્યનામાં અપુર્વ પ્રેમ રહેલો છે** અને એ જાણી હું અત્યત રાજી થયો. પરમાત્માએ મને જે વચન આપ્યું તે તેણે મારી આગળ પ્રકાશીત કર્યુ છે. અને હું પહેલવાર હસ્યો. પરંતુ મનુષ્યને શું નથી આપવામાં આવ્યું અને મનુષ્યો શાથી જીવે છે? આ બે બાબત મેં જાણી નહોતી. હું આપની સાથે રહેવા લાગ્યો. આપની સાથે રહેતાં એક વરસ થયું કે એક ગૃહસ્થ આપની દુકાનમાં બુટ બનાવવા હુકમ આપવા એક દિવસ આવ્યા. તેણે જોડા બરાબર એક વરસ સુધી, આકાર બદલાયા સીવાય ચાલે એવી જામીની સાથે બનાવવા કહ્યું. મેં તે ગૃહસ્થના તરફ જોયું અને એ-

કાએક તેની પછવાડે અંતરીક્ષમાં મેં મારા દોસ્તદાર યમરાજ (જીવ લેનાર દુત) ને જોયા. મારા સીવાય બીજા કોઇએ તેને જોયા નહતા. અને મેં જાણ્યું કે સંધ્યાકાળ અગાઉ આ પૈસાદાર ગૃહસ્થનો પ્રાણ મારા મિત્ર યમરાજ લેશે, અને મેં તેજ વખતે વિચાર કર્યો કે આ ગૃહસ્થ, જોડા વરસ દિવસ સુધી પહોંચવા જોઇએ એમ કહેવા માગે છે, પરંતુ તે પામર મનુષ્ય જાણતો નથી કે આજે સંધ્યાકાળ અગાઉ તો તેનું મૃત્યુ છે. મને તરતજ ઈશ્વરનો બીજો શબ્દ યાદ આવ્યો કે "**મનુષ્યને શું નથી આપવામાં આવ્યું તે તું શીખશે.**" મનુષ્યમાં શું રહેલું છે એની તો મને ખબર પડીજ હતી. હવે મનુષ્યને શું આપવામાં નથી આવ્યું તે પણ સમજાયું. **મનુષ્યને એ જાણવાની શક્તિ આપવામાં આવી નથી કે તેમનાં દેહને માટે તેમને શાની જરૂર પડશે.** એ જાણવાથી હું બીજી વખત હસ્યો. મારા મિત્ર યમરાજને જોવાથી હું અત્યંત રાજી થયો હતો, તેમજ પરમાત્માએ તેમણે જણાવેલા બીજા શબ્દ વિષે પણ મારાપર પ્રકાશ પાડ્યો જેથી હુ અત્યંત રાજી થયો. પરંતુ હજી પણ ઇશ્વરનો ત્રીજો શબ્દ " મનુષ્ય શાથી જીવે છે. " એ સમજ્યો નહોતો. એ શબ્દનો અર્થ મને પરમાત્મા પ્રકાશીત કરી બતાવે ત્યાં સુધી મેં થોભવાનોજ વિચાર રાખ્યો. અને છઠે વરસે બે સાથેજ જન્મેલી છોકરીઓને લઇ એક સ્ત્રી દુકાનમાં આવી. મેં તેમને ઓળખ્યાં હતાં અને તે બચ્ચાંઓ કેવી રીતે જીવી શક્યાં તે પણ મેં જાણ્યુ હતું. હું જ્યારે તે છોકરાની માના પ્રાણ લેવા ગયો હતો ત્યારે તેણી આજીજીથી કહેતી હતી કે 'માબાપ સિવાય આ બચ્ચાં કેવી રીતે જીવી શકે?' અને હું પણ એમ માનતો હતો કે માબાપ સિવાય તરતનાં જન્મેલાં બચ્ચાં જીવી શકશે નહીં અને છતાં પણ એક તદ્દન અજાણી સ્ત્રીએ તે છોકરાંઓનો સારવાર કરી ઉછેર્યાં, અને તે સ્ત્રી છોકરીઓના દુર્દૈવ માટે વિલાપ કરી કહેતી હતી કે તે બાળકો તેના નથી. છતાં તે બચ્ચાંઓ પ્રત્યે તેનો અનહદ પ્યાર અને માયા મેં

જોયાં, અને હું જોઇ શકયો કે તેના **અંતઃકરણમાં ઈશ્વરનો વાસ છે.** અને "**મનુષ્યો શાથી જીવી શકે છે**" તે પણ જાણ્યું. પરમાત્માએ ત્રીજા શબ્દનો ભાવાર્થ પણ આમ મને સમજાવ્યો, અને મને માફી મળી ગઈ જેથી છેવટે હું ત્રીજીવાર હસ્યો

---

## પ્રકરણ ૧૨ મું.

દેવદુતે આટલી વાત કર્યા પછી તેના શરીર ઉપરથી બધાં કપડાં નીચે પડી ગયાં, અને તેના શરીરમાંથી એટલો બધો પ્રકાશ પડતો હતો કે તેની સામું જોઇ શકાતું નહોતું. જ્યારે દેવદુત બોલતો ત્યારે તેનો અવાજ જાણે ઉંચે સ્વર્ગમાંથી આવતો હોય એમ જણાયું. હવે દેવદૂત પાછો બોલવા લાગ્યો કે "હવે હું શીખ્યો છું કેઃ દરેક **મનુષ્ય પોતાની જ સંભાળથી જીવી શકતો નથી, પરંતુ એક બીજા સાથેની પ્યારની લાગણીથી જીવે છે !** પોતાનાં વહાલાં બચ્ચાંઓની જીંદગી વાસ્તે શાની શાની જરૂર પડશે તે તેમની માતાને પણ જાણવાની શક્તિ આપેલી નથી. પૈસાદાર ગૃહસ્થને પણ ખબર નથી કે પોતાની જીંદગી વાસ્તે તેને શું શું જોઇએ છે ! કોઇ પણ મનુષ્યને એ જાણવાની શક્તિ આપી નથી કે પોતાની જીંદગી વાસ્તે તેને શું શું જોઇએ છે ! કોઇ પણ મનુષ્યને એ જાણવાની શક્તિ આપી નથી કે પોતાના જીવીત દેહને માટે તેને કપડાં ખરીદવાની જરૂર છે કે સાંજના પોતાના મૃતક દેહને ઓઢાડવા રેશમનાં કપડાંની જરૂર પડશે. જ્યારે હું મનુષ્ય તરીકે દેવળની પાસે નગ્નાવસ્થામાં પડ્યો હતો, ત્યારે હું મારી પોતાની સંભાળથી કંઈ જીવી શકયો નહોત. પરંતુ આપ તથા આપની સ્ત્રીએ મારા ઉપર અત્યંત સ્નેહ બતાવ્યો અને આપના અંતઃકરણમાં પ્યાર અને દયાની લાગણી હતી, તેથી જ આપે મારી સારવાર કરી મને સુખી કર્યો. પેલાં જોડે જન્મેલાં માબાપ વિનાના બાળકો શા માટે જીવી શકયાં ? કારણ કે એક

અજાણી સ્ત્રીએ તેમના પર પ્યાર રાખી અત્યંત સ્નેહથી ઉછેર્યાં. આ ઉપરથી આપણે જોઇ શકીએ છીએ કે **મનુષ્ય માત્ર ફક્ત પોતાની જ સંભાળથી જીવી શકતા નથી, પરંતુ જે સ્વાભાવિક પ્યાર એકબીજાનાં અંતઃકરણમાં વસી રહેલો છે, તેથી જ જીવી શકે** છે. પ્રથમ હું જાણતો હતો કે પરમાત્માએ દરેક મનુષ્યને જીંદગી અર્પણ કરી છે અને તેની જ ઇચ્છાથી જીવે છે. હવે હું એક બીજી વાત પણ સમજ્યો છું કે મનુષ્યો સ્વાર્થ સારૂ જ ન જીવે એમ ઈશ્વરે ઇચ્છયું, અને તેટલા માટે દરેક મનુષ્યને પોતાની જાતને માટે શાની જરૂર છે તે પ્રસિદ્ધ ન કર્યું. મનુષ્યો એમ સમજેલાં દેખાય છે કે તેઓ દરેક પોત પોતાની સંભાળ રાખવાથી જ જીવે છે. પરંતુ સત્ય રીતે જોઇએ તો ખબર પડશે કે દરેક મનુષ્ય એક બીજાના પ્રત્યે પ્રેમ વૃત્તિ રાખવાથી જ ને એકત્ર રહેવાથી જીવી શકે છે. **જે મનુષ્ય બધી સ્થિતિમાં પ્રેમનો કાયદો પાળી તે મુજબ વર્તન રાખે છે તે મનુષ્યમાં ઈશ્વરનો નિવાસ છે. કારણ કે ઇશ્વર એજ પ્યાર છે.**

દેવદુત આટલું બોલી ઈશ્વરના ગુણોની સ્તુતિ કરવા લાગ્યો અને તેના અવાજથી નથુનું ઘર ગાજી રહ્યું. એટલામાં એકાએક નથુના ઘરના છાપરાના બે વિભાગ થઇ ગયા અને ઘરની અંદર દેવદુત ઉભો હતો તે જગ્યા એકદમ ફાટી અને તેમાંથી અગ્નિની જવાળા નીકળી આકાશમાં જવા લાગી. નથુ, તેની સ્ત્રી, અને છોકરાંઓ તે આ બનાવથી બેભાન થઇ જમીન પર પડી ગયાં, દેવદુતના ખભા ઉપર બે પાખો નીકળી આવી, તેનું શરીર અત્યંત પ્રકાશમાન દેખાવા લાગ્યું અને તે ઉભો હતો તે જગ્યાએથી એકદમ ઉંચે ઉડી ગયો. નથુ થોડી વારે ઉઠીને જુએ છે તો જમીન હતી તેવી સરખી થઈ ગઇ હતી અને ઘરનું છાપરૂં પણ સરખું થઇ ગયું હતું. તેણે દેવદુતને પણ ઘરમાં ન જોયો. તેણે પોતાની સ્ત્રીને જાગ્રત કરી અને દેવદુત ત્યાં ન હોવાનું જણાવ્યું, તે જાણી બંને અત્યંત દીલગીર થયાં. દેવદુતના આવ્યા પછી નથુની સ્થિતિ ઘણી જ સારી થઇ હતી. તેણે

દારૂ પીવાનું પણ છોડી દીધું હતું. દેવદુતની બધી સ્થિતિ અને હકીકત સાંભળી નથુને પણ જ્ઞાન ઉત્પન્ન થયું, અને તે પોતાની સર્વ સ્થીતિમાં પ્રેમનો કાયદો અંતઃકરણપૂર્વક પાળવાનો નિશ્ચય કરી તે મુજબ વર્તવા લાગ્યો.

---

# પ્રેમા પટેલની વાત.

## કિંવા

## માણસ કેટલી જમીનનો માલીક હોઇ શકે ?

---

## પ્રકરણ ૧ લું.

---

એક ગામડીયા બહેનને તેની મોટી શહેરી બહેન એક દહાડો મળવાને આવી. મોટી બહેન એક શહેરી દુકાનદારને અને નાની બહેન એક ખેડુતને પરણી હતી. બન્ને બહેનો એક દિવસ વાળુ કરતી કરતી વાતોએ ચડી. મોટી બહેન શહેરની જીંદગીની બડાઇ કરવા લાગી, પોતે કેવી સારી રીતે રહે છે, રહેવાને કેવું સારૂં મકાન છે, છોકરાંને અને પોતાને કેવાં મજાના કપડાં પહેરવાને મળે છે, કેવું કેવું ખાવાનુ મળે છે, વરા, જમણવાર, નાટક, મેળા વગેરેમાં જતા કેવી મોજ પડે છે, એ બધું રસથી તેણે કહી સંભળાવ્યું.

નાની બહેનને આથી ચટકો લાગ્યો તે વેપારી જીંદગી વખોડવા લાગી અને ખેડુતની જીંદગીને વખાણવા લાગી. તેણી બોલી કે " હું તો આ જીંદગીને છોડીને તારી જીંદગી ભોગવવાનું પસંદ કરૂં નહિ, અમે ગરીબ ભલે રહ્યાં, પણ અમારે કાંઇ વ્યાધિ નથી. તમે વધારે ઠાઠથી રહેતાં હશો, પણ તેથી ઝાઝું કમાવાની હાયવોય તમારે કરવી પડતી હશે અને ઝાઝું કમાવા છતાં ઝાઝું ખોઇ પણ બેસો.

આજે તમે શાહુકાર થઈ ફરો, પણ કાલે તમારે ભીખ માગવી પડે એવો અવસર પણ આવે. અમે કદી ધનાઢય નહીં થઇએ ન બરોબર પણ અમને પેટ પુરતું રોજ મળી રહેશે. ”

“ પેટ પુરતુ મળી રહેશે ! ” મોટી બહેન બોલી ઉઠી, “ચાલો તેમાં શું સંભળાવ્યુ ? કુતરાં મીંદડાંને જેમ મળી રહે છે તેમ તમને પણ મળે, પણ નહિં તમે નાતના કે જાતના, નહિં રીતના કે ભાતના. તારો ધણી બિચારો ગમે તેટલી મહેનત કરશે છતાં તમે રહેવાના ઉકરડામાં અને મરવાના પણ ઉકરડામાં અને તમારા છોકરાઓનું પણ તેમજ. ”

“ તમા શું થઈ ગયું ? ” નાની બહેને હિંમતથી જવાબ વાળ્યો. “ અમે ભલે તેવાં રહ્યાં, પણ અમારે નિરાત છે. અમારે નથી કોઇના પાસે વાંકા વળવાનું કે નથી કોઇની દેહશત. તમને શહેરના રહેવાશીઓને ઘણીએ લાલચો હોય છે. આજે તમારી હાલત સારી છ, અને કાલે તારા ધણીના મગજમાં ભુત ભરાય તો જુગાર, દારૂ કે એના ફંદામા ફસાઈ બધું ગુમાવી દે. કેમ ખરૂં કે નહિ ? ”

પ્રેમા પટેલ (નાનીનો ધણી) ઓટલાપર પડ્યો બધું સાંભળતો હતો. તે વિચાર કરવા લાગ્યો કે ‘ આ વાત ખરી છે. જો માણુસ બાળપણથી મહેનત કરતાં અને ધરતીનાં ઢેફાં ભાંગતાં શીખ્યો હોય તો પછી તેના મગજમાં કંઇ ભુત ભરાતુ નથી પણ મારે મુશ્કેલી એ છે કે પુરતી જમીન મારા પાસે નથી. જો મારે જોઇએ તેટલી જમીન હોય તો પછી હું બાબરા ભુતનીએ પરવા ન કરૂં. ”

બન્ને બહેનો વાળુ કરી પરવારી સુઈ ગઈ. પણ ડેલીએથી બાબરો ભુત પસાર થતો હતો તેણે પ્રેમા પટેલના વિચાર જાણ્યા અને મનમાં બોલ્યા કે “ આ પટેલને મારી સામે મેદાન પડવાનો ગર્વ થયો છે. ઠીક છે. હું તેને જોઇએ તેટલી જમીન આપીશ અને પછી જોઇશ કે તે શું કરે છે ”

# પ્રકરણ ૨ જું.

---

તે ગામડાંની નજીકમાં આશરે ૩૦૦ એકર જેટલી જમીન એક શેઠીયાના તાબામાં હતી. તે શેઠીઓ આસપાસના ખેડુઓ સાથે સારી રાતે રહેતો હતો. પણ તેણે એક નવો કારકુન રાખેલો તે બધા પાડોશીઆને બહુ સતાવવા લાગ્યો, કોઇનાં ઢોર છુટાં તેની જમીનમાં આવે તો દંડ કરાવતો. પ્રેમો પટેલ બહુ સંભારીને રહતો છતાં તે તેના સપાટામાં આવી જતો. આથી તે બહુ કંટાળી ગયો હતો. તેવામાં તેને ખબર મળ્યા કે પેલા ૩૦૦ એકર વેચાણમાં આવનાર છે. અને કોઇ જમીનદાર તેને ખરીદી લેવા માગે છે. આથી ખેડુઓ બધા ચિંતામાં પડયાં, તેઓ વિચારવા લાગ્યા કે: " આ તો ઉલામાથી ચુલામાં પડવા જેવું થશે, પેલો જમીનદાર આપણાં લોહી ચુસી જશે, આપણાથી બીજે કયાંય ચાલ્યું જવાશે નહિં. "

આથી ગામના બધા ખેડુતો મળી શેઠીયા પાસે ગયા, અને તેને વિનંતિ કરી કે તે જમીનદારને પેલી જમીન વેચવાને બદલે તેઓનેજ વેચે, તેઓ વધારે કિમ્મત આપવા તૈયાર થયા, શેઠીયાએ તે વાતની હા કહી. પછી ખેડુઓ બધા સાથે મળીને તે જમીન ખરીદી લેવાનો વિચાર કરવા એકઠા થયા, ઘણીએ મસલત કરી. પણ પેલો બાબરો તેઓને વઢાડી પાડતો, એટલે તેઓ કંઇ નિવેડાપર આવી શક્યા નહિ. આખરે એવું નક્કી થયું કે સહુ પોતપોતાને માટે ગમે તેટલી જમીન ખરીદે. આ વાત પણ શેઠીયાએ કબુલ રાખી. પ્રેમા પટેલે સાંભળ્યું કે તેના એક પાડોશીએ ૬૦ એકર જમીન ખરીદી લીધી છે, અને શેઠીયાએ અર્ધોઅર્ધ પૈસા બે વરસ સુધીમાં ભરી દેવાનાં કાંધા પણ તેને કરી દીધાં છે. પ્રેમા પટેલના મનમાં થયું કે આ તો બધા જમીન ખરીદી લેશે અને હું મરી જઇશ. આથી તેણે પટલાણીને વાત કરી: " આ બધા જમીન ખરીદવા મંડયા છે. આપણે પણ ત્રીશેક એકર ખરીદીએ. એ વિના છુટકો નથી. કોઈ જમીન-

હારને પનારે પડયા તો દંડ ભરીને ડુચો નીકળી જશે." બન્નેએ જમીન લેવી એવો ઠરાવ કર્યો. સોએક રૂપિયા તેઓએ સંઘરી રાખ્યા હતા. બાકી વાછડો વેચ્યો, કંઇક દાણો વેચ્યો, છોકરાને નોકરીએ રખાવ્યો, અને એમ કરીને થોડાક વધુ રૂપિયા ભેળા કર્યા. આમ જમીનની અરધી કિમ્મત તો ભેગી કરી. પછી પ્રેમા પટેલે સારી, થોડી ઝાડીવાળી, પચાસેક એકર જેટલી જમીન પસંદ કરી, અને શેઠીયા પાસે સોદો કરવા ગયો. શેઠીયાએ અર્ધા પૈસા લઇ ખત બનાવ્યાં, અને બાકીના પૈસાના કાંધા કરી બે વરસે પુરા કરવાની શરત કરી આપી.

પ્રેમા પટેલ હવે પોતીકી જમીન ઉપર રહેવા લાગ્યા. બીયાં ઉછીના લઇ નવી જમીનમાં વાવેતર કર્યું, અને મજાનો પાક ઉતાર્યો. એકજ વરસમાં તેણે દેણું બધું ખલાસ કર્યું, અને પોતે જમીનદાર થઇ બેઠો. ઢોરાંને પણ પોતાની જમીનમાં ચરાવવા લાગ્યો. ઘાસ વધતું તેની ગંજી ખડકવા લાગ્યો. બળતણ પણ બીજે કયાંયથી લાવવાનું ન રહ્યું. પોતાનું ખેતર, પોતાની વાડી, એ બધું જોઇને પટેલનાં કાળજાં ટાઢાં થયાં. જમીન તેના હાથમાં આવ્યા પછી તેનો રંગ ઓર થઈ ગયો.

---

## પ્રકરણ ૩ જું.

---

પ્રેમા પટેલ હવે સુખે રહેવા લાગ્યા. માત્ર જો આડોશી પાડોશીઓનાં ઢોરઢાંકર જમીનમાં દાખલ થઇ પજવતાં નહોત તો તેના જેવો સુખીયો કોઈ નહોતો. તેણે બધાને બહુએ ચેતવણી આપી; પણ તેની કનડગત અટકી નહીં. કોઇ દહાડો કોઈની ગાય તો કોઇ દી કોઇનું ઘોડું જમીનમાં દાખલ થઇ જાય. અને ઘઉં વગેરેનો કચરઘાણ વાળી નાખે. પ્રેમા પટેલે બહુએ વાર તેના પાડોશીઓને ચેતવણી આપી જવા દીધા, પણ અંતે તે કાયર થયો. તેથી કોરટે ચડવાનું

તેણે ધાર્યું. તે જાણતો હતો કે કોઇ જાણી જોઇને ઢોરને છોડી મુકતું નથી; છતાં તેણે વિચાર કર્યો કે. "આવું હરરોજ કેમ પાલવે? એમને એમ ચલાવવા દઉં તો મારો બધો પાક ખલાસ થાય, માટે તેમને શીખ દીધા વિના ચાલે તેમ નથી."

આથી તેણે હવે દરવેળા કોરટે ચડવાનું શરૂ કર્યું. ઘણાએ ખેડુઓના એક વખત, બે વખત અને પછી તો ઘણીએવાર દંડ કરાવ્યા. આખરે ખેડુઓ બધા ચીડાયા અને પ્રેમા પટેલને ઘરાહાર હરકત કરવા લાગ્યા. એક રાત્રે કોઈ એકે તેની જમીનમાં આવી બધાએ બાવળનાં ઝાડ પાડી નાંખ્યાં અને તેની છાલ લઇને ચાલતો થયો. પ્રેમા પટેલે સવારે ઉઠી ફરતાં ફરતાં જોયું તો એક બાવળનું ઝાડ રહ્યું નથી. તેના ગુસ્સાનો પાર રહ્યો નહીં, ને મનમાં બબડ્યો કે "જો હું આ ચોરને જાણું તો પછી તેના પુરા હાલ કરૂં."

પટેલ વિચારવા લાગ્યા કે "આતે કોણ હશે?" આખરે તેને સુઝી આવ્યુ કે તે કામ પેલા જસા પટેલનાંજ છે. તે જસાના વાડા આગળ ગયો, આમ તેમ ડોકીયું કર્યું. પણ છાલ કયાંય નજરે ચડી નહીં; છતાંએ લેવા દેવા વિના જસા સાથે વઢી પડ્યો, જસાએ જ આ કામ કર્યું એવી તેને વધુ ખાતરી થઇ, અને તેથી ફરીયાદ માંડી. કોરટે ખુબ તપાસ કરી પણ પુરાવો નહીં મળતાં તેને છોડી મુકયો. પ્રેમો પટેલ તો ગુસ્સાથી બેબાકળો બની ગયો, અને પોલીસ પટેલ, ન્યાયાધીશ બધાની સાથે તકરાર કરી પડ્યો. તે ધમકાવવા લાગ્યો કે "તમે બધા ચોરની રક્ષા કરો છો, જો પ્રમાણીકપણે રહેતા હો તો તેને જતો કરોજ નહીં." આમ પ્રેમા પટલ તેના આડોશી પાડોશી, અમલદારો એ બધાની સાથે કજીઓ કરી બેઠો. પાડોશીઓ તો એટલા ચીડાયા કે તેનું ઘર તથા વાડો વગેરે બાળી નાંખવાની ધમકી દેવા લાગ્યા, નવી જમીન ખરીદવાથી પ્રેમાને જમીનમાં તો ઘણોએ મારગ થયો, પણ તેને માટે દુનિયામાં કયાંય મારગ ન રહ્યો.

આમ ચાલતું હતું તેવામાં એવી વાત ફેલાણી કે માણસો બધા

નવી જગ્યા ઉપર રહેવા જાય છે. પ્રેમાએ આ વાત સાંભળી તેણે વિચાર્યું કે "આપણે તો આ જમીન છોડવી નહી. આસપાસના લોકો જો અહીંથી નીકળે તો પીડા ઓછી થાય. હું તેઓની જમીન ખરીદી લઉં, અને પછી સુખે રહુ."

એક દિવસ પ્રેમા પટેલ ઘેર હતા ત્યાં કોઇ એક મેમાન ચડી આવ્યો. તેની તેણે પરોણાગત કરી અને રાત રહેવા આગ્રહ કર્યો. રાત્રે બંને વાતો કરવા બેઠા. ક્યાં રહેવું, ક્યાંથી આવો છો વગેરે સવાલો પ્રેમાએ પુછ્યા. વાતમાં ને વાતમાં તે મુસાફરે કહ્યું કે હું દક્ષિણમાંથી આવું છું. તે વજુ વસતુંજ જાય છે. ત્યાં જમીન બહુજ સોંઘી મળે છે. અને એટલી તો રસાળ છે કે જો અજાણતાં દાણો જમીન ઉપર પડ્યો હોય તો તે પણ ઉગી નીકળે છે અને એક એક ડુંડામાંથી ખોબા જેટલું અનાજ નીકળે છે. ત્યાં હમણાં એક સાવ નિર્ધન ખેડુત આવ્યો હતો તેણે એક વરસ બરોબર મહેનત કરી તેમાં તો તે થોડી જમીન અને કેટલાંક ઢોરાં પણ ખરીદી શક્યો.

પટેલ આ સાંભળી ખુશખુશ થઇ ગયા, અને વિચારવા લાગ્યા કેઃ "જો સોંઘી જમીન મળતી હોય તો આપણે આવી ખીચોખીચ વસ્તીમાં શા માટે રહેવું ? હું મારા ઘરબાર વેચી નાંખીશ, અને ત્યાં જઇને નવા ઘરબાર બનાવીશ. અહીં રોજ વસ્તી વધતી જાય છે, અને તેથી મારે દિવસે દિવસે વધારે મુશ્કેલીઓ વેઠવી પડશે. માટે ચાલ પહેલાં તો તે જગ્યા જોઇ આવું.'

હવ જ્યારે મહા મહિનો આવ્યો ત્યારે તે નવી જમીન જોવાને ચાલી નીકળ્યો. થોડેક સુધી ગાડે, થોડેક સુધી પગે એમ મુસાફરી કરતાં કરતાં દોઢસોક ગાઉ કાપ્યા ત્યારે પેલા મેમાને કહેલી જગ્યાએ તે પહોંચ્યો.

અહીં આવી તેણે જોયું તો જેવું વર્ણન સાંભળ્યું હતું તેવુંજ બધું દેખાયું, ખેડુત આનંદથી રહેતા હતા. દરેકને ત્રીસ ત્રીસ એકર જેટલી જમીન આપવામાં આવી હતી. જે કોઈ નવું રહેવા આવતું

તેને લોકો બહુ આવકાર આપતા. ત્રીસ એકર કરતાં વધુ જમીન જો કોઇ માણસ લેવા ધારે તો તે દોઢ રૂપિયે એકર લેખે ખરીદી શકતો.

પ્રેમાએ તમામ તપાસ કરી લીધી. તે બહુજ ખુશી થઈ ગયો. અને ઝટ ઘેર જઇ બધું આટોપી એકદમ પાછું આવવા ધાર્યું. બીજે વરસે બધું સંકેલી પેલા નવા દેશમાં જવા નીકળ્યો.

---

## પ્રકરણ ૪ થું.

પ્રેમા પટેલ નવી જમીનપર પહોંચ્યા એટલે પહેલાં તો તેણે બધા ખેડુતોને જમાડ્યા. ત્રીસ એકર ઉપરાંત દોઢસોક એકર બીજી જમીન ખરીદી, ઘર બાંધ્યું અને રહેવા લાગ્યા. નવાં ઢોર પણ લીધાં જમીન બહુ રસાળ હોવાથી થોડા વખતમાં તો તે પૈસાવાળો થઇ ગયો, અને સુખ ચેનમાં રહેવા લાગ્યો.

જ્યારે રહેવા આવ્યો ત્યારે તેણે ધાર્યું હતું કે અહીં વસ્તી બહુ થોડી છે તેથી આપણને ઠીક પડશે. પણ પ્રેમા પટેલના નશીબે થોડા વખત પછી ત્યાં પણ માણસો આવવા લાગ્યા.

પહેલે વરસે તેણે ઘઉં વાવ્યા અને ઘણોજ સારો પાક મળ્યો. આથી તે લોભમાં પડ્યો. વધારે જમીન હોય તો વધારે પઇસા મળે એમ વિચારી તેણે વધુ જમીન લેવા ધાર્યું; પણ જમીન મળી નહીં કેમકે બધી વેચાઇ ગઇ હતી.

જે માણસો પોતાની જમીન ખેડી શકે એમ નહોતા તે ભાડે આપતા. આવી કોઇ જમીન ભાડે લેવા પ્રેમાને વિચાર થયો તેથી તે વેપારી પાસે ગયો, અને થોડી જમીન એક વરસ માટે લઈ આવ્યો થોડા દિવસ પછી તે વધારે જમીન પોતાને નામે લેવાય તેના વિચારમાં પડ્યો.

આમ ને આમ ત્રણ વરસ ચાલ્યાં ગયાં. દરેક વરસે તે વધુ જમીન ભાડે લેતો અને તેમાં વાવેતર કરતો. દિવસે દિવસે તેની પાસે

પઇસો ભેળો થવા લાગ્યો. થોડો વખત તેને નિરાંત વળી પણ પછી જમીન ભાડે લેવાનો તેને કંટાળો ઉપજવા લાગ્યો.

જો કોઇ જમીન વેચતું તો બધાએ ત્યાં દોડી જતા, અને એકદમ ખરીદી લેતા. તેથી પટેલનો લાગ ફાવતો નહીં. આખરે તેણે એક વેપારી સાથે ભાગ રાખી એક વાડી ખરીદી, અને તેમાં વાવેતર કર્યું. પણ જ્યારે ભાગ પાડવાનો વખત આવ્યો ત્યારે કજીઓ થયો. પટેલે વિચાર્યું કે " આ જમીન મારા એકલાની હોય તો કેવું સારૂં ! મારે કોઇના ઓશિયાળા રહેવું ન પડે. " આથી તે જમીન લેવાની તજવીજમાં રહેવા લાગ્યો.

એક દિવસ તેને ખબર મળ્યા કે કોઇ ખેડુત મુશ્કેલીમાં હોવાથી પોતાની ૧૫૦૦ એકર જેટલી જમીન બહુ સોંઘામાં વેચી નાંખે છે. તે એકદમ પેલા ખેડુત પાસે ગયો અને કાંધાં કરી જમીન લખાવી લીધી. પ્રેમા પટેલનાં મનનું ધાર્યું થયું, અને તેને ટાઢક વળી.

એવામાં કોઇ એક વેપારી મુસાફર તે ગામમાં આવી ચડ્યો, તે પ્રેમા પટેલને ત્યાંજ ઉતર્યો. પરોણાને જમાડી કરી તેનો થાક ઉતાર્યો એટલે બંને વાતો કરવા બેઠા. પટેલે પુછ્યું " તમે કયાંથી આવો છો ? " તે વેપારીએ કહ્યું કે " હું એક એવી જગ્યાએથી આવું છું કે જ્યાંના લોકો તદ્દન ભોળા અને ભલા છે. ત્યાં જમીન પાણીને મોલે વેચાય છે. મેં હજુ હમણાં જ એક હજાર રૂપિયામાં પાંચ હજાર એકર જેટલી જમીન લીધી. "

આ સાંભળી પટેલનું મન પાણી પાણી થઇ ગયું. તેણે પુછ્યું કે 'તમે તે જમીન શી રીતે ખરીદી ?' વેપારીએ જવાબ આપ્યો: પહેલાં તો મુખીને વીસ પચીસ રૂપિઆની કીંમતનાં કપડાં વગેરે સાથે લઇ ગયો હતો તેનું નજરાણું આપ્યું. આથી તે ખુશ ખુશ થઇ ગયો. પછી જમીન માગી તે મોંઢે માગ્યે ભાવે આપી. મારી જમીન નદીના કાંઠા ઉપર જ છે તેથી બહુ જ સારો પાક મને મળશે, " એટલું કહી તેણે ત્યાંના લોકો વિષે વાત કરવા માંડી.

તેણે કહ્યું " ત્યાંના માણસો ગાડર જેવા ભોળા છે, તમે જાઓ તો તમે પણ મારી માફક સોંઘામાં જોઇએ તેટલી જમીન મેળવી શકો. ત્યાં જમીનનો પાર જ નથી. " એમ કહી તેણે જમીન લીધેલી તેનો દસ્તાવેજ બતાવ્યો. પટેલે બહું ધ્યાન દઇને સાભળ્યું. તેને વિચાર થયો કે " આમ છે તો પછી મારે શા માટે ત્રમણાં ચોગણાં નાણાં ખરચવાં અને વળી ગળે દેણું લટકાવવું ! "

## પ્રકરણ ૫ મું.

પ્રેમા પટેલ તે વેપારી મુસાફરને ત્યાં જવાનો રસ્તો પૂછી પોતાનાં બાયડી છોકરાંને પોતાની માલ મતાની તપાસ રાખવા મુકી લાંબી મુસાફરીમાં નીકળી પડ્યો. શહેરમાંથી ભાતું લીધું. નજરાણાં જોગી ચીજો પણ ખરીદી લીધી. અને પેલા વેપારીએ કહ્યું હતું તેમ મજલ દરમજલ કરતાં સાત દિવસે ત્રણસોક માઇલની લાંબી મુસાફરી કરી, ધારેલી જગ્યાએ આવી પહોંચ્યો.

તે દેશના લોકો ઝુંપડાં બાંધી નદીને કાંઠે રહેતા હતા. કોઇ કંઇ ખેતી કરતું નહીં હતું. પટેલે ત્યાં જઇ જોયું તો ગાયો, ઘોડા અને બકરાંનાં મોટાં ટોળાં ચરતાં હતાં. લોકોનો ખોરાક દહીં દુધ અને માંસાદિ હતો. આખો દિવસ તેઓ પોતાની વાંસળી વગાડવામાં અને તીર કામઠું લઇ શિકાર કરવામાં જ ગાળતા, તેઓ મુખ્યત્વે કરી ભીલની જાતના હતા. પરોણા ચાકરીને તેઓ મોટો ધર્મ સમજતા હતા.

જેવા પટેલ તેઓની નજરે પડ્યા તેવા તેઓ બહુ ખુશી થઇ ગયા અને તેની આસપાસ બધા વીંટળાઇ વળ્યા. બધા કુંડાળું વળી બેઠા. પહેલાં તો પટેલે પોતાની પાસેથી તેઓને ખાવા આપ્યું. સહુ ખાઈ રહ્યા પછી પોતે જે ચીજો લાવ્યો હતો તે લોકોને વહેંચી આપી. લોકો રાજી રાજી થઇ ગયા. આ લોકોની ભાષા જુદી જ હતી. તેઓમાંથી એક પટેલની ભાષા થોડી ઘણી સમજતો હતો

હતો તે બધાના કહેવાથી આગળ આવ્યો. આ શખ્સને દુભાષીયો નીમવામાં આવ્યો અને તેની મારફત પટેલ તથા ત્યાંના લોકો અરસ-પરસ વાતો કરવા લાગ્યા.

દુભાષીયો લોકો વતી પટેલને કહેવા લાગ્યા કે: " અમે બહુ ખુશી થયા છીએ; અને તમારે શું જોઇએ છે તે અમને કહો જેથી અમે તમારે માટે બનતું કરીએ. "

પટેલે કહ્યુ: " મારે અહીં સરસમાં સરસ જમીન જોઇએ છે. અમારા દેશમાં બહુ થોડી જમીન છે, અને છે તેમાં બહુ મહેનત કરવી પડે છે. "

દુભાષીયાએ આ વાત લોકોને કહી સંભળાવી, એ સાંભળી આ જંગલી લોકો ખુબ બગાડા પાડવા મંડી પડયા. પ્રેમા પટેલનાં તો હાજાંજ ગગડી ગયાં. તે એમજ સમજ્યો કે આ લોકો તેના ઉપર ગુસ્સે થઇ ગયા છે. પણ તેટલામાં તેઓને પાછા હસતા જોયા એટલે પટેલના પેટમાં જીવ આવ્યો. થોડી વારમાં તેઓ શાંત થયા એટલે પેલા માણસે કહ્યું કે: " આ લોકો બહુજ ખુશી થયા છે અને કહે છે કે તમારે જોઇએ તેટલી જમીન તમે લેજો. તમે ફક્ત અમને હાથેથી બતાવો કે કઇ જમીન તમારે જોઇએ છે. "

થોડીવારમાં પાછા તેઓ અંદર અંદર વઢવા લાગ્યા. પટેલે પુછ્યું તો તેને માલુમ પડયું કે કેટલાક મુખીને પુછ્યા વિના જમીન ન અ-પાય એમ કહેતા હતા. અને કેટલાક પુછવાની કાંઇ જરૂર નથી એમ કહેતા હતા.

---

## પ્રકરણ ૬ ઠું.

---

આમ વાતો ચાલતી હતી ત્યાં ક્યાંઇક સારા દેખાવનો એક માણસ છેટેથી આવતો દેખાયો તેને જોઈ બધા ચુપ થઇ ગયા. પેલા દુભાષીયાએ પટેલને જણાવ્યું કે તે ત્યાંનો મુખી છે.

મુખી આવ્યો એટલે બધા લોકોએ ઉભા થઇને તેને માન આપ્યું. પટેલે તરત જ પોતાનો સામાન ખોલી એક સરસ ચીજ કાઢી તેને ભેટ આપી. મુખીએ તે વિનયથી સ્વીકારી અને પોતાને લાયક સ્થળે બેઠો. લોકોએ બધી વાત તેને કહી અને મુખીએ તે શાંતિથી સાંભળી પછી તે પ્રેમા પટેલની સામે જોઇ કહેવા લાગ્યો:

"ભલે તમારી મરજી પડે ત્યાંથી જોઇએ તેટલી જમીન તમે લઇ લો. અથારી પાસે પુષ્કળ જમીન છે."

પટેલ વિચારવા લાગ્યા: "એમ કેમ લઇ લઉં. કાંઇ ખત તો જોઇએ, નહીં તો આજ આપે અને કાલ લઈ લે તો હું શું કરૂં!"

પછી તે બોલ્યો: "હું તમારો ઉપકાર માનું છું. તમારે જમીન છે તે ખરૂ, પણ મારે તો થોડી જ જોઇએ છે. માત્ર એટલું જ જાણવા માગું છું કે તમે મને કઈ જમીન આપશો, અને જે આપશો. તેના કાયદેસર ખત કરી આપવાના કે નહીં? આપણી જીવનદોરી મોટા ધણીના હાથમાં છે, તમે પોતે માયાળુ છો, પણ મારાં છોકરાં પાસેથી તમારાં છોકરાં કદાચ તે જમીન પાછી ન લઇ લે તેની ખાત્રી શું?"

મુખીએ જવાબ આપ્યો: "તમે કહો છો તે બરોબર છે. તમોને ખત કરી આપશું."

પટેલે તો બોલવું ચાલુજ રાખ્યું: "મેં સાંભળ્યું છે કે એક વેપારી અહીં આવ્યો હતો, અને તેને જમીન આપી તમે દસ્તાવેજ કરી આપ્યો હતો. મારે પણ તેવો જ દસ્તાવેજ જોઇએ."

મુખી તરત જ સમજી ગયો અને બોલ્યો કે: હા, બધું તમે કહેશો તેમ થઈ રહેશે. અમારો કામદાર આવે એટલે તેને લઈ શહેરમાં જઇને તમોને ખત કરી આપશું."

પટેલે પુછ્યું: "તમે શા ભાવે જમીન આપો છો."

મુખીએ કહ્યું: એકજ દામ છે. હજાર રૂપિયે એક દિવસ."

પટેલ સમજ્યા નહીં. તેણે પુછ્યું, "એક દિવસ તે કેવું માપ? કેટલા એકરનો દિવસ?"

મુખી બોલ્યો: "અમે જમીન માપવાની બીજી રીત જાણતા નથી. દિવસને હિસાબે વેચીએ છીએ. એક દિવસમાં તમે જેટલી જમીનની આસપાસ ફરી વળો તેટલી તમારી"

પટેલ અચંબામાં પડી ગયા અને બોલી ઉઠયા કે: "આ તો ઘણું સારૂં, એક દિવસમાં ઘણું ચલાય."

મુખી હસ્યો, અને કહ્યું: "હા. તેટલી બધી જમીન તમારી થશે, પણ એક શરત છે, જ્યાંથી તમે નીકળો ત્યાંજ પાછા સુરજ આથમતા સુધીમાં ન આવી પહોંચો તો તમારા પૈસા નકામા જાય."

પટેલે કહ્યું. "પણ હું કયે કયે ઠેકાણે જઇ આવ્યો છું એ તમે જાણી શકશો?"

મુખીએ જવાબ આપ્યો: તમે જ્યાંથી ચાલવાનું શરૂ કરશો ત્યાં અમે બેસી રહીશું. તમે ચાલતાં ચાલતાં કોદાળીથી જમીન ઉપર નિશાની કરતા જજો. પછી અમે તે નિશાનીને આધારે એક લીટી દોરી આપીશું. તમારાથી જેટલી લેવાય તેટલી લેજો પણ એટલું ધ્યાન રાખજો કે જ્યાંથી નીકળો ત્યાં સુર્યાસ્ત સુધીમાં પાછું આવતા રહેવાનું છે."

પટેલ તો રાજીના રેડ થઇ ગયા. બીજે દિવસ સવારના વહેલા નીકળવું એમ તેણે નક્કી કર્યું. રાત પડતાં ખાઇ પીને આનંદ કરી સહુ સુવા ગયા. પટેલને સુવાની સારી સગવડ કરી આપી. સવારે વહેલા તૈયાર થવાનું કહી બધા ત્યાંથી વિદાય થયા.

---

## પ્રકરણ ૭ મું.

પ્રેમા પટેલ પથારીમાં પડયા, પણ ઉંઘ કેમેય આવી નહીં. તેના મગજમા જમીનનાજ વિચાર ઘુમ્યા કરતા હતા. તેને વિચાર આવ્યો "જેટલી જમીનની આસપાસ હું ફરી વળીશ તેટલી લઇ

લઈશ. ચાલવામાં જરા પણ ખામી નહીં આવવા દઉં. દિવસો લાંબા છે તેથી વીશેક ગાઉ તો હું ખુશીથી ચાલી શકીશ. તેટલા ચક્કરમાં કેટલા એકર થાય તેની ગણતરી પણ હું તો કરી નથી શકતો! જમીનમાં કોઇ ભાગ ખરાબ હશે તો હું તે વેચી નાંખીશ, અથવા ભાડે આપી દઇશ, અને સરસમાં સરસ ભાગ હશે તે ખેડીશ. પછી ઘણાં ઢોર પણ ખરીદશું. જમીન ઘણી હશે એટલે ઢોરનું ખરચ જરા પણ માથે નહીં પડે."

આવા આવા વિચારોમાં લગભગ આખી રાત પટેલને નીંદ્રા આવી નહીં. છેક પરોઢીએ જરા ઝોકું આવ્યું. હજી તો સ્હેજ આંખ મીંચાણી ત્યાં તેને સ્વપ્નું આવ્યું: "મુખી જાણે હસતો હસતો પોતા ભણી આવે છે, જરાક નજીક આવ્યો એટલે જણાયું કે તે તો પેલો વેપારી, જે તેને ત્યાં મેમાન હતો તેજ બીજું કાંઈ નહીં. વળી જરા પાસે આવ્યો એટલે તેને લાગ્યું કે મુખી કે વેપારી કોઇ નહીં પણ તે તો વિકાળ બાબરો છે તે આકૃત થોડીવારમાં તેની પાસે આવી બેઠી. પટેલે નીહાળીને જોયું તો બાબરાનું શરીર તેને બહુ ભયંકર લાગ્યું અને તેની પડખે એક મુડદું જોયું. મુડદાને તપાસ્યું તો તે કોઈનું નહીં પણ પોતાનુંજ જણાયું." આ જોઇ તે હેબતાઇ ઉઠયો.

જાગીને વિચારવા લાગ્યો: "આનો અર્થ શું હશે" પાછો વળી વિચાર આવ્યો, "અરે કંઇ નહીં, એ તો માત્ર સ્વપ્નુંજ," પછી ઓઢવાનું ઉંચું કરી જોયું તો સવારનું ઝાંખું અજવાળું જણાયું.

પોહ ફાટયું જાણી પટેલ પથારીમાંથી ઉભા થઇ ગયા. હાથ મોઢું ધોઇ તૈયાર થયા. પછી પોતાના ગાડીવાળાને ઉઠાડી કોદાળી લઇ મુકરર કરેલી જગ્યાએ પહેંચ્યા. ત્યાં જઇ બધા માણસોને જગાડયા. તેઓ બધા હાથ મોઢું ધોઇ નાસ્તો કરવા બેઠા. પટેલને પણ જરા નાસ્તો કરી લેવા કહ્યું. પણ તેણે તો નાજ પાડી, અને કહ્યું કે હવે વખત થયો છે ચાલો ઝટ કામ શરૂ કરી દઇએ.

———

# પ્રકરણ ૮ મું.

લોકો બધા તૈયાર થઈ ગયા. બરોબર સુર્યોદયને વખતે જે જગ્યાએથી ચાલવાનું શરૂ કરવાનું હતું ત્યાં સહુ જઇ પહોંચ્યા. એક ટેકરી ઉપર બધા ચડયા. મુખી પ્રેમા પટેલ પાસે આવ્યો, અને ચારે તરફ હાથ બતાવી કહ્યું: "આ જ્યાં સુધી નજર પહોંચે છે ત્યાં સુધીની બધી જમીન અમારી છે. તમને ગમે તેટલી લેજો."

પટેલ તો બહુજ ખુશી થઈ ગયા. જમીન તેને ઘણી સારી લાગી. તેને માટી કાળી અને ખાતરાળ હતી. કોઇ કોઇ ઠેકાણે છાતી સમું ઘાસ ઉભું હતું.

મુખીએ નિશાની કરી પટેલને કહ્યું: અહીં આવો, જુઓ. તમારે અહીંથી ચાલવાનું શરૂ કરવું, અને સુર્યાસ્ત સુધીમાં પાછું અહીંજ પહોંચવું. જેટલી જમીનની આસપાસ ફરી વળશો એટલી તમારી.

પટેલે કપડાં કસ્યાં, અને કોદાળી ખભે નાખી. એકાદ રોટલો પછેડીમાં નાંખી ભેડમાં બાંધ્યો. પાણીની નાની સિરોઇ પણ ખભે લટકાવી લીધી અને તૈયાર થઇ ઉભા. પહેલાં તો કઇ દિશાએ જવું એ મુંઝવણ થઇ. પણ ઉગમણી દિશાએ જવું એવું તુરત નક્કી કર્યું. અને સુરજની વાટ જોવા લાગ્યા.

જેવી સુરજની કોર દેખાણી કે તરતજ પટેલ છુટયા. મનમાં વિચાર્યું કે: "એક ક્ષણ પણ ગુમાવવાની નથી. ટાઢા પોરમાં ખૂબ ચલાશે."

પહેલાં તો સાધારણ ઝડપથી ચાલવું શરૂ કર્યું. એક ખેતરવા ચાલ્યા અને કોદાળીથી નીશાની કરી. એમ ચાલતા ગયા અને નિશાની કરતા ગયા. હળવે હળવે તેની ચાલ વધવા લાગી.

કેટલુંક ચાલ્યા પછી પટેલે જરા પાછું વાળી જોયું તો ટેકરી ઉપરના લોકો ચોખ્ખા દેખાતા હતા, અને ગાડાંનાં જડોયાં પણ

સુરજના તેજથી ચળકતાં હતા. તેણે વિચાર્યું કે ત્રણ સાડાત્રણ ગાઉ ચલાયું હશે. હવે તેને જરા પસીનો થવા લાગ્યો, એટલે કેડીયું કાઢી ખભે નાખ્યું અને પાછા પગ ઉપાડયા. થોડીવાર પછી સુરજ સામું જોયું તો લાગ્યું કે હવે શીરામણ ટાણું થયું છે.

પટેલ મન સાથે વાત કરવા લાગ્યા: "એક પહોર તો હમણાં પુરો થશે, તોય હજી ત્રણ પહોર બાકી છે. વળવાને હજી ઘણીવાર છે." એમ કહી પગરખાં કાઢયાં, અને ત્યાંજ જમાવ્યું. ઉતાવળે ઉતાવળે થોડો રોટલો ખાઇ લીધા. અને સિરોઇમાંથી થોડું પાણી ઢીંચી ઉભા થયા. પગરખાં આ વેળા ભેડમાંજ બાંધી લીધાં અને પાછું ચાલવા માંડયું.

ચાલતાં ચાલતાં વિચાર કરે છે: "હવે તો ઘણી સ્હેલાઇથી ચલાય છે, એક ગાઉ વધારે ચાલશું, અને પછી પાછા ફરશું. સામેની જમીન કંઇ વધારે સારી લાગે છે. એ છોડી દેવા જેવી નથી." આમ વિચારતાં વિચારતાં દોઢેક ગાઉ આગળ નીકળી ગયા પછી ત્યાંથી બાજુએ વળ્યા.

હવે ટેકરી ઉપર નજર કરી તો ત્યાં ઉભેલા લોકો ઉંદર જેવડા લાગતા હતા. પટેલ પાછા જરા થોભ્યા, સિરોઇમાંથી પાણી પીધું, અને થોડીવાર થાક ખાઇ પાછું ચાલવા માંડયું.

થાક ખાધો એટલે થોડો વખત તો નવું જોર આવવાથી ઝડપથી ચાલ્યા પણ હળવે હળવે પગ ભારે થવા લાગ્યા.

તેણે વિચાર્યું: "ફક્ત એક બે કલાક સહન કરવાનું છે. પછી તો જીંદગીની નીરાંત છે. આખી પેઢી તરી જશે."

કેટલુંક ચાલ્યા પછી ત્રીજે ખુણો વળવાનો વિચાર થયો, પણ સામેની થોડીક જમીન ઘણીજ સરસ લાગી, તેથી વિચાર્યું કે આ જમીન છોડી ન દેવી જોઇએ, અહીં પણ સારૂં ઉગે એવું લાગે છે. એટલે ત્યાં જઇ નિશાની કરી. "હવે તો વખત બહુ થોડો છે તેથી પાછું વળવું જોઈએ." એમ કહી ત્રીજે ખુણે વળ્યા.

# પ્રકરણ ૯ મું.

પટેલને હવે થાક ઠીક ઠીક જણાવા લાગ્યો, અને ચાલવામાં જરા જરા મુશ્કેલી પડવા લાગી. પસીનાના ટીપાં બાઝી રહ્યાં હતાં. તેણે સુરજ સામું જોયું તો લાગ્યું કે જો આવી રીતે ચાલીશ તો કોઇ રીતે સુરજ આથમતાં પહેલાં પહોંચી શકાશે નહીં. તેને થાક ખાવાનું મન થયું પણ તેની હીંમત ન ચાલી.

સૂર્યનારાયણને પણ તેની દયા ન આવી, તેણે તો પોતાનું કામ કર્યેજ રાખ્યું. સુરજને બહુ નીચે ઉતરેલ જોઈ પટેલે વિચાર કર્યો: "હું આઘે ગયો તેમાં મેં બહુ મોટી ભૂલ કરી." તેણે જરા ચાંપીને ચાલવાની મહેનત કરી.

પસીનો એટલો બધો વધ્યો હતો કે તેની ચોરણી અને કેડીયું બન્ને ભીનાં થઈ ગયાં હતાં, અને શરીર સાથે ચોંટી ગયાં હતાં થોડેક આગળ ચાલ્યા પછી તો તેણે કોદારી સિવાય બધો સામાન પડતો મુક્યો, અને મહા મુશીબતે દોડવા માંડયું.

પટેલ મનમાં મનમાં બબડવા લાગ્યા: "મેં બહુ લોભ કર્યો, હવે બધું ખોઇશ."

જમીન અને પૈસા બધું જવાની બીકથી તેનો શ્વાસ પણ ઉડી જાય છે, પસીનો બહુજ વધ્યો છે; તૃષાથી મોઢું સુકાય છે, તેને મર-વાની ધાસ્તી લાગી. હૈયું ધબકવા લાગ્યું અને મતી મુંઝાવા લાગી. તેને વિચાર આવ્યો: "આટલી બધી મહેનત કરીને હવે થોડાક માટે અટકું તો લોકો મારી મશ્કરી કરશે."

સુરજ આથમવાને બહુ થોડી વાર હતી. પટેલ વધારે જોરથી ચાલવાની મહેનત કરી. હવે તો તે તદ્દન પાસે આવી પહોંચ્યો છે; સુરજ સામું પાછું જુએ છે ને કહે છે: હવે તો એકાદ પળની વાર છે. પટેલ ટેકરીપર જુએ છે તો લોકો તેને એકદમ આવવાની નિશાની

કરે છે. પોતાનો બધો સામાન જ્યાં મુકયો હતો ત્યાંજ પડેલો તેને દેખાતો હતો.

પ્રેમા પટેલને સવારે આવેલું સ્વપ્નું નજરે તરવરવા લાગ્યું: તેના મનમાં લાગ્યું: "હવે જમીન તો મારી પાસે પુષ્કળ થઇ પણ હું જીવીશ નહીં." તોપણ સાવ હીંમત નથી હારતો. સુરજ સામું જુએ છે તો તે અરધો આથમી ગયો છે.

પોતામાં જે કંઈ તાકાદ રહી હતી તે અજમાવી દોડવા માંડયું. જેવો ટેકરી પાસે પહોંચ્યો કે સુરજ અસ્ત થયો. તે બબડયો : "હાય! હાય! બધું ખોયું!" તે અટકવા જાય છે. તેવામાં ટેકરીપરનાં લોકોએ બુમ પાડી કે એકદમ આવ, ઝટ કર, દોડ. પટેલને ખ્યાલ આવ્યો કે સુરજ અહીંથી તો અસ્ત થયો દેખાય છે પણ ટેકરીપરથી નજરે પડતો હાવો જોઇએ. એટલે તેણે માંડ માંડ શ્વાસ લેતાં વળી પગ જોરથી ઉપાડયો.

ટેકરી ઉપર હજી તડકાનો પ્રકાશ જોવામાં આવતો હતો. તે મનમાં ચિંતવતો હતો કે "પેલો મારો સામાન દેખાય, પેલો મુખી દેખાય." મુખી પેટ પકડીને હસતો હતો. પ્રેમાને તેનું સ્વપ્નું યાદ આવ્યું. તેનાં હાજાં ગગડી ગયાં. પગ લથડવા લાગ્યા અને નિશાન આગળ પહોંચતાંજ હાથ લાંબા કરી ભોંયપર પડયો.

મુખી બુમ મારી ઉઠયોઃ શાબાશ તું ખાટી ગયો, તને બહુ સરસ જમીન મળી છે."

પ્રેમા પટેલનો ગાડાંવાળો તેને લેવા દોડયો પણ પટેલના શરીરમાં પ્રાણ નહોતો તેના મોઢામાંથી લોહી વહેતું હતું.

લોકો બધા દીલગીર થઈ માથું ધુણાવવા લાગ્યા. પટેલના માણસે કોદાળી લીધી, અને બરોબર પટેલનું શબ માય તેટલો લાંબો અને પહોળો ખાડો ખોદયો, અને પ્રેમા પટેલને તેની ઘોર જેટલી જમીનનો માલિક કર્યો.

—૧૭—



# મુરખરાજ

## અને

# તેના બે ભાઇઓની વાત.

## પ્રકરણ ૧ લું.

એક સમયે કોઇ એક દેશમાં એક પૈસાદાર ખેડુત રહેતો હતો. તેને ત્રણ દીકરા હતા. તેમાંના એકનું નામ મુરખરાજ, બીજાનું નામ ધનવંતરી અને ત્રીજાનું નામ સમશેર બહાદુર હતું. તેને મોંઘી કરીને એક દીકરી હતી. તે બહેરી અને મુંગી હતી. બાઇ મોંઘી હમેશાં કુંવારી રહી હતી. સમશેર બહાદુર લડાઇઓમાં તે રાજાની ચાકરી કરવા જતો, ધનવંતરી વેપારમાં ગુંથાયલો, અને મુરખરાજ પોતાની બહેનની સાથે ઘેરજ રહ્યો. તે ખેતરમાં કામ કરતો અને કામમાં ને કામમાં તેની પીઠ પણ વળી ગયેલી હતી.

સમશેર બહાદુર લડાઇમાં એક્કો હોવાથી, દરજ્જામાં ચઢયો, અને તેણે પૈસો પણ ઠીક એકઠો કર્યો. તે એક મ્હોટા ગૃહસ્થની છોકરીને પરણ્યો. જો કે તેનો પગાર મ્હોટો હતો, અને તેણે જાગીરો પણ ઠીક લીધેલી હતી, તે છતાં ઉધાર પાસ હંમેશાં વધી જતી હતી, ધણી જે કમાતો તેના કરતાં તેની ઓરત વધારે પૈસો ઉડાવતી, તેથી હંમેશાં આ કુટુંબને પઇસાની ભીડ રહેતી. આમ થવાથી સમશેર

બહાદુર પોતાની જાગીરની આવક ઉઘરાવવા નીકળ્યો, ત્યારે તેના વહીવટદારે જવાબ દીધો: "ભાઇ સાહેબ, આપણને આવક જેવું કંઈ રહ્યું નથી. આપણને નથી ઢોર, નથી હથીઆર, નથી ઘોડા, કે ગાય, હળ સરખુંએ નથી. જો આ બધું અપાવો તો આપણને આવક થાય ખરી."

આ સાંભળી સમશેરબહાદુર પોતાના બાપની પાસે ગયો, અને કહ્યું: "બાપા, તમારી પાસે ધન ઠીક છે. મને તેનો લાભ હજી સુધી મળ્યો નથી. તેમાંથી ત્રીજો હીસ્સો મને મળે તો હું મારી જાગીરમાં સુધારો કરૂં." ડોસો બોલ્યો, "તું કરમી દીકરો જણાય છે. મારા ઘરમાં તો તું એક ફુટી બદામે નથી લાગ્યો, તો પછી તારો ભાગ તને શાને મળે? તું એટલો વિચાર પણ નથી કરતો કે તને હું કાંઇ આપું તો પેલા મુર્ખા અને મોંઘીને અન્યાય થાય." સમશેરબહાદુર બોલ્યો: "બાપા તમે એમ શું કહો છો? મુર્ખો તો નામ તેવા ગુણ ધરાવે છે, અને મોંઘી તો કુંવારીને કુંવારી હવે બહુ મોટી થવા આવી. વળી બહેરી અને મુંગી. આ બેને તે કેટલોક પઇસો જોઇએ?"

બુઢો બોલ્યો: "ઠીક છે ત્યારે આપણે મુર્ખાને પુછીએ." પુછ-પરછ થતાં મુરખરાજ બોલ્યો: "સમશેરબહાદુર ઠીક કહે છે ભલે એને હીસ્સો આપો." એટલે સમશેરબહાદુર બાપની મીલ્કતમાંથી પોતાનો હીસ્સો લઇ ગયો, અને પાછી બાદશાહની નોકરી શરૂ કરી.

ધનવંતરીએ પણ વેપાર તો ઠીક જમાવેલો, પણ તેને વહુ મળેલી એ મોંઘી પડી. એક તરફથી ધનવંતરી કમાય, અને બીજી તરફથી તેની વહુ મોજશોખમાં અને વટવહેવારમાં કમાણી કરતાં વધારે વાપરે તેથી ધનવંતરી પણ તેના બાપની પાસે ગયો અને સમશેરબહાદુરની જેમ પોતાના હિસ્સાની માંગણી કરી.

બુઢ્ઢાએ જવાબ આપ્યો: "દીકરા તું ઘરમાં તો કાંઇ લાગ્યો નથી. તારા ભાઇ મુર્ખાએ મહેનત કરી કરીને તેનો બરડોએ ભાંગી નાંખ્યો છે. તને આપીને હું મુર્ખાને અને મોંઘીને કેમ ગેરઇન્સાફ આપું?"

ધનવંતરી બોલ્યોઃ "મુર્ખો તો ખરેખર મુર્ખોજ છે, તે તો પરણુવાનોએ નથી. તેને કોણ છોકરી આપશે? અને મોંઘીને તો ખાવું પીવુ મળ્યું એટલે વાહ વાહ." પછી પોતાના ભાઈ તરફ જોઇને ધનવતરી બોલ્યોઃ "મુર્ખા, મને દાણામાંથી અરધોઅરધ નહીં આપે? હળ વીગેરે હું માગતો નથી, અને જાનવરોમાંથી માત્ર પેલો કાબરો ઘોડો આપે એટલે થયું. તેને તું હળમાં તો નાંખી શકે એમ નથી."

મુર્ખાએ હસીને જવાબ દીધોઃ "ભલે ભાઇ, તું એમ રાજી થતો હોય, તો લઇ જા, હું વળી તેના બદલામાં વધારે મહેનત લઇશ."

આમ ધનવંતરી પણ ભાગ લઇ ગયો. મુરખરાજ ખેતરમાં પુષ્કળ કામ કરતો, બહેરી બહેન બને એટલી મદદ કરતી. બાપ અને મા તો ઘરડાં થયાં હતાં, એટલે ખરૂં જોતા ધનવંતરી અને સમશેરબહાદુરને આપવા જેટલું ઘરમાં રહેલું નહોતુ. હવે મુરખરાજની પાસે તો એક ઘરડી ઘોડી રહી. તેની પાસેથી લેવાય એટલું કામ લઇને આખો દહાડો ખેતરમાં મચ્યો રહેતો અને જેમ તેમ કરી માબાપનું, બહેનનું અને પોતાનું ભરણપોષણ કરતો.

## પ્રકરણ ૨ જું.

ભાગ પડયા અને ભાઇઓ ન લડયા એ સેતાનને બહુ વસમું લાગ્યું. તેણે તેના ત્રણ ગુલામોને બોલાવ્યા અને બોલ્યો: "પેલા ગામમાં મુર્ખો ને તેના બે ભાઇઓ વસે છે, દુનિઆના સાધારણ રીવાજ પ્રમાણે તો તેઓએ ભાગલા પાડતાં લડવું જોઇતુ હતું. તેને બદલે તેઓ સંપીને રહે છે. આનું કારણ પેલા મુર્ખાની મુર્ખાઇ સિવાય બીજું કાંઇ નથી. તેણે આપણું કામ બગાડયું છે. હવે તમે ત્રણ જણા એ ત્રણ ભાઇની પાસે જાવ, અને તેઓને એક બીજાને એવા ચડાવજો કે તેઓની વચ્ચે લોહીની નદી ચાલે ત્યાં લગી લડે. બોલો, આ કામ તમારાથી બનશે કે નહીં?"

તેઓ બોલ્યા "હા સાહેબ, કેમ નહીં બને."

સંતાને પુછ્યું: "કહો તમે કેમ શરૂઆત કરશો?"

ગુલામોએ જવાબ આપ્યાં: "એ તો સહેલ છે. પ્રથમ તો અમે તેઓને પાયમાલ કરીશું અને જ્યારે એકકેના ઘરમાં સુકા રોટલીનો ટુકડો સરખો પણ નહીં હોય, એટલે તેઓ ભેગા થાય એમ યુક્તિ કરશુ. કહો પછી કેમ તેઓ અરસપરસ વેર વિના રહી શકવાનાં?"

સંતાન બોલ્યો: "શાબાશ, તમે તમારૂં કામ બરોબર સમજતા જણાઓ છો. હવે જાઓ, અને તેઓના કાન બરોબર ભંભેર્યા વિના હરગાજ પાછા ન ફરશો. જો આવ્યા તો જીવતાં તમારી ચામડી ઉખેડીશ."

પછી ત્રણે ગુલામો નીકળી પડયા, અને કોણે ક્યાં જવું, એ વિચારવા લાગ્યા. વાત કરતાં સ્વદ વધ્યો; હરેકને સહેલામાં સહેલું કામ જોઇતું હતું. છેવટે તેઓએ ચીઠ્ઠી નાખી, અને જેને ભાગે જે ભાઇ આવ્યા અને તેને ભંભેરવા તે તે ગુલામ ચાલી નીકળ્યો. વળી તેઓએ એવો પણ ઠરાવ કર્યો કે જેનું કામ વહેલું ફતેહમંદ નીવડે તેણે બીજાઓની મદદે જવું. અને વખતો વખત અમુક જગ્યોએ મસલત કરવા એકઠા થવાનો પણ ઠરાવ કર્યો.

કેટલોક વખત વીત્યા પછી નીમેલ જગ્યાએ ત્રણે ગુલામો એકઠા થયા. નીમેલી જગ્યા તે સ્મશાન પાસેનો પીપળો હતો.

પહેલા ગુલામે કહ્યું: "સમશેરબહાદુરની પાસે હું તો ઠીક ફાવ્યો છું. તે એના બાપને ત્યાં આવતી કાલે જશે."

તેના ગોઠીઆઓએ પુછ્યુ: "એ તુ કેમ કરી શક્યો?"

પહેલા ગુલામે જવાબ દીધો: "સમશેરબહાદુરને એટલો તો ચઢાવ્યો કે તેણે આખી દુનીયા જીતી લેવાનુ બીડુ બાદશાહ આગળ ઝડપ્યું. આ ઉપરથી બાદશાહે સમશેરબહાદુરને ઉત્તરનો મુલક જીતવાનું ફરમાવ્યુ. સમશેરબહાદુર રણે ચઢયો. પહેલીજ રાત્રે તેના દારૂમાં મે ભેજ મેળવ્યો અને ઉત્તરના રાજાને તો ખુબ લડવૈઆ બનાવી

આપ્યા. લશ્કર જોતાંજ સમશેરનાં લડવૈયા બીધા સમશેરે તોપ ચલાવવા હુકમ કર્યો, પણ તોપ શાની ચાલે? દારૂમાં તો બંદાએ પુષ્કળ ભેજ નાંખેલો. સમશેરના સીપાઇ ઘેટાંની માફક નાઠા, અને ઉત્તરના રાજાએ તેઓની પાછળ પડી કત્લ ચલાવી. સમશેરની નામોશી થઇ. તેની જાગીર બધી છીનવી લીધી છે, અને આવતી કાલે તેને તોપે ચઢાવવાનો હુકમ છે. હવે મારે એકજ દહાડાનું કામ રહ્યું છે તેને હું કેદખાનામાંથી ભગાડી મૂકીશ, એટલે તે તેના બાપને ત્યાં દોડી જશે. આવતી કાલે હું છુટો થઇશ. એટલે જેને મદદ જોઇએ તે માંગજો."

પછી બીજો ગુલામ બોલ્યો: "ધનવંતરી મારા દાવમાં ઠીક આવી ગયો છે. મારે કોઇની મદદ નહી ખપે. ધનાભાઇથી બહુ ખાડીઉં થોડાય તેમ લાગતું નથી. પહેલા તો મેં એવી યુક્તિ કરી કે તે ખાઇ પીને ખુબ રૂષ્ટપુષ્ટ થાય, અને લોભીઓ પણ ખુબ બને. તેનો લોભ તો એવો વધ્યો કે બધી વસ્તુ પોતાની કરી લેવાનું તેને મન થયું. અખુટ માલ પોતાની વખારમાં ભરવામાં પોતાનો પૈસો તેણે પાણી જેમ રેડ્યો છે. હજુ એ તે ભરતો જાય છે. હવે તો તેને ઉછીના પૈસા લેવા પડે છે. તેનું કરજ એ તો તેની ઉપર સપનો ભારા થઇ પડ્યું છે. તેમાંથી છુટવાની તે આશા જ ન રાખે. એક અઠવાડીઆમાં તેને હુંડીઓ ભરવી પડશે. તેનો માલ બધે હું સોડવી મુકીશ. પછી તો તેને તેના બાપને ત્યાં ગયેજ છુટકો છે."

હવે બન્ને જણે મુર્ખાવાળા ગુલામને પુછ્યું: "કેમ ભાઇબંધ, તારૂં કામ કેમ ચાલે છે?" ત્રીજાએ જવાબ દીધો: "મ્હારા કામનું ન પુછો. હું તો મુવો પડ્યો છું. પહેલાં તો મે મુર્ખાની છાશને એવો કાટ ચઢાવ્યો કે, પીતાંજ પેટમાં સખત દરદ થાય. પછી તેની જમીન સુકવીને પથરાં જેવી કઠણ કરી નાંખી, કે જેથી કોદાળીના ઘા કરતાં તેના હાથ પણ ખડી જાય. આટલું કર્યા પછી મારી ઉમેદ એવી હતી કે મુર્ખો ખેડી નહીં શકે પણ તેણે તો ખેડવાનું અને ચાસ પાડવાનું છોડયુંજ નહીં. પેટમાં ઘણુંએ દરદ થાય, છતાં મુર્ખો હળ

છોડેજ નહીં. એટલે મેં તેનું હળ ભાંગ્યું. મુર્ખો તો ઘેર દોડી ગયો, બીજું હળ લાવ્યો અને વળી ખેડ શરૂ કરી. એટલે હું જમીનની નીચે પેઠો. હળના દાંતા ઝાલ્યા. મુર્ખાએ તો દાંત કચડીને, વાંકા વળીને, તો જોર કર્યું કે મારા હાથપણ કપાઈ ગયા. તેણે તો લગભગ આખું ખેતર ખેડી કાઢ્યું છે. માત્ર એક નાનકડો ચાસ બાકી છે, હવે તો તમે બેઉ મારી મદદે આવો અને આપણે મુર્ખાને પછાડીએ તો ઠીક, નહીં તો આપણી બધી મહેનત ફોકટમાં જશે. મુર્ખો જો ખેતરમાં મચ્યો રહેશે તો તેઓમાં ખરેખરો ભુખમરો દાખલ નહીંજ થાય. અને તે એકલો તેના બન્ને ભાઇનું પોષણ કરશે."

સમશેરબહાદુરવાળો ગુલામ બીજે દહાડે છુટો થવાની આશા રાખતો હતો એટલે તેણે તેજ દહાડે મદદ કરવાનું વચન આપ્યું. અને ત્રણે ગુલામ પાછા કામે ચઢ્યા.

## પ્રકરણ ૩ જું.

મુરખરાજે એક નાનકડા ટુકડા સીવાય બધી જમીન ખેડી નાંખી હતી, અને હવે તે ટુકડો પુરો કરવા આવ્યો હતો. તેના પેટમાં દરદ હતું. છતાં ખેડતો કરવો જ જોઇએ એમ તેને લાગ્યું. તેથી હળ જોડ્યું અને કામ શરૂ કર્યું. એક ફેરા તો પુરો કર્યો અને હળ પાછું વાળ્યુ. ત્યારે કેમ જાણે સખત મુળીયામાં ભરાઈ ન ગયું હોય એમ તેને લાગ્યુ. પરતુ એતો પેલો ગુલામ હતો, તેણે પોતાના પગ અંદર ભરાવી દીધા હતા, અને હળને ખેંચી રાખવા માંગતા હતો.

મુરખરાજે વિચાર્યું, "આતે કેવું અજાયબ જેવું! મુળીયું તો તો ક્યાંય દેખાતુ નથી. પરંતુ પેલું હોવું જોઇએ." એમ કહી મુરખ-રાજે હાથ ઉંડો નાંખી આમ તેમ ફેરવ્યો, અને જે હાથમાં આવ્યું તે પકડી રાખી ખેંચી કહાડ્યું. એ મુળીયાંની માફક કાળું લાગતું હતું, પણ તેના હાથમાં તે તરફડતું હતું. એ તો પેલો ગુલામજ તો. મુર-

ખરાજ તેને હળની ઉપર ફેંકવા જતો હતો તેટલામાં ગુલામ બોલી ઉઠયો, "મને ઇજા ન કરશો. હું તમે જે કહેશો તે તમારા સારૂ કરીશ."

મુરખરાજે પુછ્યું, "તું મારે સારૂ શું કરી શકે છે?"

ગુલામે જવાબ આપ્યો, "જે તમે કહો તે."

મુરખરાજે માથું ખજવાળીને કહ્યું: "મારા પેટમાં દુઃખે છે તે તું મટાડી શકે ખરો?"

ગુલામ બોલ્યો: "એ હું કરી શકું છું."

મુરખરાજે જવાબ દીધો: "ત્યારે કર."

ગુલામે વાંકા વળી પોતાના પંજાથી ખોતરીને ત્રણ પાંખડીવાળું એક મુળીયું ખેંચી કાઢ્યું અને તે મુરખરાજને આપ્યુ.

ગુલામે કહ્યું: "આ મુળીઆની એક પાંખડી જે માણસ ગળી જાય તેને ગમે તે દરદ હોય ત મટે છે."

મુરખરાજે મુળીઆંની એક પાંખડી લીધી. તુરતજ તેનું દરદ શાંત પડ્યું.

ગુલામે માંગ્યું: "હવે મને જવા દો. હું ધરતી માંહે સરી જઈશ અને કદી પાછો આવીશ નહીં."

મુરખરાજ બોલ્યો: "ભલે જા, ઈશ્વર સહાય તારી સાથે રહેજો."

મુરખરાજે જેવું ઈશ્વરનું નામ લીધુ કે તુરતજ જેમ પાણીમાં ફેંકેલો પથરો તળીએ જઈ બેસે તેમ ગુલામ ધરતી માંહે પેસી ગયો અને તેમાં માત્ર ખાડોજ દેખાતો રહ્યો.

મુરખરાજે મુળીઆની બીજી બે પાંખડી પોતાની પાઘડીમાં ખોસી દીધી. અને પાછો હળ હાંકવા મંડી ગયો. ખેતી પુરી કરીને ઘેર ગયો. ઘોડાને છોડયો અને પોતે ઝુંપડીમાં દાખલ થાય છે તો સમશેર બહાદુર અને તેની વહુને વાળુ કરતા જોયાં. સમશેરની જાગીર ગુપ્ત થઈ હતી, અને તે મુશીબતે કેદખાનામાંથી ભાગી છુટયો હતો હવે પોતાના બાપની સાથે રહેવા તે દોડી આવ્યો હતો.

સમશેરે મુર્ખાને જોયો, ને બોલ્યો: "હું તારી સાથે રહેવા

આવ્યો છું. મને અને મારી વહુને જ્યાંસુધી મને બીજી નોકરી ન મળે ત્યાં સુધી ખવડાવશ ને?"

મુરખો બોલ્યોઃ "ભલે, તમે તમારી સાથે રહેજો."

પણ જ્યારે મુરખો પાટલીપર બેસવા ગયો, ત્યારે સમશેરની સ્ત્રીને તો તેની વાસ ન ગમી, અને તેના પતિ પાસે બોલી ઉઠી. "હું કંઇ એક ગંદા ખેડુતની સાથે મારૂં વાળુ કરવાવાળી નથી." એટલે સમશેર મુરખા તરફ જોઇ બોલ્યો "મારી સ્ત્રી કહે છે કે તું તો વાસ મારે છે. મને લાગે છે કે તું બહાર બેસીને જમે તો સારૂં."

મુરખે જવાબ દીધોઃ "બહુ સારૂ. નહીં તો પણ મારે ઘોડાને જોગાણુ દેવા બહાર જવું પડત."

પછી મુરખો પોતાનાં કપડાં અને થોડો રોટલો લઇને બહાર ગયો.

---

## પ્રકરણ ૪ થું.

---

સમશેરવાળા ગુલામે પોતાનું કામ પુરૂં કર્યું એટલે અગાઉ કરેલા ઠરાવ મુજબ મુર્ખાવાળા ગુલામને મદદ કરવા આવી પહોંચ્યો. તે ખેતર ઉપર આવ્યો અને આમનેમ ખુબ જોયું, પણ પોતાના ભાઇબંધને ન જોયો. માત્ર એક ખાડોજ જોવામાં આવ્યો.

તેણે વિચાર્યું "આમ તો ચોખ્ખું દેખાય છે કે મારા ભાઇબંધ ઉપર કંઇક આફત આવેલી હોવી જોઇએ. હું હવે તેની જગ્યા લઉં. મુર્ખાએ ખેતર તો પુરૂં કર્યું, હવે તો તેને વીડીમાં હંફાવવો જોઇશે."

વીડીમાં ગુલામે પાણીથી મુર્ખાની ગંજીઓ બીની કરી મુકી અને મોટું પુર આવેલું તેથી ઉપર કાદવ પથરાઇ ગયો હતો. મુર્ખો સવાર પડતાં દાતરડાની ધાર કાઢીને ઘાસ કાપવા ચાલ્યા, તેણે શરૂ કર્યું પણ એક બે વાર દાતરડુ ચલાવ્યુ તેવામાં તેની ધાર વળી ગઇ,

અને દાતરડું જગાએ ચાલે નહીં. મુર્ખો તોએ મંડયો રહ્યો પણ જ્યારે દાતરડું ન ચાલ્યું ત્યારે મનમાં બોલી ઉઠયો. "આમ કંઇ વળવાનું નથી. હું ઘેર જાઉં, ધાર કાઢવાનાં હથીયાર લઇ આવું અને સાથે ટુકડો રોટલો પગ લાવું એક અઠવાડીયું જાય તોપણ શું થયું? ઘાસ તો કાપ્યેજ છુટકો છે."

ગુલામ આ સાંભળી રહ્યો ને મનમાં બબડી ઉઠયો "આ મુર્ખો ચીકટ માણસ છે. મારાથી આમ તો તેને નહી પહોંચી વળાય. હવે બીજી યુક્તિ રચવી પડશે."

મુર્ખો પાછો ફર્યો, દાતરડાની ધાર કાઢી અને ઘાસ કાપવું શરૂ કર્યું. ગુલામ ઘાસમાં પેસી ગયો અને દાતરડાની અણી પકડવા લાગો. આથી મુર્ખાને મહેનત તો બહુજ પડી પણ જ્યાં બહુ ભેજ હતો, તે નાના ટુકડા સિવાય બધો ભાગ તેણે પુરો કર્યો. હવે ગુલામ કાદવમાં પેઠો. અને મનની સાથે નીશ્ચય કર્યો કે પોતાના પંઝા કપાય તો ભલે પણ મુર્ખાને ત્યાં તો ઘાસ કાપવા નજ દેવું.

મુર્ખો ત્યાં પહોંચ્યો, ઘાસ તો આછું હતું તોપણ દાતરડું ચલાવતાં બહુ મહેનત પડતી હતી. આથી મુર્ખો બહુ ગુસ્સે થયો અને પોતાનું બધું જોર વાપરીને દાતરડું ચલાવવા લાગો. ગુલામ પાછો પડયો. મુર્ખાના જોરની આગળ તેનું કંઇ વળ્યું નહીં એટલે તે ઝાડીમાં ભરાઇ ગયો. મુર્ખાએ દાતરડું ઉગામ્યું તે ઝાડીમાં ભરાયું અને ગુલામની અરધી પુછડી કપાઇ, મુર્ખાએ કાપવાનું પુરૂં કર્યું. બોંધીએ ઘાસ એકઠું કર્યું અને મુર્ખો પોતે બાજરી લાવવા ચલ્યો પણ અરધ પુંછડીઓ ગુલામ ત્યાં પહેલો પહોંચી ગયો હતો. તેણે બાજરીને એવા હાલતમાં કરી હતી કે મુર્ખાનું દાતરડું કામમાંજ ન આવે. મુર્ખો ઘેર દોડી ગયો અને બીજું હથીઆર લાવ્યો, અને બાજરી પુરી કરી રહ્યો.

મુર્ખે વિચાર કર્યો: "હવે હું બીજા ભાગ ઉપર જાઉં."

અરધ પુછડીયાએ આ સાંભળ્યું અને મનમાં બોલી ઉઠયો:

"ઘાસમાં ને બારીમાં તો મુર્ખાને ન પહોંચ્યો હવે જોઉં છું આમાં શું થાય છે."

બીજી સવારે મુર્ખો તો બહુજ વહેલો ઉઠયો હતો અને અરધ પુંછડીયો પહોંચે તેના પહેલાં મુર્ખે પોતાનું કામ પુરૂં કર્યું હતું. અરધ પુંછડીયો ગભરાયો અને ખીજાયો. તે બોલી ઉઠયો: "મુર્ખાએ તો મને બધે હરાવ્યો અને થકવ્યો. આતો ખરેખરો મુર્ખો જ. મુર્ખાને તે કંઈ શીંગડાં હોય, બેવકુફ પુરૂં સુતો પણ નથી. એને ત કેમ પહોંચી વળાય? હવે તો હું દાણાના ઢગલામાં પેસી જાઉં અને બધા સડવી દઉં."

આમ વિચારી અરધ પુંછડીયો દાણાના ઢગ ામાં પેઠો, દાણા સડવા લા યા. તે દાણાને તેણે ગરમ કર્યાં નથી પોતાને પણ ગરમી છુટી તેથી તેમાંજ ઉંઘી ગયો.

મુર્ખો માંઘીની સાથે ગાડી જોડીને ચાલ્યો. દાણો ગાડામાં નાંખવા લા યો. બે ઝપાટા પુરા કર્યા અને ત્રીજી વખત ભરવાને જાય છે તો દાંતલા અ ધ પુછડીયાની પીડમાં ગરી ગયો. ઉંચકે છે તો દાંતલા ઉપર તેણે અરધ પુંછડીયાને તરફડતો ને નાકળી પડવાનો પ્રયત્ન કરતો જોયો.

તેને જોઇને મુર્ખો બોલી ઉઠયો "અરે અલ્યા! પાછો તું આવ્યો કે?"

અરધ પુંછડીયો બોલ્યો: "હું તે નહીં પેલો તો મારો ભાઇ હતો, હું તો તારા ભાઇ સમશેરની પુંઠે હતો."

મુર્ખો બોલ્યો: "ભલે ભલે, તું ગમે તે હોય તારી પણ એજ વલે થશે." આમ કહીને મુર્ખો તેને ગાડીની સાથે અફાળવા જતો હતો તેટલામાં તેણે કહ્યું: "મને તમે જવા દો હું ફરીને નહીં આવું અને તમે જે કહો તે કરૂં."

મુર્ખાએ પુછ્યુ: "તું શું કરી શકે છે?" ગુામે જવાબ દીધે. "તમે કહો તેમાથી હું સીપાઇ બનાવી શકું છું."

મુર્ખો બોલ્યો: "તે મારે શું કામના"

ગુલામે ઉત્તર વાળ્યોઃ "તમે જે ચાહો તે તેની પાસે કરાવી શકો છો."

મુરખે પુછ્યુ: "તેઓ ગાઇ શકે ખરા?"

ગુલામે કહેઃ "હા"

મુરખે કહ્યું: "ભલે ત્યારે થોડા બનાવ."

ગુલામે પછી કેટલાંક બાજરાનાં ઠુંડાં લીધાં અને પોતાને હાથે પછાડીને બતાવ્યું: 'આમ તેને પછાડો અને હુકમ કરો એટલે ઠુંડાંમાંથી સીપાઈ પેદા થશે."

મુર્ખાએ તેમ કર્યું અને ઠુંડાંના સીપાઇ બન્યા તેમાં એક નગારચી અને શંખ ફુંકનારો પણ હતા. આને જોઈ મુર્ખો હસ્યો અને બોલ્યોઃ "વાહ આતો ઠીક છે. છોડીયો તમાસો જોઈ રાજી થશે."

અરધ પુંછડીયાએ કહ્યું: "હવે મને જવાની પરવાનગી આપો."

મુરખે કહ્યું: "એમ નહીં જવાય. બાજરીના ઠુંડાંના સીપાઇ બનાવું તે મને મોંઘા પડે. મારે તો ઠુંઠાંના બનાવવા છે. સીપાઇમાંથી પાછાં ઠુંઠાં કેમ બનાવવા એ પણ તારે શીખવાડવું જોઇશે." એટલે અરધ પુંછડીયાએ સીપાઇના ઠુંઠાં બનાવવાની રીત પણ શીખવી, અને જવાની રજા માગી.

મુર્ખાએ તેને રજા આપી, અને અગાઉ જેમ બોલ્યોઃ "ઈશ્વર તારી સાથે સદાય રહેજો." મુર્ખાએ ઇશ્વરનું નામ લીધું તેવોજ અરધ પુંછડીઓ ગુલામ તેના ભાઇબંધની માફક જમીનમાં પેસી ગયો અને માત્ર ખાડોજ જોવાનો રહ્યો.

હવે મુર્ખો ઘેર આવે છે તો તેના ભાઇ ધનવંતરી અને તેની વહુને જોયાં. બન્ને વાળું કરતાં હતાં. ધન્વતરી તેનું કરજ ચુકી શક્યો નહોતો. લેણદારોની પાસેથી ભાગીને બાપને ઘેર રહેવા આવ્યો હતો. મુર્ખાને જોઈને તેણે કહ્યું "ભાઈ હું ધંધો પાછો શરૂ કરી શકું ત્યાં લગી મને અને મારી સ્ત્રીને તારે ત્યાં રહેવા દેજે."

મુર્ખો બોલ્યોઃ "ભલે સુખેથી રહો."

પછી મુર્ખો લુગડા ઉતારી જમવા બેઠો. ધન્વંતરીની વહુ બોલી

ઉઠીઃ "મુર્ખો તો પસીનાથી ભીંજાઇ રહ્યો છે. તેની પડખે બેસી આપણે કેમ જમીએ? તેથી ધન્વંતરીએ મુર્ખાને બહાર જઇ ખાવા કહ્યું.

મુર્ખો કહે "એ બહુ ઠીક વાત છે, મારે હજી બહુ કામ પણ છે." એમ બોલી થોડો રોટલો લઇ બહાર ગયો.

---

## પ્રકરણ ૫ મું.

ધન્વંતરીવાળો ગુલામ પણ છુટો થવાથી કરાર પ્રમાણે પોતાના ભાઇબન્ધને મદદ કરવા આવી પહોંચ્યો. ખેતરપર આવતાં અને શોધ કરતાં તેણે તો કોઇને નહીં જોયા. માત્ર એક ખાડોજ જોયો. તેથી તે વીડીમાં ગયો, ત્યાં જોયું તો ભેજવાળી જગ્યામાં પુંછડી જોઇ, અને જ્યાં બાજરીનાં ઠુંઠાં હતાં ત્યાં બીજો ખાડો જોયો તેણે મનમાં વિચાર્યું "મારા ભાઇબંધોને કંઇ પણ નુકસાની પહોચી છે એમાં તો શક નથી, મારે હવે તેઓની જગ્યા લેવી જોઇએ. જોઉં કે હું મુર્ખરાજને ભમાવી શકું છું કે નહીં?"

હવે આ ગુલામ મુર્ખરાજને શોધવા ગયો. મુર્ખરાજે ઘણાં ઠેકાણાં સર કર્યાં હતા, અને હવે તે ઝાડ કાપતો હતો. બે ભાઇઓ તેની સાથે રહેતા હતા. તેને ઘરમાં સંકડાશ લાગતી હતી તેથી ઝાડો કાપીને બાજું ઘર બનાવવાનું તેઓએ મુર્ખાને કહ્યું હતું. ગુલામ ઝાડો તરફ આવ્યો અને ડાળીઓમાં ભરાઇ ગયો, અને મુર્ખાના કામમાં વિઘ્ન નાંખવા શરૂ કર્યો. મુર્ખાએ એક ઝાડનું થડ તળેથી એવી રીતે કાપ્યું કે તે ક્યાએ ગુંચવાયા વિના ખાલી જમીનપર પડે, પણ ગુલામની કરામતથી તેમ નહીં પડતાં એ તો બીજા ઝાડની ડાંખળીમાં ભરાયું. મુર્ખે એક વાંસ કાપ્યો કે જે વતી તે થડને જમીન ઉપર લાવી શકે અને કેટલીક મુશ્કેલી વેઠ્યા પછી પોતાની મહેનત

સફળ થઇ. હવે તે બીજા ઝાડ તરફ ગયો, અને પછી ત્રીજા ઉપર બધામાં પુષ્કળ મહેનત પડી.

મુર્ખાની ઉમેદ તો એવી હતી કે સાંજ પડતાં પચાસેક નાનાં ઝાડ કાપી લઇશ પણ તેટલા વખતમાં તેણે તો ભાગ્યેજ છ કાપ્યાં. તે ખુબ થાકયો હતે અને તેના પસીનાની વરાળ એટલામાં ફેલાઈ રહેલી છતાં તેણે તો કામ છોડયું નહીં. તે બીજું ઝાડ કાપવા ગયો પણ તેની પીઠ એટલી બધી દુ:ખવા લાગી કે તે ઉભો રહી ન શકયો. કુહાડી થડમાં ભગાવી નાખી જરા આરામ લેવા બેઠો. મુર્ખાને થાકેલો જોઇ ગુલામ મનમાં પુલાયો અને વિચારવા લાગ્યો: " આખરે મુરખો થાક્યો તો ખરો. હવે તે મુકી દેશે એટલે હું પણ જરા થાક ખાઉં."

આમ વિચારી તે એક ડાળ ઉપર બેઠો, પણ મુર્ખો તો તેટ-લામાં ઉભો થયો, કુહાડી ખેંચી કાઢી અને જોરથી ઉગામી ને એવા તો ઝપાટાથી મારી કે થડ તુરતજ તુટી ગયું અને જમીનપર પડયું, ગુલામને તો આવા આશા જરાયે નહોતી. તેના પગ ખેંચી લેવા જેટલો વખત નાતો રહ્યો; તેની એક ડાળીમાં તેનો પંઝો ભરાયો. મુર્ખો ડાળીઓ કાપવા જતો હતો તેટલામાં તેણે ગુલામને જોયો અને તે આશ્ચર્ય પામીને બોલ્યો: " આ! શેતાન, તું વળી પાછો આવ્યો કે!" ગુલામે જવાબ દીધો "હું તો બીજો છું, હું તમારા ભાઈ ધન્વંતરીની સાથે હતો."

મુર્ખો બોલ્યો: "તું ગમે તે હો, પરંતુ તારાએ એ જ હાલ થયા." એમ કહી મુરખે કુહાડી ઉગામી અને મારવા જતો હતો તેટલામાં ગુલામ કરગરવા લાગ્યો: "મને ન મારો, અને તમો કહેશો તે હું કરીશ."

મુર્ખો બોલ્યો: "તું શું કરી શકે છે?"

ગુલામ બોલ્યો: તમો કહો તેટલા પૈસા બનાવી શકું છું."

મુર્ખો બોલ્યો: "ઠીક છે. જોઇએ, બનાવ." એટલે ગુલામે પૈસા કેમ બનાવવા તે બતાવ્યું. તેણે કહ્યું: "પેલા ઝાડનાં પાતરાં

લઇને તમારા હાથમાં ચોળો એટલે તમારા હાથમાંથી સોનાનાં ફુલ ખરશે. ”

મુરખે પાનગાં લીધાં, હાથમાં ચોળ્યાં અને સોનાનાં ફુલ પડવા લાગ્યાં, મુર્ખો બોલી ઉઠ્યો “ આ તો મજેનું કામ થયું, હવે મારાં માણુસો પોતાના બચેલા વખતમાં એનાથી રમશે ”

ગુલામ બોલ્યોઃ “ હવે મને રજા આપો મુરખે રજા આપી અને કહ્યુંઃ “ ઇશ્વર તારી સાથે વસજો.” એટલું મુરખો બોલ્યો કે તુરત ગુલામ જમીન તળે પેસી ગયો અને માત્ર એક ખાડોજ રહ્યો.

## પ્રકરણ ૬ ઠું.

ભાઇઓએ તો ઘરો બાંધ્યાં, અને નોખા રહેવા લાગ્યા. મુરખાએ લણવાનું કામ પુરૂં કર્યું, અને તેણે એક તહેવારને દિવસે તેના ભાઇઓને નોતર્યા પરંતુ તેઓ ન આવ્યા. તેઓ બોલ્યાઃ “ ખેડુત તહેવાર કેમ રાખે એ આપણે કયાં નથી જાણતા ? ત્યાં જઇને શું કરીએ ? ”

તેથી મુરખાએ આસપાસના ખેડુતો અને તેની સ્ત્રીઓને બોલાવ્યાં. તેઓને જમાડયા પછી મુરખાએ તેઓને સોનાનાં ફુલ આપ્યાં. સોનાનાં ફુલ જોઇને એક પર એક અથડાવા લાગ્યાં અને એક બીચારી બુઢ્ઢી તેમ કચડાઇ પણ મુઇ તેથી મુરખો બોલ્યોઃ તમો કેવાં બેવકુફ છો, તમારે વધારે જોઇએ તો હું વધારે આપું ” અને એમ કહીને તેણે ખુબ ફેંકયાં. પછી છોકરાઓ ગાવા નાચવા લાગ્યાં. મુરખો બોલ્યો. “ તમને ગાતા આવડે છે ? જુઓ હું બતાવું.” એમ કહી તેણે તો ખડમાંથી સીપાઇઓ બનાવ્યા, અને તેઓ ઢોલ શરણાઇ વગાડવા લાગ્યા આમ થોડીવાર ગમ્મત કરાવીને પાછા સીપાઇઓને ખેતરમા લઇ ગયો અને તેનું ખડ બનાવીને ફરીથી ગંજી ખડકી લીધી. પછી થાકયો પાકયો ઘેર ગયો અને તબેલામા સુતો.

## પ્રકરણ ૭ મુ.

સમશેર બહાદુરે આ બધી હકીકત વિષે બીજે દહાડે સાંભળ્યું અને મુરખરાજની પાસે બીજી સવારે ગયો. તેણે પુછ્યું "તને સીપાઇઓ કયાંથી મળ્યા અને તું કયાં લઇ ગયો એ તું મને કહે." મુરખરાજ બોલ્યોઃ "તેની તારે શી પરવા ?" સમશેર બોલ્યોઃ "મારે શી પરવા? સીપાઈઓ આપણી પાસે હોય તો આપણે ગમે તે કરી શકીએ આપણું રાજ્ય સુદ્ધાં મેળવી શકીએ."

મુરખરાજને આશ્ચર્ય લાગ્યું, અને બોલ્યોઃ "જો એમજ છે તો મને તેં અગાડી કેમ ન કહ્યું? તું કહે એટલા સીપાઇ હું બનાવી શકું એમ છે. ઠીક થયું કે બ્હેને અને મેં મળીને ડુંડાં ઠીક એકઠાં કર્યા છે," પછી મુરખો તેના ભાઇને કોઠાર પાસે લઇ ગયો, અને બોલ્યો: "જો હુ સાપાઇ તો બનાવું છું પણ તારે તેઓને તરતજ લઇ જવા પડશે, કારણ કે જો તેઓને ખવડાવવું પડે તો તેઓ એક દહાડામાં ગામનો દાણો પુરો કરી નાંખે."

સમશેરે સીપાઇઓને લઇ જવાનું વચન આપ્યું. મુરખે સીપાઇ બનાવવાનું શરૂ કર્યું. ભોંય ઉપર તેણે ડુંડાંની એક ભારી પછાડી અને એક પલટણ તૈયાર થઇ. બીજી ભારી પછાડી અને બીજી પલટણ ઉભી થઇ. આમ કરતાં આખું ખેતર ભરાઇ રહ્યું. પછી મુરખે પુછ્યુંઃ "હવે તો બસ થયું કે નહી?"

સમશેર ગાંડાતુર થઇ બોલી ઉઠયો "હવે બસ, ભાઈ તારો હું પાડ માનુ છુ." મુરખે જવાબ વાળ્યો "ઠીક, તને વધારે જોઇએ તો મારા પાસે આવજે અને હુ વધારે બનાવી આપીશ. આ મોસમનો પાક સારો ઉતર્યો છ એટલે ડુંડાં પુષ્કળ છે.

સમશેર આ પલટણોનો સેનાપતિ બન્યો, અને લડાઇ કરવા ચાલ્યો. તેટલામાં ધન્વંતરી આવ્યો. તેણે પણ ગયા દહાડાની વાત સાંભળી હતી અને હરખાતો હરખાતો તેના ભાઇને પુછવા લાગ્યો.

"તને સોનું ક્યાંથી મળે છે એ મને તું કહે. જો મારી પાસે ભરપુર સોનું હોય તો હું તેમાથી આખી દુનીયા ખરીદી લઉ."

મુરખો તો વળી તાજુબ થયો અને બોલ્યોઃ "તેં મને પહેલું કહ્યું હોત તો તને હું સોનાના ઢગલા ને ઢગલા આપત. હવે પણ જોઇએ તેટલું માગ."

ધન્વંતરી આ સાંભળી ગાંડોતુર બની ગયો અને બોલી ઉઠયો "હાલ તો તું મને ત્રણ ટોપલી ભરીને આપ એટલે બસ છે." મુરખે કહ્યું "ઠીક છે, ત્યારે ચાલો આપણે ખેતરમાં જઇએ, હું ગાડી પણ જોડું, કેમક એટલું સોનું તારાથી કંઇ ઉંચકી શકાશે નહીં."

પછી તેઓ ખેતર તરફ હાંકી ગયા. ટેકરા ને કેટલાંક પાતરાં ઘસ્યાં અને સોનાનો મોટો ઢગલો થયો. પછી ધન્વંતરી તરફ જોઇ બોલ્યો: "આટલું બસ થશે કે નહી."

ધનવંતરી બોલ્યોઃ "તેં તો બહુ કરી. હાલ તુરતને સારૂ તો એટલું સોનું બહુ થશે. તારો પાડ હું ભુલીશ નહીં." મુરખે જવાબ દીધોઃ "મારી પાસે પાતરાં પુષ્કળ છે. વધારે ખપ પડે તો આવજે. એટલે બીજુ સોનું ઘસી કહાડીશ." ધન્વંતરી ઢગલો લઇ વેપાર કરવા ચાલ્યો.

આમ એક તરફથી સમશેર લડાઇમાં અને ધનવંતરી વેપારમાં એમ બંને ભાઇ મચ્યા. સમશેરે એક રાજ્ય જીતી લીધું અને ધનવંતરીએ પુષ્કળ દોલત ભેગવી. બંને ભાઇ પછી ભેગા થયા અને સમશેરે ધનવંતરીને કહ્યુઃ "મારા પાસે રાજ્ય તો છે, પણ સીપાઇઓને નીભાવવા જેટલા પૈસા નથી. ત્યારે ધન્વંતરી બોલ્યોઃ "મારે પૈસાની ખોટ નથી. પણ રખેવાળની ખોટ છે." આ સાંભળી સમશેર બોલી ઉઠયો "ચાલો ત્યારે આપણે પાછા મુરખા પાસે જઇએ" હું વધારે સીપાઇ બનાવવાનું કહીશ અને તું તેને સોનું ઘસી કહાડવાનું કહેજે. મારા સીપાઈ તું લઇ જજે એટલે તેઓ તારી દોલતની રખેવાળી કરશે. અને હું સોનું લઈશ એટલે તેમાંથી મારા સીપાઇઓ ખાશે."

આમ મસલત કરી બંને જણા મુરખા પાસે ગયા. સમશેરે વધારે સીપાઇની માંગણી કરી. મુરખો માથું ધુણાવી બોલ્યોઃ "હું હવે બીજા સીપાઇ નહીં બનાવું."

સમશેર બોલ્યોઃ "પણ તેં તો મને વચન આપ્યું હતું."

મુરખે જવાબ આપ્યો: "હા એ ખરૂ, પણ હું હવે વધારે બનાવવાનો નથી."

સમશેર બોલી ઉઠયોઃ "શું કામ હવે નહીં બનાવે?" મુરખે જવાબ વાળ્યો, તારા સીપાઇઓએ એક માણસને મારી નાખ્યો તથી એક દહાડો હું હળ ખેડતો હતો તેટલામાં મેં રસ્તેથી જતી એક ઠાઠડી જોઇ. પુછપરછ કરતાં માલુમ પડયુ કે તારા સીપાઇઓએ એક બાઇના ધણીને લડાઇમાં મારી નાંખ્યો હતો હું તો ત્યાં લગી એમ સમજતો કે સીપાઇઓનું કામ ગાવા બજાવવાનું હતું. પરંતુ તેઓ તો માણસ મારા દેખાય છ. એટલે હવે હું એકે પણ સીપાઈ બનાવવાનો નથી."

ધનવતરીને પણ મુરખાએ સોનું બનાવી આપવાની ચોખ્ખી ના પાડી અને કારણ બતાવ્યુ કે ધનવતરીના સોનાથી એક પાડાશીને પોતાની ગાય ખોવી પડી હતી.

ધનવતરીએ તેનું કારણ પૂછ્યું મુરખે કહ્યું: મારા એક પાડોશીને ઘેર એક ગાય હતી. તેનુ દુધ દહી તેનાં છોકરાઓને સુખથી મળતું હતુ. એક દહાડો તે છોકરાઓ મારી પાસે દુધ માગવા આવ્યાં. તેઓને પુછતાં મને માલુમ પડયું કે તારા ખજાનચી છોકરાઓની માને સોનાની ત્રણ લગડીઓ આપીને ગાય લઇ ગયેલા તથા છોકરાંઓ દુધ વીનાના થઈ રહેલાં હતા. મેં તો એમ ધાર્યું હતુ કે સોનાના લખોટા બનાવી તું રમશે. પણ પરીણામ તો વિપરીત આવ્યું. બીચારાં બાળક છોકરાઓ ગાય વીનાના થઇ દુધની તંગીમાં આવી પડયાં. એટલે હવે મારી પાસેથી સોનુ મેળવવા આશા ફોકટ સમજવી."

નીરાશ થઇ બંને ભાઇ પાછા ફર્યા અને પોતાની મુશ્કેલીનો વિચાર કરવા લાગ્યા. સમશેરે ધનવતરીને કહ્યું: "મારા સીપાઇને

નીભાવવા જેટલા પૈસા તું મને આપ. હું તને મારૂં અડધું રાજ્ય આપું એટલે તારી દોલતનું રક્ષણ થશે."

ધનવંતરીને આ સુચના ગમી : ભાઇઓએ પોતાની પાસે હતું તેના ભાગ પાડયા. હવે બંને રાજ્યવાળા બન્યા અને બંનેની પાસે પૈસો એકઠો થયો.

## પ્રકરણ ૮ મું.

મુરખરાજ શાંતિથી પોતાને ઘેર રહેતો હતો. પોતાનાં ઘરડાં માબાપનું ભરણપોષણ કરતો અને મુગી બ્હેનની સાથે ખેતરના કામમાં મચ્યો રહેતો હતો. એક દહાડો તેનો કુતરો બીમાર થયો અને મરવાની અણીપર આવ્યો, મુર્ખાને દયા આવી, અને તેને રોટલીનો ટુકડો આપ્યો. આ રોટલીનો ટુકડો તેણે પોતાની ટોપીમાં ઘાલ્યો હતો. તેની ટોપીમાં પેલા ગુલામે આપેલાં મુળીયાં પણ મુર્ખો રાખતો, આમાંનું મુળ યુ રોટલીના કકડાની સાથે પડી ગયુ. કુતરો રોટલીની સાથે તે પણ ગળી ગયો અને તુરતજ સાજો થઇ રમવા, ભસવા અને પુંછડી હલાવવા મંડી ગયો, મુર્ખાનાં માબાપ આ જોઇ આશ્ચર્ય પામ્યાં અને પુછ્યું: "આ કુતરાને તેં કઇ રીતે સાજો કર્યો?"

મુરખે જવાબ આપ્યો: "હર કોઇ પણ દરદ મટાડવાને સારૂ મારી પાસે બે મુળીયાં હતાં તેમાંથી એક આ કુતરો ગળી ગયો તેથી તે સાજો થયો છે."

આ સમયે મુર્ખાના ગામના બાદશાહની દીકરી માંદી હતી. બાદશાહે એવો ઢંઢેરો પીટાવ્યો હતો કે જે માણસ તે બાઇને સાજી કરે તેને ઇનામ મળશે અને જો તે માણસ કુંવારો હશે તો તે છોકરી તેને પરણશે.

આ ઢંઢેરાની વાત મુર્ખાના બાપે મુર્ખાને કરી અને કહ્યું :

"બેટા તું રાજાને ત્યાં જા. તારી પાસે મુળીયું છે તે તેની છોકરીને આપજે, અને આથી તું સુખી થશે."

મુર્ખો બોલ્યોઃ "ઠીક બાપા, હું જાઉં છું."

મુર્ખો જવાને તૈયાર થયો. માબાપે તેને શણગાર્યો. જેવો તે બહાર નીકળ્યો તેવોજ તે એક લકવા થએલ હાથવાળી ભીખારી ઓરતને મળ્યો. મુરખાને જોઈ આ ઓરત બોલીઃ મેં સાંભળ્યુ છે કે તમારી પાસે દરદો મટાડવાની અકસીર દવા છે. ભાઇ સાહેબ, મારો હાથ મટાડો. હું મારાં કપડાં પણ મારે હાથે પહેરી શકતી નથી."

મુરખો બોલ્યોઃ "ઠીક છે." એમ કહી તેણે મુળીયું ભીખારણને આપ્યું તે ગળી ગઇ. અને તેનો લકવો તુરત દુર થયો. મુરખાને આશીરવાદ આપી તે ચાલતી થઈ. મુરખાનાં માબાપ રાજાને ત્યાં તેની સાથે જતાં હતાં. જ્યારે મુરખે આમ તેનું મુળીયું ભીખારણને આપી દીધું અને તેની પાસે કંઇજ ન રહ્યું એમ જોયું ત્યારે તેઓ દીલગીર અને ગુસ્સે થયાં.

તેઓ બોલ્યાંઃ ભાઇ, તને ભીખારણની ઉપર દયા આવી. રાજાની દીકરી સારૂ તુ બીલકુલ દીલગીર થતો નથી?" મુરખાને તો તેની પણ દીલગીરી હતી, પણ તેની સામે આવી ઉભેલી ભીખારણને તે કેમ કાઢી મુકે? મુરખો ગાડી જોડી તેમાં ડુંડાં નાંખી ચાલવા લાગ્યો. બાપે પુછ્યુંઃ "કેમ અલ્યા, ક્યાં જાય છે?"

મુરખે જવાબ આપ્યોઃ "રાજાની દીકરીની દવા કરવા."

"પણ તારી પાસે તો દવા કંઇ રહી નથી." એમ બાપ બોલી ઉઠયો.

મુરખે ધીમેથી વિનયપુર્વક જવાબ આપ્યોઃ "બાપા, તમે ફીકર ન કરો. બધું સારૂં થઈ રહેશે." પછી તે રાજાને મહેલે ગયો, અને જેવો તે ઉંબરા પાસે પહોંચ્યો કે તરત રાજાની દીકરી સાજી થઇ. રાજા તેથી ખુશી થયો. તેણે આ મુરખાને પોતાની પાસે તેડાવ્યો. અને તેને ભારે પોશાક પહેરાવી રાજા બોલ્યોઃ "તમે આજથી મારા જમાઇ છો."

મુરખે કહ્યુંઃ "જેવી આપની મરજી."

પછી મુરખરાજના વીવાહ થયા, થોડા કાળ પછી રાજા મરણ પામ્યો, અને રાજાને કુંવર ન હોવાથી મુરખરાજ ગાદીપતિ થયો. આમ ત્રણે ભાઇ બાદશાહી ભોગવતા થયા.

---

## પ્રકરણ ૯ મું.

---

આમ ત્રણે ભાઇઓ રાજકર્તા થઇ રહ્યા. સમશેર બહાદુર આબાદ થયો. ઠુંઠલાના સીપાઈ વડે બીજા સીપાઈઓ પણ મેળવી શક્યો. ઘર દીઠ એક સીપાઇ આપવાની રૈયત ઉપર ફરજ પાડી. આમ તેની પાસે સીપાઇઓની ઠીક સંખ્યા જામી. અને જો કોઇ તેની સામે થાય તો તે તુરત તેની સાથે લડી પોતાનું ધાર્યું કરતો. આથી તેના મનમાં એવો ભરોંસો આવ્યો કે આવી સ્થિતિ હમેશાં નભી રહેશે.

ધનવંતરી પણ સુખે દીવસ ગાળવા લાગ્યો. મુર્ખાની પાસેથી મળેલા પૈસામાં પણ વધારો કર્યો. પોતાના રાજનું બંધારણ બાંધ્યું. લોકો ઉપર કર નાંખી ખજાનો વધાર્યો. માથાદીઠ વેરો નાંખ્યો. ગાડીઓવાળા પાસેથી તથા જોડા વીગેરે વસ્તુઓ વેચનાર પાસેથી કર લીધા. બધા તેની ગરજ ભોગવતા થઇ પડયા. એટલે તેને પણ વિશ્વાસ બેઠો કે તેની સ્થિતિ સદાયે કાયમ રહેશે.

મુરખરાજ તો રાજ્યનો માલીક બન્યા છતાં હતો તેવો રહ્યો. પોતાના સસરાની મરણ ક્રીયા કરીને પોતાના રાજ્યનો જભ્ભો ઉતારી એક કોરે મુકી દીધો. અને પોતાની પાણકોરાની બંડી અને ઓખાઇ જોડા ફરી ધારણ કર્યા. અને ખેતરમાં કામ કરવાનું ફરી શરૂ કર્યું. પોતાનાં માબાપ અને તેની બહેન મોંઘી તેની સાથેજ રહ્યા.

લોકો કહેવા લાગ્યા કે "આપ તો હવે બાદશાહ છો. આપને આમ કરવું ઘટે નહીં."

મુરખે કહ્યું: "ત્યારે શું રાજા ખાય નહીં? અને જો ખાય તો કામ ન કરે?"

જે ધોરણે મુરખરાજે વહેવાર રાખ્યો તેમાં પઇસાની લેવડદેવડનો અવકાશ રહ્યો નહીં. તેથી સસરાના વખતના ચોવટીઆ અમલદારો આવીને કહેવા લાગ્યા: "નામદાર, નોકરોના પગાર આપવાને સારૂ ખજાનામાં પઇસા નથી."

મુરખરાજે જવાબ આપ્યો: "ત્યારે તેઓને પગાર નહીં આપવા."

એક અમલદાર બોલી ઉઠ્યો: "આ પ્રમાણે તો કોઇ નોકરી નહીં કરે."

મુરખરાજ બોલ્યો: "ભલે, આપણને તેઓની નોકરીનું કામ નથી, તેઓ જમીન ખેડશે તો બસ થશે અને તેટલુંએ નહીં કરે તો ભુખે મરશે."

વળી લોકો મુરખરાજની પાસે ન્યાય કરાવવા આવતા ત્યારે તેના ન્યાયનું ધોરણ વિચિત્ર લાગતું.

એક વેળા એક શેઠીઓ પોતાના ઘરમાં થએલી ચોરીની રાવ લાવ્યો.

મુરખરાજે ઇનસાફ આપ્યો: "જે માણસ પઇસા ચોરી ગયો તેને તેની જરૂર હશે, એટલે ફરીઆદીએ શાંતિ રાખવી ઘટે છે."

આમ થવાથી લોકોમાં મુરખરાજ નામ પ્રમાણે ગુણવાળો ગણાવા લાગ્યો. એક વેળા તેની રાણીએ તેને કહ્યું: "તમને તો બધા તમારા નામ પ્રમાણે ગુણ છે એમ માને છે."

મુરખરાજે જવાબ આપ્યો "એ તો ભલી વાત થઇ."

રાણી કાંઇક વિચારમાં પડી ખરી. પણ પોતે મુરખાના જેવી સાદી ને ભલી હતી. એટલે મુર્ખાના જવાબથી નારાજ ન થઈ. મનમાં તેણીએ વિચાર્યું "શું હું મારા ધણીની સામે થાઉં? એ તો બનેજ કેમ? જેમ સોય ચાલે તેમ દોરી તો તેની પાછળ ચાલશેજ." તેથી તેણી મોંઘીની પાસે ખેતરનું કામ શીખવા લાગી. તે કામમાં પાવરધી થઈ, અને પોતાના ધણીને કામમાં મદદ કરવા લાગી.

પરીણામ એ આવ્યું કે ડાહ્યા ડમરાઓ મુરખાનું રાજ્ય છોડી ચાલ્યા ગયા, માત્ર સાદા રહ્યા. કોઇની પાસે ધન દોલત ન મળે. મહેનત મજુરી કરી પોતાનું પોષણ કરવા લાગ્યા. અને તે ગામમાં વખતો વખત સાધુ પુરૂષો ચઢી આવતા, તેઓની આ બધા માણુસો આગતાસ્વાગતા કરતા.

---

## પ્રકરણ ૧૦ મું.

---

સેતાન તો તેના ગુલામોની રાહ જોઇ રહ્યો હતો કે તેઓ મુરખરાજ અને તેના ભાઈઓને પછાડવાના ખબર કયારે લાવે! પણ ખબર તો ન આવ્યા. તે પોતે તપાસ કરવા નીકળી પડયો. ખુબ ઢુંઢતાં ત્રણ ગુલામોને જોવાને બદલે તેણે તો ત્રણ પાતાળીયા ખાડા જોયા.

આથી તેણે વિચાર્યું કે ' એટલું તો ચોખ્ખું દેખાય છે કે ગુલામો પોતાના પ્રયત્નમાં સફળ નથી થયા. હવે તો મારે જાતે ગયે છુટકો છે."

પછી તે પેલા ભાઈઓને શોધવા ગયો. તેણે જોયું કે તે પોતાને અસલ ઠેકાણે નહતા, અને ત્રણે જણ રાજ્ય કરતા હતા. આ તેને બહુ દુઃખરૂપ થઇ પડયું પહેલો તે સમશેરને ત્યાં ગયો. સેતાને સેનાધીપતિનો વેષ લીધો હતો સલામ કરીને સેતાન બોલ્યો " મહારાજાધીરાજ, મેં સાંભળ્યું છે કે આપ બહાદુર લડવૈયા છો, આપની કૃપાથી લડાઈનું કામ હું સારૂં જાણું છું, અને બંદાને નોકરી આપશો તો મારી ફરજ બજાવીશ."

સમશેર ભોળવાયો, લલચાયો, ને સેતાનને નોકર રાખ્યો.

નવા સેનાધિપતીએ નવા સુધારા ખુબ દાખલ કર્યા. ઘણા માણુસો જે તેના મનને વધારે ધંધાવાળા લાગતા હતા, તેઓને સીપાઈગીરી કરવાની ફરજ પાડી. જુવાનીયા માત્રની પાસે સીપાઈગીરીની

નોકરી લીધી. આમ એક તરફથી સીપાઇઓ વધ્યા, અને બીજી તરફથી દારૂગોળાનું ખર્ચ વધ્યું. નવી તોપો એવી બનાવી કે જેમાંથી પાંચસે ગોળી એકદમ છુટે.

સમશેરને આ બધું ગમ્યું. હવે આટલા બધા સીપાઈને કંઇક ધંધો તો ચોક્કસ જોઈએ, તેથી તેણે પાસેના રાજાની સામે લડાઇ શરૂ કરી. તેની નવી તોપોથી પાસેના રાજાનું અડધું લશ્કર માર્યું ગયું. તે બીનો, શરણે ગયો, પોતાનું રાજ્ય સમશેરને સોંપ્યું. સમશેર બહુ ખુશી થયો. તેનો લોભ વધ્યો, એટલે તેણે વળી બીજા રાજાની ઉપર ચઢાઇ કરવાનો મનસુબો કર્યો.

સમશેરના નવા દારૂગોળાની વાત બધે ફેલાઇ હતી. આ બીજા રાજાએ સમશેરની નકલ કરી. પોતાનાં લશ્કર, દારૂ ગોળા, વીગેરે વધાર્યાં. સમશેરના સુધારામાં વળી ઉમેરો પણ કર્યો. તેણે જુવાન મરદોને લડવાની ફરજ પાડી એટલુંજ નહીં પણ વગર પરણેલી ઓરતો પાસે પણ સીપાઇગીરૂં કરાવ્યું. તેણે વળી હવાઇ વહાણો બનાવી તેમાંથી શત્રુઓનીપર દારૂગોળા નાંખવાની યુક્તિ શોધી કાઢી હતી.

સમશેર પોતાના મદમાં આવા રાજાની સાથે લડવા ચાલ્યો. પણ તેનું લશ્કર સામેના લશ્કરને દારૂગોળા અસર કરે એટલે સુધી પહોંચ્યું, તે પહેલાં તો શત્રુના લશ્કરની ઓરતો દારૂગોળાનો વરસાદ હવામાંથી વરસાવવા લાગી. સમશેર હાર્યો, જીવ લઇને નાઠો, અને પોતાનું રાજ્ય ખોયું.

સેતાન ફુલાયો, હવે ધનવંતરી પાસે પહોંચ્યો. અહીં વેપારીને વેષે આવ્યો.

ધનવંતરીના રાજ્યમાં પોતે પેઢી ખોલી લોકોને વધારે દામ આપી તેઓનો માલ ખરીદી લેવા લાગ્યો.

સેતાનને ત્યાં વેચનારાઓની ભીડ એકદમ થવા લાગી. લોકો ઝપાટાબેર ધનવંતરીને કરો ભરવા લાગ્યા. ધનવંતરી ખુશ થયો ને

વિચાર્યું: " મારા રાજ્યમાં આ નવો વેપારી ભલે આવ્યો, હવે મને વધારે પૈસા મળશે, ને હું વધારે સુખ માણીશ. "

આમ વિચારી ધનવંતરીએ સુધારા આદર્યા. નવો મહેલ ચણવાનું શરૂ કર્યું. લોકોને તેણે પથરા ને લાકડાં આણવાનો હુકમ કર્યો. મજુરો બોલાવ્યા. દાડીયું સરસ આપવાનું કર્યું. અને પોતાના મનમાં ધારી લીધું કે લોકો હોંશે કામ કરવા આવશે. આમાં તે ખોટો હતો એમ તેને તુરત માલુમ પડયું. બધું લાકડું, બધા પથરા, અને મજુરો પેલા સેતાન વેપારીને ત્યાં પહોચ્યાં હતાં. ધનવંતરીને સેતાનના કરતાં વધારે પૈસા આપવાનાં કહેણ મોકલ્યાં. એટલે સેતાન તેની ઉપર ચડયો. ધનવંતરીની પાસે પુષ્કળ પૈસો હતો. સેતાનની પાસે તેથી વધારે હતો. એટલે સેતાન ધનવંતરી કરતાં વધતોજ ગયો. રાજાનો મહેલ મહેલને ઠેકાણેજ રહ્યો. ધનવંતરીએ બગીચો બનાવવાની શરૂઆત કરી. પણ મજુરો તો સેતાનને ત્યાં તળાવ ખોદતા હતા. જે કંઇ વસ્તુ જોઇએ તે બધીનો જમાવ સેતાનને ત્યાં થયેલો માલુમ પડયો.

ધનવંતરી વિચારમાં પડયો, કામદારો બધા સેતાનને ત્યાં જાય અને ધનવંતરીને માગ્યા કર મળે, આથી તેની પાસે પૈસો એકઠો થયો કે તેને કયાં સાચવવો એ વિચારવાની વાત થઈ પડી. જીવવું પણ ભારે થઇ પડયું. ધાતુ શીવાય દરેક વસ્તુની તાણ પડવા લાગી. રસોઇઆ, ગાડીવાળા વગેરે પેલા વેપારીને ત્યાં જવા લાગ્યા. બજારમાંથી ખાવાનું પણ ન મળે. બધું વેપારીએ ખરીદી લીધું.

ધનવંતરી ખીજાયો. વેપારીને દેશપાર કર્યો. એટલે તેણે ધનવંતરીની સરહદની બહાર છાવણી નાંખી. તેની સ્થિતિ આગળના જેવીજ રહી. ધનવંતરીની પાસે જવાને બદલે લોકો તો સેતાનના પૈસાથી અંજાઇ તેનીજ પાસે જતા રહ્યા.

રાજાનું શરીર દુર્બળ થતું ગયું. ખાવાના સાંસા પડ્યા. તે ગભરાયો, શું કરવું તે સુઝે નહીં. તેવામાં ખસીયાણો થયેલો સમશેર

આવી પહોંચ્યો. ને બોલ્યો "ભાઇ! મને તું મદદ કર, મારૂં તો બધું હું હારી છુટયો છું, અને જીવ લઇને નાઠો છું.

ધનવંતરી પોતે દુઃખ દરીયામાં ડુબેલો એ શું મદદ કરે!" મને તો ખાવાનાએ સાંસા છે. બે દીવસનો ભુખ્યો છું. મારા પૈસા ગળે પથરા જેવા થઇ પડયા છે. માગ્યા મુલ દેતાં કોઇ મારૂં કામ કરવા પણ આવતું નથી. તું તારૂં દુઃખ રડીશ, કે હું મારૂં તારી પાસે રડું?" એમ બોલી ઊંડો નીસાસો નાંખી ધનવંતરી મુંગો રહ્યો.

## પ્રકરણ ૧૧ મું.

આમ બે ભાઇને પાયમાલ કરી સેતાન મુરખરાજની પુંઠે પડયો. પોતે સેનાપતિ બન્યો ને મુરખરાજની પાસે આવી કહ્યું "મહારાજ આપની પાસે લશ્કર હોવું જોઇએ.

આપ બાદશાહ ગણાઓ, અને લશ્કર ન હોય એ શોભીતી વાત નથી. આપ મને હુકમ કરો કે તુરત હું માણસો એકઠાં કરીને તેઓને શીખવી સિપાઈ બનાવીશ."

મુરખરાજે સાંભળ્યું. અને બોલ્યો: "ભલે, એક લશ્કર બનાવો. તેઓને ગાતાં શીખવવું. કારણ કે મને ગાવું પસંદ છે."

સેતાન ગામમાં ફરી વળ્યો. બધાને સિપાહીગીરી લેવાનું સમજાવ્યું, અને લાલચો આપી. માણસો હસી પડયા, લાલચોની કાંઈ અસર ન થઇ. અને બધાએ ના પાડી.

શેતાન મુરખા પાસે ગયો અને બોલ્યો: "આપની રૈયત પોતાની મેળે લશ્કરી કામ શીખે એવું લાગતું નથી. તેઓને તો ફરજ પાડવી પડશે."

મુરખ બોલ્યો: ભલે એમ અજમાવી જો."

એટલે સેતાને ડાંડી પીટાવી કે જે કોઈ માણસ વગર કારણે લશ્કરી ખાતામાં દાખલ નહીં થાય તેને ફાંસી દેવામાં આવશે."

લોકો આ સાંભળીને સેતાનની પાસે આવ્યા, અને બોલ્યાઃ "તમે એમ ડાંડી પીટાવી છે કે, જો અમે લશ્કરી ખાતામાં દાખલ નહીં થઇએ તો, અમને ફાંસી મળશે પણ અમે દાખલ થઇએ તો અમારે શું કરવું પડશે, અને અમારૂં શું થશે? એ તો તમે જણાવ્યું નથી. કોઇ તો એમ કહે છે કે સિપાઇઓને વગર કામનું મરવુ પણ પડે છે."

સેતાને જવાબ દીધોઃ "એમ પણ કોઇ વેળા બને."

આવું સાંભળીને લોકે હઠ પકડી અને લશ્કરમાં દાખલ થવાની ના પાડી. તેઓ બોલી ઉઠયાઃ ગમે તે પ્રકારે અમારે મરવું તો છેજ. ત્યારે ભલે અમે ઘેર બેઠાં ફાંસીએજ ચઢીએ."

સેતાન ખીજાઇને બોલ્યોઃ "તમે બધા બેવકુફ છો. લડાઇમાં તો મરીએ પણ ને મારીએ પણ. જો તમે દાખલ નહીં થાઓ તો તો તમારૂં મોત ખચીત જ છે."

આથી લોકો જરા મુંઝાયા, અને મુરખરાજની પાસે ગયા અને કહેવા લાગ્યા. "આપનો સેનાપતિ કહે છે કે અમે લશકરી ખાતામાં દાખલ નહીં થઇએ તો આપ અમને બધાને ફાંસી દેશો, શું આ વાત ખરી છે?"

મુરખો હસીને બોલ્યોઃ હું એકલો તમને બધાને કઇ રીતિએ ફાંસીએ ચડાવું? હું તો મુરખો કહેવાઉં, એટલે તમને આ બધું સમજાવી શકતો નથી. પણ સેનાપતિનું બોલવું હું પોતે નથી સમજતો."

બધા બોલી ઉઠયાઃ ત્યારે અમે કદી દાખલ થઇશું નહી.

મુરખો બોલ્યોઃ "એ બહુ ઠીક વાત છે. ન થજો. એટલે લોકોએ સેનાપતિને ચોખ્ખી ના પાડી.

સેતાને જોયું કે તેના દાવમાં ન ફાવ્યો તેથી તે મુરખરાજને છોડી પાસેના રાજા આગળ ગયો અને નીચે પ્રમાણે બોલ્યોઃ મહારાજાધિરાજ મુરખરાજનો દેશ મેં જોયો છે. તેના માણસો બધા નમાલા છે. તેમની પાસે પૈસો નથી, પણ દાણા, ઢોર વિગેરે ખુબ છે, આપ જો લડાઇ કરો તો એ બધું લુંટી લેવાય.

રાજા ધુલાયો અને લલચાયો. તેણે લડાઈની તૈયારી કરી! દારૂગોળો એકઠો કર્યો. અને મુરખરાજની સરહદ ઉપર પડાવ નાંખ્યો.

લોકોને ખબર પડતાં તેઓ મુરખા પાસે આવ્યા અને બોલ્યા: "કોઈ રાજા આપણી ઉપર ચડાઈ કરવા આવે છે."

મુરખો બોલ્યો: "ભલે આવે. તેને આવવા દો."

રાજા સરહદ ઓળંગ્યો ને મુરખરાજનું લશ્કર તપાસવા પાગીઆ મોકલ્યા, લશ્કર તો ના મળે એટલે પાગીઆ શું શોધે? રાજાએ પોતાનું લશ્કર લુંટ કરવા મોકલ્યું. મરદો અને ઓરતો તાજુબી પામી સિપાઈઓને જોવા લાગ્યાં. સિપાઈઓએ અનાજ અને ઢોર ઉપર હાથ નાખ્યો. લોકો સામે ન થયા. સિપાઈઓ જ્યાં જાય ત્યાં આમજ બન્યું. લોકો સિપાઈઓને કહેવા લાગ્યા. તમારે અમારા દાણા અને ઢોરનો ખપ હોય તો ભલે લઈ જાઓ. પણ તમારા ગામમાં તેની તંગી હોય તો તમે અમારા ગામમાં આવીને વસો. એમ કરશો તો તમને દાણો ચોરી જવાની અને ઢોર હાંકી જવાની તકલીફ ઓછી થશે.

આવાં વચન સાંભળી પ્રથમ તો સિપાઈઓ હસ્યા પછી વિચારમાં પડયા. કોઈ સામે ન થાય એટલે લુંટમાં તો સ્વાદ રહ્યો નથી.

તેઓ થાકયા, રાજાની પાસે નિરાશ થઈ પાછા ગયા ને બોલ્યા: "આપે અમને લડવા મોકલ્યા પણ અમે કોની સાથે લડીએ? અહીં તો અમારી તરવાર હવામાં ઉગામવા જેવું છે. કોઈ અમારી સામે જ થતું નથી. ઉલટા તેઓ પોતાની પાસે હોય તે અમને સોંપી દે છે. અહીં અમે શું કરીએ?"

રાજા ગુસ્સે થયો. સિપાઈઓને દાણા, ઘર વિગેરે બાળી નાખવાનો હુકમ કર્યો અને બોલ્યો "જો મારા હુકમ પ્રમાણે નહીં ચાલો તો હું તમને બધાને કતલ કરીશ."

આ સાંભળી સીપાઈઓ બ્હીના અને હુકમ પ્રમાણે કરવા ચાલ્યા, તેઓ ઘરબાર બાળવા લાગ્યા છતાં તેઓ સામે ન થતાં નાના

મોટા બધા રોવા લાગ્યા અને બોલ્યા તમે આમ શું કામ કરો છો ? અમારો માલ તમને જોઇએ તો લઇ જાઓ પણ નકામુ નુકશાન ન કરો તો તમારો પાડ ”

સિપાઇઓ પીગળી ગયા. તેઓએ લુંટફાટ કરવાની ચોખ્ખી ના પાડી, અને રાજાને છોડી ચાલતા થયા

## પ્રકરણ ૧૨ મું.

આમ સેતાન નાસીપાસ થયો. તેનું સનાપતિપણું મુરખરાજની રૈયત આગળ કામ ન આવ્યું, એટલે હવે ભાઇબંધ નાણાવટી બન્યો. તેણે મુરખાના રાજમાં નાણાવટીની દુકાન કહાડી નાણાંથી મુરખરાજને અને તેની રૈયતને હંફાવવાની તેણે આશા બાંધી.

સેતાન મુરખરાજ કને જઇ બોલ્યો “ આપનું ભલું કરવા મારી ઉમેદ છે. હું આપની રૈયતને ડહાપણ શીખવવા માગું છું. એક કોઠી હું આપના રાજ્યમાં રહી સ્થાપવા ઇચ્છું છું ”

મુરખરાજે જવાબ આપ્યો ‘ મારા રાજમાં સુખેથી રહો, ને જે કંઇ ઠીક હોય તે કરો.

બીજે દહાડે સેતાને ચોટામાં જઇ માણસોને એકઠા કર્યા. તેની પાસે મહોરોની થેલી હતી ત બોલ્યો.

“ તમે લોકો ઢોરની માફક રહેતા જણાઓ છો, માણસને છાજે તેમ રહેતાં તમને બતાવું એ પ્રમાણે ઘર બાંધવામાં મને મદદ કરો. મારી દેખરેખ નીચે તમારે કામ કરવું ને હું તમને મહેનતાણા બદલ સોનાની મહોરો આપીશ. ”

આટલું કહી તેને મહોરો બતાવી.

મહોરો જોઇ અચંબો પામ્યા. તેઓમાં નાણાનું ચલણ નહતું, તેઓ એક બીજાની સાથે માલનુ સાટું કરતા, ખેડુતો દાણાઓથી કાપડીયા પાસેથી કાપડ લે, મજુર જોઇએ તો દાણો દઇ મજુરી

લીએ. 'આ કેવાં ચકચકીત ચકતાં છે,' એમ કહીતેઓ હસવા લાગ્યા

લોકોની આંખને ચકતાં ગમ્યાં તેથી તેઓ તો વગર વિચાર્યે પોતાનો માલ સેતાનને આપી મહોરો એકઠી કરવા લાગ્યા.

સેતાન રાજી થયો. તેણે વિચાર્યું " હવે મને લાગ ફાવ્યો છે. લોકોનો બધો માલ લઇ લઇશ ને તેઓને પાયમાલ કરી શકીશ."

પણ સેતાનની ગણતરી ખોટી પડી, લોકો કંઇ નાણું સમજીને મહોરો નહોતા લેતા. તેઓને મન તો સિક્કા તે રમકડાં હતાં તે બધી મહોરો પોતાનાં છોકરાં છૈયાંને આપી દેતા હતા. જ્યારે સિક્કાની છત થઇ એટલે લોકો તે લેતા બંધ પડી ગયા.

દરમીયાન સેતાનનો મહેલ પુરો ચણાયો ન હતો તેના કોઠારમાં તેને જોઇતો હતો, એટલો દાણો પણ એકઠો નહોતો થયો એટલે તેણે મજુર વિગેરેને બમણા સિક્કા આપવાનું કહ્યું.

મજુરો કે ખેડુત શાના આવે? તેઓને સેતાનની મજુરી પેટને ખાતર કરવાની હાજત ન હતી. કોઇ વેળા છોકરાંઓ સેતાનની પાસે પહોંચી જાય ને થોડાં બોર આપી સિક્કા રમવાને સારૂ લઇ આવે. બોરથી કંઇ સેતાનનું પેટ ન ભરાય. એટલે સેતાનને તો છતે નાણે ખાવાના સાંસા પડવા લાગ્યા.

તે ઠેકાણે ઠેકાણે ભમવા લાગ્યો ને તેણે મહોરો આપી ખાવાનું માગ્યું. સહુએ કહ્યું કે તેઓના પાસે રમકડાં પુષ્કળ હતાં એટલે ન જોઇએ.

એક ખેડુતને ત્યાં જતાં તેને નીચેનો જવાબ મળ્યો " ભાઇ, મારે તારી મહોરો તો ન જોઇએ. પણ જો તું ભુખ્યો હોય તો ઇશ્વર પ્રીત્યર્થે તને ખાવાનું આપીએ."

ઇશ્વરનું નામ સાંભળતાં જ સેતાન નાઠો. ઇશ્વરનું નામ જ્યાં લેવાય ત્યાં સેતાન ઉભો પણ શાનો રહે? તો પછી ઇશ્વરને નામે કંઇ તે ખાવાનું લીએ?

સેતાન હવે મુંઝાયો. પૈસા સિવાય બીજું તો તેની કને હોય

શું ? કામનું તો નામ નહીં. જો મજુરી કરીને પેટ ભરે એવી સ્થિતિ હોય તો પછી સેતાન કેમ ગણાય ? હવે તે ગુસ્સે થયો ને બોલી ઉઠયો.

" તમે લોકો જાનવરથી પણ ખરાબ છો. અક્કલના તો બારદાન લાગો છો. પૈસાથી આખું જગત લેવાય પણ તમને તો ગમે તેટલા પૈસા આપું છતાં અસર નથી, "

લોકો બોલ્યાઃ " અમે તારા પૈસાને શું કરીએ ? અમારે કરવેરા નથી ભરવા પડતા. "

આમ સેતાન અનાજ વગર ભુખે દિવસ ગુજારવા લાગ્યો.

## પ્રકરણ ૧૩ મું.

સેતાન ભુખે મરવા લાગ્યો એ વાત લોકોએ મુરખાને કહી, મુરખો બોલ્યોઃ " આપણે તેને ભુખે ન મરવા દેવો. બધાએ એક એક દિવસ ખાવાનું આપવું. "

સેતાન નિરુપાય થયો. તેને ભીખ કબુલ કરવી પડી એક દહાડો તે મુરખાને ઘેર વારા પ્રમાણે ખાવા આવ્યો ( મુરખરાજને ત્યાં રાજા રૈયત વચ્ચે આવી બાબતમાં ભેદ ન હતો. ) મુંગી ખાવાનું તૈયાર કરતી હતી. મુંગી અનુભવી હતી; ઘણીવાર આળસુ લોકો કંઈ કામ કર્યાં વિના વહેલા ખાઈ જતા, આથી મુંગી અકળાએલી. માણસના હાથ ઉપરથી તે જાણતી કે માણસો મહેનતુ છે કે આળસુ. જેના હાથ ઉપર કોદાળીનાં આંટણુ ન પડયાં હોય તેને આળસુ માની, આંટણુવાળા માણસો જમી રહે તે પછી આળસુ માણસોને તે ખાવાનું દેતી.

હવે મુંગાએ સેતાનના હાથ જોયા. તે તો લીસા ને આંટણુ વિનાના હતા. એટલે મુંગીએ તેને ઇશારો કરી સમજાવ્યું કે તેને મજુરો ખાઇ લેશે પછી ખાવાનું મળશે.

મુંગીની માયે સેતાનને સમજ પાડી. સેતાન શરમાયો, ને નારાજ થઇને બોલ્યોઃ "તમારો કાયદો તો આંધળો લાગે છે. બધા માણુસોએ અંગમહેનત કરવી જોઇએ એવું તોં મેં તમારા રાજમાં જ જોયું. શું તમે એમ માનો છો કે અક્કલવાન માણુસોએ પણુ મજુરી કરવી પડે ?"

મુરખરાજ બોલ્યોઃ એ તો મને ખબર ન પડે. અહીં તો બધું કામ હાથે ને પગે થાય છે."

સેતાને કહ્યુંઃ "માણુસો અક્કલ વિનાના છે તેથી જ. તો પણુ મગજશક્તિથી કેમ કામ કરવું એ હું તમને બધાને શીખવી શકું છું પછી તમને માલુમ પડશે કે હાથ પગ વડે કામ કરવા કરતાં મગજ વડે કામ કરવું એ વધારે ફાયદાકારક છે."

મુરખરાજ તાજુબી પામ્યો ને બોલ્યોઃ "ત્યારે તો હું મુરખ કહેવાઉં છું એમાં કંઇ ખોટું નહીં."

સેતાને પોતાનું ભાષણુ જારી રાખ્યુંઃ "પણુ એટલું યાદ રાખવું કે મગજથી કામ કરવું એ સહેલ નથી. મારા હાથ ઉપર આંટણુ નથી તેથી તમે લોકો મને આળસુ ગણી બીજાની પછી ખાવાનું આપો છો. તમે ખાતરીથી માનજો કે હાથથી કામ કરવા કરતાં મગજથી કામ કરવું એ સો ગણું મુશ્કેલ છે. કેટલીક વાર મગજ ચીરાઇ જાય છે."

મુરખરાજ વિચારમાં પડયો ને બોલ્યો "એમ છે તો એટલી તકલીફ શાને સારૂ વેઠો છો ભાઇ? માથું ચીરાય એ કંઇ ઠીક લાગતું હશે? હાથ પગ વતી સહેલું કામ કરવું એ ઠીક નહીં?"

સેતાન બોલ્યોઃ "હું એટલા તકલીફ તમો લોકોને સારૂ ઉઠાવું છું. જો હું તેમ ન કરૂં તો તમે બધા સદાયના મુરખા રહો. મુરખને જ્ઞાન આપવું એ જ અમારા જેવા માણુસોનું કામ છે, તેથી અમે પરમાર્થી કહેવાઇએ છીએ. મને મગજથી કામ કરતાં આવડે છે તે બધું તમને બધાને શીખવવા તૈયાર છું."

મુરખ વધારે વિચારમાં પડયો ને બોલ્યો: "ત્યારે તો, ભાઇ અમને જરૂર શીખવ, અમારા હાથ પગ થાકશે ત્યારે અમે મગજનો ઉપયોગ કરીશું."

સેતાને શીખવવાનું વચન આપ્યું. મુરખરાજે લોકોમાં જાણ કરી કે એક ગૃહસ્થે લોકોને મગજવતી કામ કરતાં શીખવશે, જ્યારે તેઓના હાથ પગ ભાંગે ત્યારે મગજ વાપરવું ને મગજથી વધારે કામ થાય છે એમ તે ગૃહસ્થ કહે છે.

મુરખરાજના ગામમાં એક ઉંચો મીનારો હતો. તેને ઉંચી ને સીધી સીડી હતી. તે મીનારા ઉપર સેતાનને મુરખે મોકલ્યો કે જેથી બધા લોક તેને જોઈ શકે ને સાંભળી શકે.

સેતાન અગાસીએ ચઢયો. લોકો તેને જોવા ને સાંભળવા આવ્યા. લોકોના મનમાં તો એમ હતું કે હાથને બદલે મગજ કેમ વાપરવું તે કંઇક કળા કરી સેતાન શીખવશે. તેને બદલે સેતાને તો ભાષણ શરૂ કર્યું. ને લોકો અંગ મહેનત કર્યા વગર કેમ નભી શકે એ બોલવા લાગ્યો. લોકો તો આ બધું ન સમજ્યા. થાકીને પોતપોતાને કામે ચઢયા.

સેતાન તો બરાડા પાડયા જ કરે. આવતા જતા લોકો સાંભળે ઉંચે જુવે ને ન સમજે એટલે ચાલતા થાય. અગાશી ઉપર ખાવાનું હતું નહીં. સહુના મનમાં હતું કે મગજથી કામ કરી સેતાન પોતાના ખાવાનો બંદોબસ્ત કરતો હશે એટલે કોઇને ખાવાનું પહોંચાડવાનું ન સુજયું.

મુરખરાજે પુછાવ્યું: "કેમ પેલા ગૃહસ્થે મગજવતી કામ કરતાં શીખવ્યું કે?"

લોકો બોલ્યા "ના જી, તે તો હજુ બોલ બોલ કર્યા કરે છે."

બોલતો બોલતો સેતાન થાકયો. ભુખથી નબળો પડયો. તે લથડયો ને અગાસીની દીવાલ સામે તેનું માથું પછાડયું. આથી લોકોને લાગ્યું કે ગૃહસ્થે મગજથી કામ કરવાનું શરૂ કર્યું. મુરખરાજને

ખબર મળી કે ગૃહસ્થ હવે મગજવતી કામ કરવાનું બતાવવા લાગ્યો છે.

આ સાંભળી મુરખ મીનારા પાસે આવ્યો, મુરખ પહોંચ્યો ત્યારે તો સેતાન તદ્દન લેવાઇ રહ્યો હતો તેથી તેનું માથું પછડાયા જ કરતું હતું. તે ઉતરવા ગયો પણ પગમાં જોર નહી તેથી તે પગથીએ પગથીએ માથું પછાડતો નીચે પડ્યો.

મુરખ બોલ્યો: " ગૃહસ્થ કહેતો હતો એ વાત તો ખરી. તે કહેતો હતો કે કેટલીકવાર મગજવતી કામ કરતાં તે ચીરાઈ જાય છે, આ તો હાથમાં આંટણ પડે તેના કરતા પણ ખરાબ કહેવાય. આવી રીતે કામ કરતાં તો માથા ઉપર મોટાં ઢીમડાં ઉડશે. "

મુરખ તેની પાસે જઇ તેણે કર્યું તે તપાસવા જતો હતો. પણ સેતાન જેવો નીચે પડ્યો. કે તુરત ધરતીમાં સમાઇ ગયો ને માત્ર તે જગ્યાએ ખાડો જોવામાં આવ્યો.

મુરખરાજ હવે સમજ્યો કે સેતાન પડ્યો તે કંઇ કામ કરતાં નહીં, પણ તમરી ખાવાથી પછડાયો. તે બોલ્યો: " આ તો પેલા ગુલામ આવેલા તેનો બાપ જણાય છે. "

આમ સેતાનનું મુરખાની પાસે બળ ન ચાલ્યું. મુરખરાજના રાજ્યમાં તો ઘણા સારા માણસો એકઠા થવા લાગ્યા. તેના બંને ભાઇ તેને શરણે આવ્યા. તેઓ મુરખાની સાદી પણ ભવ્ય રહેણીનું રહસ્ય સમજ્યા. તેઓએ પણ તેની સાદાઇ પકડી, ને સહુ નીતિ ધર્મ સાચવી, સત્યનું સેવન કરી અંગ મહેનત કરી સુખેથી કાળ ગુજારવા લાગ્યા.

સમાપ્ત.

અર્ધિ કિંમતે પુસ્તકો-પાકા પુંઠાનાં તત્વજ્ઞાનનાં પુસ્તકો

અર્ધિ કિંમતે.

# શ્રી અધ્યાત્મ જ્ઞાનપ્રસારક ગ્રંથમાળા

આ ગ્રંથમાળાના ગ્રાહક થનારને તત્વ જ્ઞાનનાં, અધ્યાત્મ જ્ઞાનથી ભરપુર પુસ્તકો—એજ કાગળનાં અને પાકા પુઠાનાં અધીં કીંમતે મળશે.

પ્રવેશ ફીનો રૂ. ૧ એક ભરી ગ્રાહક થવાય છે તે પછી દરેક પુસ્તક અર્ધી કિંમતે મળે છે. પ્રથમ પુસ્તક.

## શ્રીમદ શંકરાચાર્ય.

આ પુસ્તક ક્રાઉન સાઈઝનું દળદાર છે જેમાં શ્રીમદ્ શંકરાચાર્યનું સંપૂર્ણ જીવનચરિત્ર તેમણે કરેલા દિગ્વિજય સાથે છે. તેની કીંમત રૂ. ૪—૦ છે. છતાં ગ્રંથમાળાના ગ્રાહક થનારને તે માત્ર રૂ. ૨—૦—૦ માંજ મળશે. પુસ્તકો દળદાર અને પાકા પુઠાનાં આવશે; બીજાં પુસ્તકો.

તત્ત્વવિચાર દર્શન—પ્રથમ પ્રવાહ; યોગવિદ્યા, સિદ્ધ મહાત્માઓનાં જીવન ચરિત્રો વિગેરે હવે પછી પ્રકટ થશે. દરેક પુસ્તક ૩૦૦ થી ૫૦૦ પાનનું થશે. ગ્રંથમાળાના ગ્રાહક નહિ હોય તેને પૂરી કીંમતે પુસ્તકો મળશે. માટે આજેજ આ ગ્રંથમાળાના ગ્રાહક થવા લખોઃ—

સંપાદક અધ્યાત્મ જ્ઞાનપ્રસારક કાર્યાલય.

અમદાવાદ.

દરેક ઘરમાં રાખવા લાયક, વાંચી મનન કરવા લાયક

## સ્વધર્મનિષ્ટ દૈવીજીવન

અને

## ધર્મસંસ્થાપક મહાપુરૂષોનાં જીવન ચરિત્રો

આ પુસ્તકની અંદર તત્વજ્ઞાન, ધર્મ અને નીતિનાં આખ્યાનો ઉપરાંત સ્વધર્મનિષ્ટ, ધર્મ સંસ્થાપક મહાન પુરૂષોનાં જીવનચરીત્રોનો સમાવેશ છે. જેમાં ઈશ્વરના ૨૪ અવતારોનાં જીવન, મહાન પુરૂષોનાં જીવન, જૈનોના ૨૪ તીર્થંકરોનાં જીવન, મહમદ પેગંબર, બુદ્ધ મહાત્મા, શ્રી વલ્લભાચાર્ય, સહજાનંદ સ્વામી, ગૌરાંગ પ્રભુ, વિવેકાનંદ, રામકૃષ્ણ રામતીર્થ, રામદાસ સ્વામી, જ્ઞાનદેવ, તુકારામ, ગોરખનાથ વિગેરે ૧૫૦ મહાન પુરૂષોનાં જીવન ચરીત્રોનો સમાવેશ છે, ૫ કુ પુઠું એન્ટીક જાડા કાગળો કીંમત માત્ર રૂ ૫—૦—૦

## એકાગ્રતા અને દિવ્યશક્તિ.

આ પુસ્તકમાં મનને સ્થિર કરવાની કળા, આત્મા સાથે એકાગ્રતા કરી દિવ્યશક્તિઓ શી રીતે પ્રાપ્ત કરવી તે સંબંધી અનેક વિષયો છે. કીંમત માત્ર રૂ.૧—૮ આજેજ મંગાવો

વ્યવસ્થાપક ભાગ્યોદય અમદાવાદ